કોઈ પણ ધર્મના પક્ષપાત વગર રચાયેલું

મનુષ્ય કર્ત્તવ્ય

અને

ધર્મશાસ્ત્રના સિદ્ધાન્તો.

પ્રસિદ્ધ કર્ત્તા,
રામપ્રસાદ લક્ષ્મણપ્રસાદ મિશ્ર.
ધીકાંટા હરગોવન કેવળની પોળ—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૨૦૦

અમદાવાદ.
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.
સંવત્ ૧૯૬૯ સને ૧૯૧૩
કિંમત રૂ. ૦-૪-૦.

પ્રસ્તાવના.

ગુજરા[illegible] ઘણાં પુસ્તકો છપાવાથી, લોકો એમ કહે છે કે કેટલાં પુસ્તકો વાંચવાં? પુસ્તકોનો કંઇ ભાવ પણ પૂછાતો નથી, પુસ્તકો તો પડીકાં બાંધવાના કામમાં આવે છે!

આગલા વખતમાં ધર્મશાસ્ત્રનાં પુસ્તકોની દેવની માફક પૂજાઓ થતી હતી, તેના બદલામાં હાલના લોકો પુસ્તકને પૂરૂં વાંચી શકતા નથી; ધર્મનાં પુસ્તકોનો હાલમાં આટલો બધો અનાદાર થવાનું કારણ શું? **મને તો પાંચ કારણો માલમ પડે છે:—**

૧—પુસ્તક રચનાર તથા છપાવનારને **શુદ્ધ પ્રેમ** હોતો નથી;

૨—**માન** તથા **પૈસાના** લોભથી પુસ્તક પ્રકટ કરવામાં આવે છે;

૩—**વહેપાર** કરવાને અર્થે, બીજા પાસેથી વેચાતું લખાણ લઇને છપાવવામાં આવે છે;

૪—પોતાનો જે **ધર્મ** હોય તેનો **પક્ષપાત** કરીને પુસ્તક રચવામાં આવે છે, એટલે પુસ્તકનો વિષય નિષ્પક્ષપાત રીતે ચર્ચાયલો નહિ હોવાની ન્યૂનતા રહે છે.

૫—શરૂમાં લખનાર એક, છપાવનાર બીજો, અને પ્રુફ સુધારનાર ત્રીજો; એવી રીતે એક પુસ્તકમાં ત્રણની **પ્રકૃતિ**; તથા ત્રણનો **ધર્મ**; અને ત્રણનો **સ્વાર્થ**; અને જુદા જુદા વિચારથી લખવામાં આવવાથી લોકોને ખરૂં **સત્ય** સમજાતું નથી.

ઉપર બતાવેલાં પાંચ કારણોમાં લખ્યા પ્રમાણે ઘણાં પુસ્તકો પ્રકટ થવાથી, લોકોના મનમાં ખોટું અને ખરૂં શું તે નહિ સમજવાથી હાલના સમયનાં પ્રકટ થએલાં પુસ્તકોનો અનાદાર થાય છે; હું એમ નથી કેહેતો કે, બધાં પુસ્તકો સારાં પ્રકટ થતાં નહિ હોય! પણ ઉપર બતાવેલા રૂપમાં ઘણાં થવાથી, અને સારાં થોડાં હોવાથી તે દબાઇ જાય છે, તેથી કેટલાંક સારાં પુસ્તકો વાં-

ચવાનો લાભ પૂરો મળી શકતો નથી; જેમ દશબાર મણુ કચરાના ઢગલામાં એક તોલો સોનું પડી ગયું હોય તો સાધારણુ માણુસને ખબર પડે નહિ, તેવીજ રીતે સારાં પુસ્તકોથી લોકો અજાણુ રહે છે.

સર્વે સદ્‌ગૃસ્હથોને અને જિજ્ઞાસુઓને મારે વિનંતિ કરવાની છે કે–ઉપર બતાવેલાં પાંચ કારણોમાં લખેલી બાબતો સિવાય તથા સ્વાર્થ, કે કોઈ પણુ ધર્મના પક્ષપાત વગર આ પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે, માટે વાંચીને મનન કરશો એવી આશા છે.

આ પુસ્તકનું નામ "મનુષ્ય કર્ત્તવ્ય અને ધર્મશાસ્ત્રના સિદ્ધાન્તો" રાખ્યું છે; અને તેના વિષયો પચીસ છે. કોઇ પણુ ધર્મ વિષે સારી રીતે સમજ પડે એમ સરળ રીતે અને સત્ય માર્ગે લખવામાં આવ્યું છે, માટે તેમાં બતાવેલા માર્ગોમાંથી જે યથાર્થ લાગે તે ગ્રહણુ કરી પોતાના આચરણોમાં લાવનાર પુરૂષને સંસારમાંની કોઇ પણુ અડચણુ વગર પોતાનું મોક્ષ સાધન સુલભ થાય તેમ છે, જે વાંચવાથી ખાત્રી થશે.

હાલના સમયમાં કેટલાક મનુષ્યોને ઉપદેશો અને લખાણો લંબાણુથી વાંચવા કંટાળો આવવાથી મેં તે ઉપર ખાસ વિચાર રાખીને આ પુસ્તક ગુજરાતીમાં ફક્ત ટુંકી ટીકા રૂપે લખ્યું છે, માટે વાંચનાર ગૃહસ્થોને કંટાળો નહિ થવા સંભવ છે.

ગુજરાતી મારી ભાષા નહિ હોવાથી, તથા સંસ્કૃત વ્યાકરણુ વિગેરેનું કંઇ પણુ જ્ઞાન જોઇએ તેવું નહિ હોવાથી, તથા અલ્પમતિથી અને ફક્ત ઈશ્વરની સહાયતાથી આ લઘુ પુસ્તક બહાર પાડવાનો નિશ્ચય કર્યો છે, એમાં કંઇ દોષ જોવામાં આવે તો સજ્જનો એ માફ કરી સુધારી વાંચશે. ઇત્યલમ્

લી.

એક જિજ્ઞાસુ.

અનુક્રમણિકા.

મનુષ્ય કર્ત્તવ્ય

અને

ધર્મશાસ્ત્રના સિદ્ધાન્તો.

ઈશ્વર સાકાર છે કે નિરાકાર ?

આજકાલ જમાનાનો રંગ જુદો છે! હિંદપર અનેક પ્રસંગો બની ચૂકયા છે. હાલના શાંતિસામ્રાજ્યમાં ન્યાયી બ્રિટીશ સરકારના છત્ર તળે હિંદી પ્રજામાં કેળવણીના પ્રભાવે અનેક વિષયો પર જુદી જુદી રીતે ઘણા ઘણા ઉહાપોહ થવા લાગ્યા છે અને તેજ રીતે આજના કેટલાક અજ્ઞાનીઓ પણ તત્વ સમજ્યા વિના ખોટા ખોટા વાદવિવાદ કરીને, આ શાન્ત સમયની શાન્તિનો ઉપભોગ લેવાને બદલે નિરર્થક અન્તર્વિગ્રહ ઉઠાવે છે, એ જોઇ સર્વ કોઇ સહૃદયહૃદયી–દેશહિતૈષીનું અંતર કલુષિત થાય અને તેઓ દીન મુખે–ખિન્ન હૃદયે તે અન્તર્વિપ્લવની શાન્તિના પ્રયાસો આદરે તેમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી. ધર્મની બાબતમાં, અમુક રીતિ રિવાજોમાં, અને છેક ઈશ્વરના સ્વરૂપની, બાબતમાં પણ આ પ્રકારે તે અજ્ઞાનીઓ અનેક અસત્ય કલ્પનાઓ ઉઠાવીને પોતાની ગ્રામ્યતાનો પરિચય આપે છે. કેટલાક કહે છે કે ઈશ્વર સાકાર છે અને તેનું મૂર્તિ રૂપે પૂજન કરવું

જોઇએ; એજ ખરૂં છે અને મૂર્તિ નહિ માનનારા નાસ્તિકો છે; ભ્રષ્ટ છે, મૂર્ખ છે? હવે બીજા કેટલાક એમ કહે છે કે ઈશ્વર નિરાકાર છે. અનિર્વચનીય છે. એને સ્વરૂપ નથી, એની મૂર્તિ હોઇ શકે નહિ, મૂર્તિ તો કલ્પિત છે; એ તો ઢોંગ છે. વિગેરે વિગેરે! હવે આપણે એ બન્ને મતાવલમ્બીઓને જરી શાન્તિ માટે તક આપીએ અને ઈશ્વરના સાકાર–નિરાકારપણુમાં શું વિશેષ છે તે જોઇએ!

આપણે પેહેલો સાકારનો વિચાર કરીએ.

વેદમાં કહ્યું છે કે, ઈશ્વર સૂક્ષ્મથી સૂક્ષ્મ છે, અને મોટામાં મોટો છે, અને આખું જગત **વિરાટ્**મય ઈશ્વરરૂપ છે, એટલે જગત એજ **વિરાટ્**રૂપ છે, ત્યારે જગતના કોઈ ભાગની પૂજા કરીએ તો, તેથી **વિરાટ્**ની પૂજા થઇજ ચકી એમાં કંઇ સંશય નથી. દાખલા તરીકેઃ—

કોઇ ખીજમતદાર, અથવા ચાકર; પોતાના શેઠના શરીરનો કોઇ એક ભાગ, અથવા એક પગ દબાવતો હોય તો, બીજા જોનારા માણસો એમજ કહે કે શેઠની ચાકરી કરે છે; અને શેઠ પણ તેથી ખુશી થાય છે; તેજ પ્રમાણે ઈશ્વરનું **વિરાટ્**રૂપ સમજવાની શક્તિ ના હોય અને **વિરાટ્**ના એક ભાગની સેવાપૂજા કરે તો તેથી **નિરાકાર**પર પ્રીતિ વાળાનું શું બગડે છે, શું તેથી પાપ લાગે છે?

બીજો દાખલો—થોડા સમયપર અમદાવાદમાં શાહીબાગમાં દરબાર ભરાયો હતો, અને ત્યાં એક ખાલી ખુરશી નામદાર વાઇસરાય સાહેબની રાખીને બધા દેશી રાજાઓ તેને

સલામ કરતા હતા; તે સલામ નામદાર વાઇસરાય સાહેબને પહોંચતી હતી; તેમજ મર્હૂમ માયાળુ શહેનશાહ એડવર્ડના રાજ્યારોહાણ નિમિત્તે દિલ્લીમાં મોટો દરબાર ભરાયો ત્યારે આપણા નામદાર શેહેનશાહ એડવર્ડ સાહેબના નામની એક ખાલી ખુરશી રાખીને તેમને બધા દેશી રાજાઓ સલામ કરતા હતા, અને જો કોઈ દેશી રાજાને બરાબર સલામ કરતાં ના આવડે તો તે તેમની કસુર ગણાતી હતી.

નિરાકારસ્નેહી મિત્રોએ જરા વિચાર કરવો જોઇએ કે, જ્યારે નામદાર શહેનશાહની ખાલી ખુરશીને માન આપવામાં આવતું, તે માન ઇંગ્લાંડ પહોંચી શકતું હતું; તો આ જગત કે જે ખરે ઈશ્વરના અવયવ રૂપ મૂર્તિમાન છે, તેની સેવા થતાં તેજ પ્રભુને તે પોતાની પૂજા નથી: પહોંચતી શું ?

ત્રીજો દાખલો—તમારા કોઇ મિત્ર, સ્નેહી, ગુરૂ, કે માતા, પિતા વિગેરેની છબીથી તમે કેમ ખુશી થાઓ છો ? શું એક પૈસાના કાગળમાં તમારાં માતપિતા આવી ગયાં કે ? ત્યારે તમે કહેશો કે, હમે ફોટો લીધો છે; પણ હું કહું છું કે, તમારાં માતપિતાનું શરીર માંસ, રૂધિર, હાડકાં વગેરેનું બનેલું છે, તો તેમાંનું કોઇ પણ અંગ અહીં તો કંઇ દેખાતું નથી ? પણ નહિ ! આપણી સદ્ભાવના, આપણી મનોભાવના તેઓના એ સ્વરૂપને નિહાળીને ખુશી થાય છે અને આપણી મનોભાવનાદ્વારા આપણે તે કાગળમાં તેમનામાં રહેલા માતૃપિતૃભાવને આરોપિત કરીએ છીએ, જેથી તે આપણને પૂજ્ય છે અને આપણે તેમના તરફ સદ્ભાવના દર્શાવીએ છીએ. તેવીજ રીતે હમારા

પવિત્ર ધર્મશાસ્ત્રોના આધારે તે ઈશ્વરનો ફોટો છે, પણ તે ફોટો તો એવો છે કે, તેમના વિરાટ્‌રૂપ શરીરનો અગર તેના અંગનો છે; અરે તેમના શરીરનું પ્રત્યક્ષ અંગજ છે.

વળી આ નીચે જુદા જુદા મહાત્માના ઉપદેશના દાખલા આપું છું તે પર જરા ધ્યાન આપશો!

મહાત્મા શ્રીમન્નથુરામ શર્માં પોતાના શ્રી બોધ-કલ્પલતા નામક પુસ્તકના પર્ણ ૧૧ ના પૃષ્ટ ૬૧ માં લખે છે:—

"પ્રાયશઃ વિશ્વમાંના સર્વ ધર્મમાં પ્રાપ્તવ્ય, વસ્તુ પરમાત્મા છે, માત્ર તેને પ્રાપ્ત કરવાના ઉપાય રૂપ માર્ગો, દેશ, કાલ, ને અધિકારભેદે માત્ર ભિન્ન ભિન્ન છે; પ્રાપ્તવ્ય વસ્તુ તો વસ્તુતાએ અનેક નથી, પણ એકજ છે, માત્ર તેનાં નામાદિજ ભિન્ન ભિન્ન છે; જેમકે આપણે જળને **પાણી** કહીએ છીએ, નાના બાળકો **ભૂ** કહે છે, યુરોપિયનો **વૉટર** કહે છે, ને મુસલમાનો **આબ** કહે છે. વળી બાળક જળનું એક પ્રકારનું સ્વરૂપ સમજે છે, ને રસાયણી તેનું બીજા પ્રકારનું સ્વરૂપ સમજે છે, જેમ ભાષા ભેદે તથા અવસ્થા ભેદે જળના નામમાં તથા તેના સ્વરૂપની સમજમાં ભેદ હોય છે, પણ તે જળ વસ્તુ ભિન્ન નથી પણ એકજ છે! તેવીજ રીતે એક **પરમાત્માનાં, પરમેશ્વર, જીહોવા, ગૉડ,** ને **અલ્લાહ** ઇત્યાદિ ભિન્ન ભિન્ન નામો પૃથ્વીપરના ભિન્ન ભિન્ન દેશના લોકોએ પોતપોતાની ભાષામાં આપ્યાં છે, તે તે દેશમાંના પ્રચલિત ધર્મમાં કહેલા ઉપાયો વડે દંભ અને કપટ-

ના ત્યાગપૂર્વક જો અંતઃકરણની શુદ્ધિ કરવામાં આવે તથા પુનઃ પુનઃ તેમાં અંતઃકરણ વૃત્તિને ધારણ કરવા રૂપ ઉપાસના કરવામાં આવે, અને સત્ય જાણવાની તીવ્ર ઇચ્છા હોય, તો જ્ઞાનની સામગ્રીની પ્રાપ્તિ થઈ પરિણામે તે કૃતાર્થ થાય છે. પામર અને વિષયી જનો પોતપોતાની પરંપરાથી પ્રાપ્ત ધર્મનું યથાર્થ સ્વરૂપ જાણ્યા વિના માત્ર ઉપરના સ્થૂલ સ્વરૂપને ઉપર ટપકે જાણી લઈ પરસ્પરમાં વિવાદ કરે છે, તેમાં તેમનોજ દોષ છે; જેમ એક માબાપનાં અજ્ઞાન છોકરાં પોતાનાં માબાપ એકજ છે, એ વાતના અજ્ઞાનથી પરસ્પરને ગાળો દે છે, પણ વિચાર કરતાં નથી, કે, તે ગાળો અન્યને નહિ પણ પોતાનાં માબાપનેજ લાગુ પડે છે, તેમ સર્વ ધર્મ વડે પ્રતિપાદ્ય પરમાત્મા એકજ હોવાથી એક મતવાળા બીજા મતના ઈશ્વરની નિંદા કરે તો તે પોતાના ઈશ્વરનીજ નિંદા કરે છે. વિવેકીએ પોતાના અધિકાર પ્રમાણે યથાયોગ્ય પ્રયત્ન કરી પોતાના **આત્માનો ઉદ્ધાર** કરવાનો છે, અન્યની નિંદા કરવારૂપ પાપ કર્મમાં કાળક્ષેપ કરવાનો નથી. જેઓ પોતાના દોષ જોવા યત્ન કરતા નથી, ને પોતાના ધ્યેય–જ્ઞેયને ઉપાસવા–જાણવા યત્ન કરતા નથી, પણ અન્યના ધ્યેય–જ્ઞેયની નિરર્થક નિંદામાંજ કાળક્ષેપ કરે છે, તે પોતે પોતાનુંજ અહિત સાધે છે.”

મહાત્મા રામકૃષ્ણ પરમહંસના બોધવચન.

૩૨ માં કહ્યું છે કે—ઈશ્વર સાકાર છે તેમજ નિરાકાર છે. પણ એ કેવળ સાકાર ન કહેવાય તેમજ કેવળ નિરાકાર પણ ન કહેવાય. એ પોતે શા સ્વરૂપે છે તે પોતેજ કહી શકે.

બોધવચન ૩૩ મું—ભક્તિમાર્ગે અમુક અંશે ચહડયા પછી ભક્તને સાકાર સ્વરૂપથી સંતોષ તથા આનંદ પ્રકટે છે, અને ભક્તિની અમુક કળાએ પહોંચ્યા પછી એજ પરમાત્માના કેવળ નિરાકાર સ્વરૂપથી સંતોષ તથા આનંદ પ્રકટે છે.

બોધવચન ૩૪ મું—પરમાત્માનું સાકાર સ્વરૂપ દ્રષ્ટિગોચર થાય છે અને જેમ આપણા પ્રિયતમ મિત્રને મળીએ, ભેટીએ વગેરે કરીએ, તેમ આપણા ઇષ્ટ પ્રભુને પણ મળીએ ભેટીએ વગેરે કરી શકીએ.

બોધવચન ૩૫ મું—જેમ એક વખત હું સવસ્ત્ર હોઉં છું અને બીજી વખત નિર્વસ્ત્ર–દિગંબર હોઉં છું. તેમ બ્રહ્મતત્ત્વ એક વખત સગુણ સ્વરૂપે અનુભવાય છે, અન્ય સમયે નિર્ગુણ વા ગુણાતીત સ્વરૂપે અનુભવાય છે.

બોધવચન ૩૬ મું—જેમ પાણી ઠરી જઇને બરફ બને છે, તેમ સર્વ શક્તિમય પરમાત્માનું ઇંદ્રિયગોચર સ્વરૂપ એ સર્વવ્યાપક નિરાકાર બ્રહ્મતત્ત્વનું સ્થૂલ સ્વરૂપ છે. સત્ય રીતે એ સત્, ચિત્ અને આનંદ આ ત્રણ ધર્મોનું સ્થૂલ મૂર્તિમાન સ્વરૂપ ગણાય. જેમ જળનો એક સ્થૂલ વિભાગ જે બરફ તે કેટલોક કાળ જળમાં રહે છે અને પછી તેમાં પીગળી જાય છે, તેમ ઇશ્વરાવતાર અથવા લીલાવિગ્રહ એ નિરાકાર બ્રહ્મતત્ત્વનું માયાવડે મૂર્તિમાન સ્વરૂપજ છે; એ મૂર્તિમાન સગુણ સ્વરૂપ, નિર્ગુણ નિરાકાર તત્વમાંથી પ્રકટે છે, ત્યાંજ સ્થિર રહે છે અને અંતે તેમાંજ લીન થાય છે–અદ્રશ્ય થઇ જાય છે.

બોધવચન ૪૯ મું—જ્યારે ભગવાન શ્રી રામચંદ્રજી આ સૃષ્ટિમાં પધાર્યા ત્યારે માત્ર સાત ઋષિઓએજ એમને

સાક્ષાત્ ઈશ્વરાવતારરૂપે ઓળખ્યા હતા. એજ પ્રમાણે જ્યારે પરમાત્મા આ વિશ્વમાં અવતાર ધારણ કરે છે ત્યારે થોડાજ મનુષ્યો એ પરમાત્માના દૈવી સ્વરૂપને ઓળખી શકે છે.

બોધવચન ૫૦ મું—સચ્ચિદાનંદ પરમ તત્વ એ એક મહાન વૃક્ષ છે, એ વૃક્ષ ઉપર અસંખ્ય રામકૃષ્ણ, ક્રાઇસ્ટ વગેરે તારક મહાપુરુષો થાય છે. કાળે કાળે આવા એક બે અવતારી મહાપુરુષો ભૂમિપર પ્રકટે છે અને મહાન ફેરફાર કરી નાંખે છે.

બોધવચન ૫૧ મું—ઇશ્વરાવતાર મહાપુરુષ અથવા તારક મહાપ્રભુ એ પરમાત્માના દૈવી દૂત છે. એક મહાન મહારાજાધિરાજના પ્રતિનિધિ જેવા એ છે. કોઇ દૂરના વિભાગમાં જ્યારે કોઈ અવ્યવસ્થા અથવા કંઇ તોફાન જાગ્યું હોય ત્યારે તેને શમાવવાને જેમ રાજા પોતાના પ્રતિનિધિને મોકલે છે, તેમ પરમાત્મા સૃષ્ટિના કોઇ ભાગમાં પ્રકટેલી ધર્મબળની દુર્બળતાને નિવૃત્ત કરવા પોતાના અવતારી પુરુષને ત્યાં મોકલે છે.

બોધવચન ૫૨ મું—પરમાત્મા એક સ્થાને દેહ ધારણ કરી કૃષ્ણરૂપે પ્રકટ થાય છે અને બીજે સ્થાને પુનઃ પ્રકૃતિ તત્ત્વનો આશ્રય કરી ક્રાઇસ્ટરૂપે દર્શન આપે છે. આમ ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રતીત થતા પરમાત્મા એકજ છે.

સ્વામી વિવેકાનંદનાં સત્ય વચનો.

વચન ૧૦ મું—શ્વાસ લીધા વિના જેમ જીવવું અશક્ય છે તેમ કોઇ પણ વસ્તુની મનમાં મૂર્તિ સ્થાપ્યા વિના તેનો વિચાર કરવો અશક્ય છે.

મહાત્મા રામકૃષ્ણ પરમહંસના શિષ્ય અને સ્વામીશ્રી વિવેકાનંદના ગુરૂભાઇ સ્વામી અભેદાનંદજી અમદાવાદ તા. ૨૯–૧૦–૧૯૦૬ મંગળ-વારના ઉપદેશમાં કહે છે કેઃ—

આપણામાં બહિર્પૂજા અને માનસપૂજા એવા પૂજાના બે વિધિ છે. તેમાં બહિર્પૂજામાં અનંત નિરાકાર ઈશ્વરને શિવ, વિષ્ણુ, દુર્ગા આદિનું રૂપ આપીને તેને ચિન્તનનું લક્ષ્ય બનાવે છે; તેથી તે વિધિને ગૌણ ગણીને માનસપૂજાને ઉત્તમ માનેલી છે. માટી, પત્થર, અને ધાતુની પ્રતિમાને પૂજનના ઉપયોગમાં લીધા પહેલાં તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ પ્રાણપ્રતિષ્ઠાની ક્રિયા બહુ મહત્વની ગણાય છે. પ્રથમ મનમાં ધ્યાન, પૂજન, ચિન્તન કર્યા પછી બાહારનું પૂજન કરવામાં આવે છે. જે **રામ** મંદિરમાં છે, તેજ **રામ** ભૂત–પ્રાણી માત્રમાં વ્યાપક છે; એવી કલ્પના બીજા કયા ધર્મમાં છે?

મીસીસ એનીબીસેન્ટે અમદાવાદ તા. ૧–૧૧–૧૯૦૧ ના પોતાના ભક્તિ વિષય ઉપદેશમાં બતાવે છે કે–

ભક્તિને કેળવવી કેવી રીતે? માણસને ભક્તિભાવ થાય તે પહેલાં તેણે પોતાને જેના ઉપર અંતઃકરણથી પ્રેમ હોય તેવી વસ્તુ પોતાની સન્મુખ મૂકવી જોઇએ. **નિરાકાર** ઈશ્વર ઉપર માણસની ભક્તિ ચોટી શકતી નથી, કેમકે નિરાકાર ઈશ્વરનું રૂપ અનિશ્ચિત હોવાથી તે મનુષ્ય અંતઃકરણને ખેંચી શકે તેમ નથી. માટે મનુષ્ય પોતે પોતાની ધારણા પ્રમાણે ઈ-

શ્વરનો આકાર કલ્પે છે. આ આકાર સ્વતઃ ભક્તનું મન આકર્ષે છે. આથી ઈશ્વરનાં જૂદાં જૂદાં રૂપ બનાવવામાં આવ્યાં છે. અને તેમનું વર્ણન ધર્મનાં પુસ્તકોમાં કરવામાં આવેલું છે. દાખલા તરીકે હિંદુઓના **વિષ્ણુ, મહાદેવ,** અને **બુદ્ધ**ના અવતાર, **ખ્રિસ્તી**ઓના **ક્રાઈસ્ટ,** પારસીઓના **ઝોરોએસ્ટર** અને મુસલમાનોના **અલ્લા.** આ બધાની આકૃતિયો જુદી જુદી હોય તે જોવાનું નથી, પરંતુ તે બધી ઐશ્વરી આકૃતિયો છે. ઈશ્વરના એક રૂપને જુદી જુદી રીતે આકૃતિયોમાં કલ્પ્યું છે, એમાંની ગમે તે પવિત્ર આકૃતિ મનુષ્યના અંતઃકરણ ઉપર શક્તિ ચલાવી શકશે. જ્યારે સઘળી આકૃતિયો એકજરૂપ છે ત્યારે તેમાં એકને બીજાથી વધારે સારી કેમ કહી શકાય? સર્વ જગતનો પિતા એકજ છે. મનુષ્ય જાત ફક્ત તેને એકલાનેજ પૂજે છે. જરૂર છે તે માત્ર **પ્રેમનીજ** છે, કાંઈ અમુક આકૃતિનીજ જરૂર નથી. હિંદુઓના ધર્મ પુસ્તકમાં **શ્રી કૃષ્ણે** અર્જુનને કહ્યું છે કે જે માણસ મને **પ્રેમ-શ્રદ્ધા**પૂર્વક ભોગ ધરાવે છે અને મને પત્ર-પુષ્પ ચઢાવે છે, તેનો હું સ્નેહ સહિત સ્વીકાર કરૂં છું. ભક્તિનો સ્વીકાર કરતાં ભક્તના પ્રેમનોજ હું વિચાર કરૂં છું; અને અર્પણ કરેલી ચીજો તરફ જોતો નથી. સર્વ જગતનો પિતા, આ પ્રમાણે ભક્તિથી કરેલી પૂજાનો સ્વીકાર કરે છે. નાનું બાળક પોતાની માને બોલાવતાં શુદ્ધ શબ્દોચ્ચાર કરી શકતું નથી, તોપણ શું માતાને તેના ઉપર **પ્રેમ** આવતો નથી? તે બાળકના શબ્દ તરફ જોતી નથી. કેટલાક એમ કહે છે કે ઈશ્વર થોડા જ્ઞાનવાળાં માણસો નાના શબ્દોમાં જે સ્તુતિ કરે છે તેનો સ્વીકાર, તત્વજ્ઞાનીઓ સારી ભાષામાં જે સ્તુતિ કરે છે, તેના

કરતાં ઓછો કરે છે; પરંતુ તે ખોટું છે. ઈશ્વર માત્ર **અંતઃકરણ**ની વૃત્તિ જુએ છે, અને શબ્દ જોતા નથી. ઈશ્વરનાં નામ ગમે તે હો તેની હરકત નહિ. મનુષ્યને ભક્તિભાવ થાય તે સારૂ તેણે ભક્તિના વિષયની **મૂર્તિ** જોવી જોઇએ. સૂર્યમુખી ફૂલ સૂર્યને જોઇને જેમ ખીલે છે તેમ ભક્તિ **મૂર્તિ**ને જોઈને સ્ફુરે છે.

સ્વામી શ્રી હંસસ્વરૂપકૃત પ્રતિમાપૂજનમાં લખ્યું છે કેઃ—

જેમને હાલની પાઠશાળાઓનું એકદેશીય શિક્ષણ મળ્યું છે, તેવા યુવકો કહે છે કે ઘઉંના ઘઉં અને બાજરીની બાજરી; તથા ગાય દૂધ દે છે, એ ન્યાયે ખાવું પીવું એજ ખરૂં છે. **'ऋणं कृत्वा घृतं पिबेत्'** સ્વર્ગ નરક, જુઠું છે. એ સર્વ વાગ્જાલ છે; એવા કાલ્પનિક વિચારો નકામા છે. આવા વિચાર એ નાસ્તિકવાદ છે. અગાઉના મહાન વિદ્વાન અને ધર્મવેત્તાઓ વચ્ચે આસ્તિક નાસ્તિક સંબંધે વાદવિવાદ થતાં આખરે આસ્તિકવાદનું પ્રાધાન્ય ઠર્યું છે, વળી નિરાકાર દેવની ભક્તિ કે આત્મોપાસન એ કાંઇ સહેલું નથી તે પ્રાપ્ત કરવા માટે મનનો **તીવ્ર વૈરાગ્ય** હોવો જોઇએ; ગીતામાં શ્રી કૃષ્ણ કહે છે કે **मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्वतः गी. अ. ७ श्लो. ४.** હજારોમાં કોઈકજ સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે અને એવા હજારોમાં કોઇકજ તત્વજ્ઞ થાય છે. બલકે આ વર્ગમાં ઘણા થોડા હોય છે અને બાકીના વર્ગમાં ઘણા હોવાથી તેમની શી વ્યવસ્થા કરવી તે વિષે કહે છે કેઃ—

સર્વની એક બુદ્ધિ નથી, એક આકૃતિ નથી, સર્વને એકજ

વાત રૂચતી નથી. તત્વજ્ઞાન દૃષ્ટિએ જણાતું **નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ** જનસમાજ સર્વને એકે મતે ધ્યાનમાં ઉતરી શકે નહિ. પગથિયા વિના મેડાપર જવાતું નથી. **દૃશ્ય** વસ્તુને જોયા શિવાય અદૃશ્ય **વિરાટ્**રૂપ-વિભવને સર્વનું મગજ સંકલિત કરતું નથી. વળી એક ચાકર શેઠની સેવા કરે છે, તે એક પગ પછી બીજો એમ જુદાં જુદાં અંગ દબાવે છે; તે વખતે શેઠ એમ નથી માનતો કે તે પગની સેવા કરે છે ને મારી નથી કરતો; તે તો એમ જાણે છે કે મારી ચાકરી કરે છે. તેની પેઠેજ **વિરાટ્** સ્વરૂપના જુદા જુદા અંગની ઉપાસના અથવા પૂજા કરી, તો તે બધી પરમેશ્વરનીજ સેવા કર્યા બરાબર છે.

વળી. વેદમાં કહ્યું છે કે **सूर्यश्चमामन्युश्च०** અને **अग्निमीळे०** ઇ૦ મંત્રોએ સૂર્યદ્વારા પરમાત્માના નેત્રની અને અગ્નિદ્વારા તેમના હૃદય-જઠરની સેવા થાય છે. લોકો કહે છે કે વેદ મંત્રે જે હોમ હવન કરવામાં આવે છે તે હવાની શુદ્ધિ માટે છે; પણ તેમ હોત તો નાહક આટલી બધી મહેનત મૂકી મ્યુનિસીપાલીટીનો ઢેડો ચકલે ચકલે દેવતા મૂકી તેમાં તલ ઘી નાંખી આવત; પણ તેમ નથી, એ તો એક પેટા લાભ છે. પરમાત્માને પુષ્પ-ધૂપ-દીપ કરીએ તેની સુવાસ, હવાદ્વારા તે મકાનમાં રહેનારને મળે ને તેથી તેમનું હૃદય શુદ્ધ થાય તથા ઘરમાંથી બદબો જાય (મચ્છર વગેરે જીવ ઓછા થાય) એ તો ગૌણ લાભ, પણ મુખ્ય લાભ તો નિરાકારની સેવાનો છે.

વળી આચમનથી કફ નાશ થાય છે, એ વાત ખરી પણ સંધ્યાદ્વારા આચમન કરવું તેમાં ધ્યાન પરમાત્માનું થાય છે. પ્રાણાયામ થવાથી જઠર પ્રબળ થાય છે ને પવિત્ર થવાય છે.

કફનાશ તો ગૌણ ભેદ છે, જો પાણી પીવાથી કફનાશ થતો હોત તો વૈદ ડૅાકટરોની જરૂરજ નહોતી, ને દવાના રગડા પીવા ન પડત પણ તેમ થતું નથી. માટે લોકોનું તે બોલવું કેટલે અંશે સત્ય છે તે સર્વને પ્રત્યક્ષજ છે. વળી વેદમાં જળ, અગ્નિ, પૃથ્વી, વાયુ વગેરેની પૂજા કહેલી છે તે સર્વ પરમાત્માનાં અંગ છે. તેથી તે દ્વારા તેમનીજ પૂજા થાય છે, એથી પણ આગળ વધી આપણા જ્ઞાની ઋષિ મુનિઓએ જળચર સ્થળચર વગેરેની પૂજાના વિધિ લખી વધારેમાં વિચાર્યું કે મનુષ્યને પોતાના જેવુંજ ધ્યાન પસંદ પડશે, તેથી પરમાત્માએ જે મનુષ્યરૂપ ધારી મહત્ કાર્ય કરેલાં તેમની મૂર્તિનું પૂજા–ધ્યાન બતાવ્યું; કે જેથી મૂર્તિ જોતાં તેમનાં કૃત્ય યાદ આવે ને તેમની છબી મનપર ઠરતાં **ભૃંગ કીટક ન્યાયે** (ભમરી જેમ કીડાને દંશ મારી ઉડી જાય છે અને પછી તે કીડો તેનું ચિંતન કરવાથી ભમરી થઇને ઉડી જાય છે તેમ) પરમાત્મ સ્વરૂપ સાથે જઇ મળાય. હાલના સમયમાં ફોટો પાડવા માટે કેમેરા આદિનાં ઉત્તમ સાધન હોય છે તોજ, તે ફોટો સારો ઉઠે છે; તેમ કેમેરા રૂપી મન–અંતઃકરણ સ્વચ્છ થવા માટે સંધ્યા અને ત્રાટક–આદિની ખાસ જરૂર છે. સંધ્યામાં આસન, પ્રાણાયામ વિગેરેથી ચિત્ત શુદ્ધિ થતાં ધ્યાન દૃષ્ટિ સ્થિર થાય છે અને ધ્યાન દૃષ્ટિ (ત્રાટક) થતાં, વૃત્તિ સ્થિર–તદાકાર થઇ જાય છે; તેથી શાસ્ત્રકારોએ ધ્યાન વૃત્તિ સ્થિર–તદાકાર થવા માટેજ પાષાણાદિની મૂર્તિનો ઉપયોગ કર્યો છે; તો તે નિંદવા લાયક નથી.

એક બીજી બાબત લઇએ; કોઇ કહેશે કે જે વસ્તુની આપણે પ્રતિમા કરીએ છીએ તે મૂળ વસ્તુ કેવી હશે તે જોવી

જોઇએ તે જોયા સિવાય ખાત્રી થઇ શકે નહિ. આ વિષે આપણે એક દાખલો લઇ વિચાર કરીએ; જે અક્ષરો આપણે બોલીએ છીએ તે **સાકાર** કે **નિરાકાર** ? **નિરાકાર**. હવે **अ** લઇએ તો **अ** ઉચ્ચાર બધી ભાષામાં એક સરખો છે પણ તે બતાવવાને દરેક ભાષાવાળાએ જુદી જુદી નિશાનીઓ યોજી છે. જેમ ગુજરાતીમાં 'અ', બાળબોધમાં 'अ', ઇંગ્રેજીમાં 'A', ફારસીમાં 'ا' વગેરે. પણ કોઈ કહેશે કે એ બધામાં મૂળ ખરો **अ** કયો ? તે અમને બતાવો. હજારો ઉપાયથી એ મૂળ 'अ' જ્યારે બતાવી શકાશે નહિ તો, મન અને વાણીથી પર એવો જે **નિરાકાર** ઈશ્વર (**બ્રહ્મ**) તે મૂળ શી રીતે બતાવાય. જેમ ઉચ્ચારને માટે નિશાની (અક્ષર) થી સંતોષ માનીએ છીએ તેમ ઈશ્વરને માટે પણ **મૂર્त्तिથી** સંતોષ માનવોજ પડશે.

એ આદિ વિચારોથી સિદ્ધ થાય છે કે પ્રતિમાપૂજન એ ઈશ્વરપ્રાપ્તિનો પહેલો અને સ્હેલો પાઠ છે, તે માટે જે પ્રકારની પ્રતિમા શાસ્ત્રકારોએ કબૂલ કરી છે તેને માન આપી આપણે શુદ્ધ ઉપાસના કરવી જોઇએ.

નાનું બાળક કહેશે કે **अ-क** ની મારે જરૂર નથી, મને સાતમી ચોપડી વાંચવા દો, તેથી હું ભણી જઈશ. એ જેવું તમને હાસ્યજનક લાગે છે, તેમ શિવ, વિષ્ણુ, શાલીગ્રામ, બાણુ વગેરે અમને માન્ય નથી, એ કહેવું તેટલુંજ હાસ્યજનક છે; માટે જે શિક્ષણપદ્ધતિ હોય તેને માન્ય રાખી તે રસ્તે ચાલીએ તોજ બી. એ., એ. ફે., એમ. એ. થઇએ. તેજ પ્રમાણે જેને પરમેશ્વરની પ્રાપ્તિ કરવાની ઈચ્છા હોય તેણે શાસ્ત્રકારે કહેલી પ્રતિમાને માન્ય રાખી તદનુસાર તેનું પૂજન અર્ચન કરવું જોઇએ.

વળી આપણી ભક્તમાળ જોઇએ છીએ તો તેમાંથી એવો-જ સાર નીકળે છે; અને ગીતામાં પણ એમજ કહ્યું છે કેઃ–

ये यथा माम् प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् ॥

જે જન જેવા ભાવથી મને ભજે છે, તેને તેવા ભાવથી હું દર્શન આપું છું. **નરસિંહ મહેતા, તુલસીદાસ** વગેરેએ શિવની ઉપાસના કરી, ને પ્રભુએ દર્શન દીધું:–અર્થાત્ મૂર્તિમાં અનન્ય ભાવવાળા ભકતોને મૂર્તિરૂપે (મનુષ્ય સ્વરૂપે) મળ્યા છે. અને ભક્તને પંડયાઓએ હેરાન (માર) કરવાથી તે માર મૂર્તિને થયેલો દેખાયો છે. જેમ **બોડાણાને** બાણ વાગ્યું તે શ્રી **રણછોડજી** મહારાજ ગોમતીમાં [જળમાં] ગુપ્ત હતા ત્યાં તે-મણે ગ્રહણ કર્યું ને લોહીની ધારા વહી; તેમ કાશ્મીરમાં પણ એક ગોવિંદ નામના છોકરાને તેની માએ પ્રસાદ આપ્યો ને **મૂર્તિ**ની ભાવના કરાવી, તેની લતથી તે ગોવિંદ ગોવિંદને ભે-ટયો ને પ્રત્યક્ષ પરચો દેખાડયો. એ ઈશ્વરનું બીરદજ છે. માટે **પ્રતિમા** ઉપર દૃઢ ઈશ્વરભાવ રાખીને જે ઉપાસના કરે છે તેને પરમેશ્વરની પ્રાપ્તિ થાય છે, એ આ દ્રષ્ટાંતથી સહેજ ખાત્રી થશે. વધારે ખુલાસો જોવો હોય તેણે સ્વામી શ્રી હંસ-સ્વરૂપકૃત પ્રતિમાપૂજન વાંચવું જેથી સંશય દૂર થશે.

ઉપરના મહાત્માઓના દાખલા ઉપરથી **સાકાર** ઈશ્વરને માનવાથી કાંઈ પાપ થતું નથી; કારણ કે ઈશ્વર ઉપર પ્રેમ ચોટવા માટે કાંઈ પણ આધારની જરૂર છે, અંતઃકરણથી જે વસ્તુ ઉપર પ્રેમ હોય તે વસ્તુ સન્મુખ હોવાથી મનુષ્યનું મન તે તરફ ખેંચાઇને ઈશ્વર ઉપર **સંપૂર્ણ શ્રદ્ધાવાન** બને છે તેથી તેમનું વર્ણન ધર્મનાં પુસ્તકોમાં **વિષ્ણુ ,મહાદેવ, દેવી,**

વિગેરે રૂપે કરવામાં આવ્યું છે; આમાં સાકાર ઈશ્વર છે કે નહિ તે જોવાનું નથી; માત્ર **પ્રેમ** જોવાનો છે. કેમકે જ્યાંથી અજવાળું મળે ત્યાંથી, લેવું જોઇએ; હમે એમ નથી કહેતા કે ઈશ્વરને **નિરાકાર** રૂપે ન માનો; જેને જેવી ઇચ્છા હોય તેવી રીતે માનો.

હવે નિરાકાર વિષય તપાસીએઃ—

ઈશ્વરને **નિરાકાર** માને તો સાકાર માનવાવાળાનું શું બગડે છે, શું તેમાં પાપ થાય છે? તમારા સાકાર ઈશ્વરે જે કાયદો, પાપ નહિ કરવું, અને સારાં કામ કરવાથી પુન્ય થાય છે, અગર સદ્ગતિ થાય છે, વગેરે દર્શાવ્યું છે; તે ખાસ **નિરાકાર** પક્ષવાળા માને છે, તથા કરે છે; શું સાકાર ઈશ્વરના, અને **નિરાકાર** ઈશ્વરના કાયદામાં કાંઈ ફેર છે? શું બેના કાયદા જુદા જુદા હશે? ના કાયદા એકજ છે; પણ **નિરાકાર** માનવાવાળાને વધારે મહેનત છે, તેમ કરવાની તમારી શક્તિ ન હોય તો તમે ભલે ન માનો પણ બીજાને બીજું અનુકૂળ હોય તો તે તેમ કરે તેમાં તત્વ તો એકજ છે. જેમકે દાખલોઃ—

એક શેહેરના ચૌટામાં એકજ મેહેલ્લાના બે, માણસોને જવું હોય તો ભલે બન્ને જુદે જુદે રસ્તેથી ચૌટે જાય, તેમાં તમને હરકત શી? એક માણસ નજીકના રસ્તેથી વહેલો ચૌટે આવે; અને બીજો માણસ દૂરના રસ્તેથી જરા મોડો ચૌટે આવે; તેમાં તમને હરકત શી છે! બન્ને ગમે તે રસ્તે થઇને જાય પણ ચૌટે આવ્યા વગર છુટકો નથી. કહેવાની મતલબ એવી છે કે, **સાકાર** માનો, અગર **નિરાકાર** માનો પણ મુખ્ય તે **પ્રેમ, શ્રદ્ધા** અને **નીતિ**ની જરૂર છે; જેમકેઃ—

એક પુરૂષને બે સ્ત્રીઓ હતી, પતિની સેવા કરવા સારૂં બન્ને સ્ત્રીઓએ, એક, એક પગ વેંહેચી લીધો, હવે મોટી સ્ત્રી, જમણા પગની સેવા કરે, અને નાની સ્ત્રી ડાબા પગની સેવા કરે; એટલે પગ દબાવે. એક વખત બન્ને સ્ત્રીઓ પતિના વેહેંચી લીધેલા પોતપોતાના પગ દબાવતી હતી એવામાં એ પુરૂષે પાસું ફેરવ્યું અને તેનો ડાબો પગ જમણા પગ ઉપર પડયો, ત્યારે જમણા પગવાળી મોટી સ્ત્રી ગુસ્સે થઈ નાની સ્ત્રીને કહેવા લાગી કે, મારા પતિના પગ ઉપર તારા પતિનો પગ કેમ નાખ્યો છે ? એવું કહીને મોટી સ્ત્રીએ, ડાબા પગને ઠેસો માર્યો, એટલામાં નાની સ્ત્રીને વધારે ગુસ્સો ચહડી જવાથી, કહેવા લાગી કે, મારા ધણીના પગને તેં કેમ ઠેસો માર્યો ? એવું કહીને એક લાકડીથી જમણા પગપર પ્રહાર કર્યો.

એવી રીતે હમારા **સાકાર**, અને **નિરાકાર** એ બન્ને સ્વરૂપોપર પ્રીતિ રાખનાર મિત્રો અજ્ઞાનના પાસાથી લઢીને વાદવિવાદ કરી, ઈશ્વરનો તથા એક બીજાનો તિરસ્કાર કરી પાપના માર્ગમાં પડીને દુઃખી થાય છે, અને બન્નેના કુસંપથી અન્ય ધર્મીઓ પોતાના ઉપદેશથી ફાવી જાય છે અને પરાપૂર્વથી ચાલતા આવેલા **સત્ય** ધર્મનો લોપ થાય છે. તેથી મારે આ ઠેકાણે લખવાની જરૂર પડી છે કે, તે બન્નેને હું મિત્રો સમજી વિનંતિ કરૂ છું કે બન્નેનું જે એક લક્ષ્ય બિંદુ (**બ્રહ્મ**) તેને કોઇ પણ રીતે સાધો, ગમે તે રસ્તે થઇને ધારેલે ઠેકાણે આવો તેમાં કોઈને કોઇએ અડચણ કરવાથી દૂરજ રહેવું, સૌ પોતપોતાના ઈષ્ટ માર્ગે આત્મશકત્યનુસાર યત્ન કરો, **ઈશ્વરને** મેળવો, સ્વાર્થથી ભ્રષ્ટ ન થાઓ !

સંસાર સુખસાધન.

૧-શરીર, ૨-પૈસા, ૩-સ્ત્રી, ૪-બાળબચ્ચાં, ૫-સ્વાર્થ, ૬-કામ, ૭-ક્રોધ, ૮-અભિમાન, ૯-માન, પ્રતિષ્ઠા, ૧૦-અદેખાઈ, ૧૧-લોભ, ૧૨-મોહ, ૧૩-સત્તા, ૧૪-બુદ્ધિ, ૧૫-પ્રારબ્ધ, ૧૬-વિચાર, ૧૭-સંતોષ, ૧૮-સત્સંગ, ૧૯-ધર્મ, ૨૦-સાર, ૨૧-નીતિ.

એમના યોગ્ય રીતે કરેલા સંરક્ષણ, પોષણ, વર્ધન અને છેદનથી સંસારમાં સુખ પ્રાપ્ત થાય છે; તે વિષયની વ્યવસ્થા કેવી રીતે કરવી તે માટે નીચે લખ્યાપર લક્ષ આપવાથી સહજ સમજાશે.

૧. **શરીર**—ના સુખને માટે હવા, પાણી, ખોરાક, અને નિદ્રા; તથા સ્વચ્છતા, એની જરૂર છે અને તે સર્વનું યથાયોગ્ય સેવન કરવાથી શરીરને સુખ થાય છે.

   ૧. શરીર—સ્વચ્છ રાખવું, તથા લુગડાં, ઘર વગેરે સ્વચ્છ રાખવાથી ફાયદો થાય છે.

   ૨. હવા—સ્વચ્છ અને હલકી હોય, તેમાં રહેવું જોઇએ.

   ૩. પાણી—સ્વચ્છ, અને હલકુ પીવું જોઇએ.

   ૪. ખોરાક—વખતસર તથા પચે એવો રૂચિસર અને સ્વચ્છ ખોરાક ખાવો; ભારે અને બગડેલો નહિ ખાવો.

   ૫. નિદ્રાનો વખત પાંચ કલાકથી ઓછો નહિ, અને આઠ કલાકથી વધારે ન જોઇએ.

૨. **પૈસા**—નીતિથી અને હરેક સુયુક્તિવડે પેદા કરવા જોઇએ, પણ પેદાશમાંથી થોડો ભાગ બચાવીને ઘરખર્ચ ચલાવવાની ટેવ રાખવી જોઇએ; ગેરવ્યાજબી ખર્ચ કરવાનું

ધોરણુ કદી પણુ ન રાખવું; નાટક જોવામાં, નિશામાં, વ્યભિચાર તથા અનીતિ વિગેરેમાં દ્રવ્યનો અસદુપયોગ કરનારને કદી પણુ સુખની પ્રાપ્તિ થતી નથી.

૩. **સ્ત્રી**—ઉપર કદી સંપૂર્ણુ વિશ્વાસ રાખવો નહિ તેમજ તદન અવિશ્વાસ પણુ ઉચિત નથી, વારંવારના પરિચયથી પરીક્ષા કરી તેની યોગ્યતા પ્રમાણે તે તે કાર્ય તેના ઉપર ઘટિત વિશ્વાસ રાખીને સોંપવું, તોપણુ તેમાં વારંવાર દેખરેખ રાખવા ચૂકવું નહિ; કારણુ સ્વાભાવિક રીતે સ્ત્રીઓનો સ્વભાવ વિચિત્ર હોય છે. માટે તેના ઉપર હમેશ પૂરી નજર રાખવાથી સુખી થવાય છે, જો કદી નજરમાં ખામી રાખશો તો તેમાં અનંત દુઃખ થશે, કેમકે—સ્ત્રી ઘણીખરી મૂર્ખ હોય છે. આ સંસારમાં સ્ત્રી, આપણા રાજ્યનો પ્રધાન છે માટે તેમાં અદેખાઈ, નિંદા, ઈર્ષ્યા, અભિમાન, ક્રોધ, અપ્રમાણિકપણું, મોહ, અને સ્વાદ વિગેરે દુર્ગુણો વાસ ન કરે તે માટે તેના ઉપર પૂરી કાળજી રાખવાની જરૂર છે.

રાજ્યનો પ્રધાન સારો ના હોય તો બધું રાજ્ય દુઃખી થાય છે, તેમ સ્ત્રી સારી ના હોય તો આપણું આ સંસાર રાજ્ય તદન દુઃખમાં જાય છે, માટે સ્ત્રી ઉપર બહુજ દેખરેખ રાખવાની જરૂર છે. ઉપર બતાવેલામાંથી એક પણુ દુર્ગુણુ જો સ્ત્રીમાં રહે તો તેના દુર્ગુણુ, આપણી પ્રજામાં ઉતરે છે, ડાહ્યા અને અનુભવી વિદ્વાનો કહે છે કે સારી સંતતિ ઉત્પન્ન કરવાની ઇચ્છા હોય તો પેહેલાંથીજ પોતાની સ્ત્રીને બરાબર સુધારવી જોઇએ; સ્ત્રી એ મનુષ્યને મોટી

સહાયરૂપ છે અને તેની સહાયથી મહત્ કાર્યો સાધી શકાય છે. મોક્ષ મેળવવામાં તે ઉત્તમ સાધન થઇ પડે છે માટે તેને હરેક રીતે સારૂ શિક્ષણુ આપવું, જેથી સંસારમાંનું ઉચ્ચ તત્વ આપણુને જણાઇ આવે અને દિલગીર થવું ન પડે. બીજું હાલમાં કેટલાક અજ્ઞાન લોકો પોતાની સ્ત્રીને સુધારતા નથી અને તેમના કેહેવા ઉપર ચાલવાથી સગાં વહાલાં, તથા નાતજાત, સ્નેહી મિત્ર અને પાડોસી વિગેરેની સાથે અસભ્ય–અયોગ્ય વ્યવહારે વર્તે છે અને પરિણામે અસહાય–એકલો પડીને પોતાની જીંદગીપર પાણી ફેરવે છે; તેવા પુરૂષોને નિરાંતે ઉંઘ પણુ આવતી નથી, તો બીજું સુખ તો શેનુંજ હોય ?

૪. **બાળબચ્ચાં**—ઉપર ખોટો પ્રેમ નહિ રાખતાં તેમને કેળવણી આપી બુદ્ધિશાળી બનાવવાં, તેમજ પોતાનો વ્યવહાર–જીવન સુખમાં ગાળે તેવા સત્ સંસ્કારો નાનપણુથીજ વધારવા જોઇએ અને તેને માટે દરેક માબાપે ખાસ કાળજી રાખવી જોઇએ, કારણ કે—

लोकान्तरसुखं पुण्यं तपोदानसमुद्भवम् ॥
संततिः शुद्धवंश्या हि परत्रेह च शर्मणे ॥

તપ અને દાન કરવાથી થતું પુણ્ય પરલોકમાં સુખ આપે છે. પણુ શુદ્ધ વંશની સંતતિ તો આલોક અને પરલોકમાં પણુ સુખ આપનાર છે.

માનથી બોલાવવાનું, તથા પ્રમાણિકપણું, સાદાઈ નમ્રતા, અને ઈશ્વર ઉપર શ્રદ્ધા, પ્રેમ, વિગેરે સદ્‌ગુણો તેમનામાં આવે તે ઉપર ખાસ ધ્યાન રાખીને નાનપણુથીજ તેમને

સુધારવા માટે હરવખત મેહેનત કરતા રેહેવું જોઇએ, ખોટાં લાડ કરવાં નહિ, અને તેમનું રક્ષણ વિવેકથી સારી સારી રીતે કરવું.

કેટલાક લોકો છોકરાં થવાથી એવું સમજી જાય છે કે સંસારનું બધું સુખ અમને મળી ચુકયું; એવું સમજીને છોકરાંને સુધારવા બેકાળજી રાખી અન્તે દુઃખી થાય છે.

૫. **સ્વાર્થ**—થોડો રાખવો, એટલે બીજાનો સ્વાર્થ અને આપણો સ્વાર્થ બંન્ને બરાબર કરવો તેમાં સુખ થાય છે. કેટલાક લોકો બીજાનો સ્વાર્થ બગાડી પોતાનો સ્વાર્થ સાધે છે પણ તેથી પોતાને લાભ થયો, એમ સમજવું એ ભૂલભરેલું છે અને તેથી આખરે નુકસાન છે; માટે આપણો સ્વાર્થ સાધતાં બીજાના સ્વાર્થને નાહક ગેરલાભ થાય નહિ એ ખાસ સંભાળવું જોઇએ.

૬. **કામ**—એટલે વિષય સેવન, કે જેના ઉપર અંકુશ રાખી પરમાત્માની ઇચ્છા–આજ્ઞાનુસાર વર્તવાથી આખરે મોક્ષ સાધન પણ સુલભ થાય છે; જયારે પશુવૃત્તિ અને અતિશય દુર્બળતા સેવવાથી ઉલટુંજ–નરકમાં વાસ કરવો પડે છે, અહિંજ આ દુનિયામાંજ તેના ગેરફાયદા–શરીરપીડા દ્રવ્યહાનિ વગેરે અનુભવવા પડે છે. માટે તેનું નિયમન કરવું એ ઘણું મહત્વનું છે. સામાન્ય રીતે તેની વ્યવસ્થા આપણા પૂર્વજોના અપૂર્વ અભ્યાસથી નીચે પ્રમાણે થઇ શકે તેમ છે.

૧–સામાન્ય રીતે સ્રીને માટે. ૧૫ વર્ષ પછી અને પુરૂષને માટે ૨૦ વર્ષ પછીનો કાળ ઉભયના સંમેલન સારૂ

પુખ્ત ગણી શકાય; આ સમયની પ્રતીક્ષા નહિ કરનારાઓ તેનાં માઠાં ફળ અનુભવે છે અને તેથી શરીરને મોટું નુકશાન થાય છે.

૨–પુરૂષ કરતાં અધિક વયની સ્ત્રી સાથે, અને વૃદ્ધ ઉમ્મરમાં જુવાન સ્ત્રીના સમાગમથી પણ નુકસાનજ છે.

૩–પરસ્ત્રી સેવનથી શરીર, પૈસા, પ્રજા અને આબરૂ, પુરૂષાર્થ વિગેરે સર્વ નાશ થઈ જાય છે, વળી તેથી સ્ત્રી વર્ગમાં અને તેથી થનાર પ્રજામાં વ્યભિચારનો દુર્ગુણ દાખલ થાય છે; એટલુંજ નહિ પણ દુનિયાનો ધિક્કાર તથા પરમેશ્વરના ગુન્હેગાર બની આ જીંદગી અને પરલોકની જીંદગીમાં અનંત દુઃખ ભોગવવું પડે છે. માટે સ્વપ્નમાં પણ પરસ્ત્રીસુખની ઈચ્છા રાખવી નહિ.

૪–સ્ત્રી તથા પુરૂષે, ક્રોધી, અને રોગીષ્ટ અવસ્થામાં સમાગમ કરવો નહિ, કેમકે તેનાથી, આપણું શરીર તથા પ્રજા રોગીષ્ટ થાય છે.

૫–બન્નેની વૃત્તિની અનુકૂળતાએજ સમાગમ કરવો જોઇએ, તે સિવાય તે હાનિકર થઈ પડે છે.

૬–બાળ બચ્ચાંનું પાલન પોષણ, અને તેમને કળા કેળવણી આપવાની બરાબર યોગ્યતાને પામ્યા પહેલાં અથવા તે વિષે કંઈ લક્ષ ન રાખી માત્ર વિષયભોગના આનંદે અયોગ્ય અને અધિક પ્રજા ઉત્પન્ન કરવી તે પણ ધર્મવિરૂદ્ધ તથા વિજ્ઞાનવિરૂદ્ધ, તેમજ સંસારના વ્યવહારિક કામોમાં નુકશાન કરવા જેવું છે.

૭–સ્ત્રી સમાગમ પંદર દિવસમાં એક વખત, અને બને

તો, એક માસમાં ફક્ત એકજ વખત કરવાથી વધારે ફાયદો થાય છે.

૮–ફક્ત ઇન્દ્રિયસુખને માટે લાગ લાગટ અતિશય સમાગમ એ ધર્મવિરૂદ્ધ તથા વિજ્ઞાનવિરૂદ્ધ મહાપાપ છે એટલુંજ નહિ પણ તેથી દુર્બળ સંતતિ ઉત્પન્ન થાય છે, અને આપણું શરીર તદ્દન રોગીષ્ટ થઈ જાય છે.

ઉપર બતાવ્યા પ્રમાણે વર્તન કરવાનું દરેક મનુષ્યે યાદ રાખવું જરૂરનું છે. આપણા મહર્ષિઓ અને પૂર્વજો એ વિષયમાં ઘણા નિયમો કરી ગયા છે અને તે સર્વ આપણા હિત માટેજ છે. છતાં તેટલી બધી ઉચ્ચ યોગ્યતા મેળવવા મૂશ્કેલી લાગે તોપણ આ સાદા નિયમો તો દરેકને માટે અવશ્ય હોવા જોઇએ, જેથી વર્તમાન અને ભવિષ્યની પ્રજાને તેમજ દરેકને સુખની આશા રહે.

૭. **ક્રોધ**—કરવાથી પણ આપણું લોહી બળે છે, તથા ક્રોધના આવેશમાં નહિ કરવાનું કામ કરવાથી વ્યવહારિક કામમાં ઘણું નુકસાન થાય છે. માટે ક્રોધને નિયમમાં રાખવાથી ફાયદો થાય છે.

૮. **અભિમાન—મદ**-રાખવો નહિ, કારણ કે દુનિયામાં તેથી મૂર્ખની પદવી મળે છે, તથા આપણા અવગુણો વધે છે, માટે સદા સર્વદા આપણી હીનતાનો વિચાર કરવો જેથી તે દૂર થાય છે, ભૂલો જણાઈ આવે છે, અને પરિણામે સંસારમાં સુખ મળે છે, હું ખામી વગરનો છું તેવું નહિ માનતાં ભૂલ સુધારવા જીંદગી સુધી પ્રયત્ન–મેહેનત કરતાં રેહેવું જોઇએ. જ્યારે અભિમાન નહિ હોય ત્યારેજ

ખામી જણાઈ આવશે, નહિતો કદી જણાવાની નથી; જેને અભિમાન નથી તેનેજ આ સંસારમાં સુખી અને દુનિયામાં અક્કલવાન અને ડાહ્યો માણુસનો અધિકાર મળે છે.

તે સિવાય આપણાં સગાંવહાલાં, નાત જાત, પાડોસી, દુશ્મન વિગેરે સર્વેનું સારૂં થાય તેમાં ખુશી થવાથી ફાયદો થાય છે.

કમઅક્કલના તથા આપણાથી ઊતરતાં દુઃખી માણુસ વિગેરેની હાંસી કરવાથી આપણને દુઃખ થવાનો સંભવ છે. ચાલતાં સુધી કોઈનું અપમાન–તિરસ્કાર કરવો તેથી આપણુનેજ નુકસાન છે. તેમાં ફાયદો નથી.

૯. **માનપ્રતિષ્ઠા**—થી કોઇ દિવસ સુખ માનવું નહિ, કાર કે જયારે તમે માન મળવાથી સુખ માનશો ત્યારે તમારૂં અપમાન થશે તે વખતે ઘણુંજ દુઃખ થશે, માટે (માન) શબ્દ પાસે રેહેવા દેવો નહિ તેથીજ સુખી થશો.

૧૦. **અદેખાઈ**—કોઈ ઉપર રાખવી નહિ, અદેખાઇથી વગરકારણે આપણા શરીરનું લોહી બળે છે, અને વિરોધ વધે છે, તેથી ઘણું દુઃખી થવું પડે છે, માટે તેનો ત્યાગ કરવાથીજ સુખી થશો;

૧૧. **લોભ**—દુનીઆમાં ખરાબમાં ખરાબ ચીજ છે. માટે તેને વધારે મનન કરવાથી દુઃખ ઉત્પન્ન થાય છે, પ્રારબ્ધના મળેલાં સુખો પણ નાશ થાય છે, માટે ઝાઝો લોભ નહિ કરવાથીજ સુખી થશો.

૧૨. **મોહ**—આ સંસારની સઘળી માયા, જેવી કે શરીર, સ્ત્રી, પૈસો, છોકરાં, અને માન સત્તા, વગેરે, આ દુનિયામાં ત-

મને જેટલી ચીજો મળી છે, તે બધા ઉપર, મોહ કમી કરવામાં સુખ થાય છે; કારણ કે ઝાઝો મોહ રાખવાથી, જે વસ્તુ તમારી પાસેથી જશે, અગર નાશ થશે, તે વખતે તમને દુઃખ થશે; માટે પેહેલેથીજ તેનો મોહ કમી કરવાથી અનંત દુઃખ થવાનો સંભવ રહેશે નહિ.

તમને જેટલી વસ્તુ પ્રાપ્ત થઈ છે, તે તમારી પાસેથી નહિ જાય, અગર નાશ નહિ થાય, તેવો કંઇ દસ્તાવેજ કરેલો છે? આજ છે, ને કાલે જતી રેહેવાની છે. એમ હંમેશાં વિચાર રાખવાથીજ સુખી થશો.

૧૩. **સત્તા**—કોઇ પણ સત્તા, તથા અધિકાર મળતાં દરેકજણે યાદ રાખવું જોઇએ કે,–ઘણા લોકોની સત્તા જતી રહી છે. તથા ના લાયક થયા છે. અને તે અમુક સમયની અને અમુકને માટેજ હોય છે એટલે તે સત્તાનો નાશ થતાં સત્તાના સમયે તેના દુરૂપયોગનાં માઠાં ફળ વેઠવાં પડે છે માટે પેહેલેથી તેનો વિચાર કરી ચાલવામાંજ સુખ છે.

૧૪. **બુદ્ધિ**—અને **મન**–શરીરનો પ્રધાન છે, શરીરના સર્વે અવયવો તેના હુકમમાં રહે છે, માટે બુદ્ધિને, વિચારથી તથા વિવેકથી વાપરવામાં સુખ મળે છે.

૧૫. **પ્રારબ્ધ**—ઉપર વિશ્વાસ રાખવાથી આખી જીદંગી સુખમાંજ જાય છે. કારણકે રાજા, શેઠ, પૈસા, સત્તા અધિકાર અને શરીર, સ્ત્રી, છોકરાં વિગેરે દુનિઆનાં સર્વે સુખો, તથા દુઃખો પ્રારબ્ધથી પ્રાપ્ત થાય છે, એમ પ્રારબ્ધ ઉપર જેની દ્રઢ બુદ્ધી તથા વિશ્વાસ હોય છે. તેનો આખો સંસાર સુખ–આનંદમાં જાય છે.

૧૬. **વિચાર**—આ ચીજ ઘણી ઉત્તમ છે, માટે દરેક વ્યવહારિક કામમાં હર વખત વિચાર કરીને ચાલવું જોઇએ; વિચાર એ આપણો ખરો સ્નેહી મિત્ર છે. તેને પૂછીને સર્વે કામ કરવું, તેને પૂછયા વગર, એટલે વિચાર કર્યા વગર એકે કામ કરવું નહિ. તેને હમ્મેશાં પાસે રાખવાથીજ ઘણો ફાયદો તમને થશે; પણ તેમાં સદસદ્વિવેક છે. માટે સદ્વિચારનુંજ સેવન કરવાનો પ્રયાસ કરવો અને અંતઃકરણની સાક્ષીએ સદ્વિચારે જે સત્ય સ્ફૂરે તેપર પ્રવૃત્તિ કરવી, જેથી પરિણામે તે હિતાવહ થઇ પડે. આને માટે ઘણાએ ગ્રંથો લખાયેલા છે–પણ ટુંકામાં દરેકને તે પોતાની બુદ્ધિથી–અનુભવે સમજી શકાય છે.

૧૭. **સંતોષ**—ઘણી તૃષ્ણા રાખવી, અગર ઝાઝાં ફાફાં મારવાં નહિ. પ્રારબ્ધ ઉપર વિશ્વાસ રાખી હમ્મેશાં સંતોષમાં રેહેવું; પૂર્વેનાં સારાં કર્મ કરેલાં હોય તો જ સુખ પ્રાપ્ત થાય અને પૂર્વેના ખોટાં કર્મ હોય તો દુઃખ પ્રાપ્ત થાય છે. માટે સુખ દુઃખ પૂર્વેનાં કર્મના આધારેજ મળવાનાં, તેમાં આપણે વધારે સુખની તૃષ્ણા રાખવાથી શું ફાયદો થશે;

ઈશ્વર સર્વેનો નિયંતા છે, તે ઈશ્વરને ગમશે તે પ્રમાણે કરશે, આપણે તેનો બહુ વિચાર કરવો નકામો છે; માટે જે સુખ–દુઃખમાં સમાન બુદ્ધિ રાખી જીંદગી ગુજારવી તેનું નામ સંતોષ; સંતોષ સુખનું મૂળ છે અને અસંતોષ દુઃખનું કારણ છે, માટે બુદ્ધિશાળી મનુષ્યોએ હમેશાં સંતોષમાં રહેવાની જરૂર છે.

૧૮. **સત્સંગ**—હંમેશાં દરેક મનુષ્યને સારાની સંગત્ રાખ-

વાથી જીંદગીમાં ઘણો ફાયદો થાય છે, ખોટા માણુસની સંગત કરવી નહિ કારણ કે, જેમ લુહારની કોહોડ પાસે જઈ બેસીએ અને ઘણું સંભાળીએ તોપણ દેવતાની ચીણગારી ઉડયા વગર રેહેશે નહિ, તેમ ખોટા માણુસની સંગત કરવાથી નુકસાન થવાનો સંભવ છે; તેમજ ખોટી વસ્તુ વ્યસન વિગેરેની સંગત કરવાથી પણ હરકત થાય છે, અને ખોટી જગ્યામાં જવાથી પણ ફાયદો નહિ થાય; નુકસાન થવાનુંજ, માટે હમેશાં સારી સોબત, સારી વસ્તુ, તથા સારા કર્મ અને સારા વિચાર વિગેરે ગ્રહણ કરવાથી જીંદગી સુખમય નિવડે છે.

૧૯. **ધર્મ**—હંમેશાં ધર્મમાં આરૂઢ રેહેવું તેને છોડવો નહિ; અમુકજ રીતનો ધર્મ પાળવાથીજ ધર્મિષ્ટ થવાતું નથી, પણ અનિત્ય વસ્તુનો ત્યાગ કરી નિત્ય વસ્તુ ગ્રહણ કરવી, અસત્યને છોડી સત્ય ગ્રહણ કરવું તેનું નામ ધર્મ; જેણે આપણને ઉત્પન્ન કર્યા છે તથા આપણા રક્ષણ સારૂ પાણી, પવન, તાપ, અનાજ, ફળ, ઔષધિઓ વિગેરે અનેક સામગ્રીઓ જે હંમેશાં આપ્યા કરે છે, તે સર્વ વસ્તુના દાતા ઈશ્વરના અગાધ ઉપકારનું સ્મરણ કરી તેમની સ્તુતિ પ્રાર્થના કરતા રેહેવું, તેજ મોટો ધર્મ કેહેવાય છે, અને એ ધર્મજ આ જીંદગીમાં તથા પરલોકમાં ઘણો ઉપયોગી થાય છે.

આ દુનિયાની અંદર આપણા આયુષનો દિવસ જાય છે તે હીરા જેવો છે તે નકામો નહિ કાઢતાં દિવસમાં ફુરસદ લાવીને બે ઘડી પરમેશ્વરની પ્રાર્થના શુદ્ધ દિલવડે

કરવાથી આપણી જીંદગી નીતિવાન બને છે અને નીતિ વધવાથી આપણને સુખનો અનુભવ થાય છે.

૨૦. **સાર**—ધર્મમાંથી, વેહેવારમાંથી, દરેક મનુષ્યમાંથી, તથા દરેક પદાર્થમાંથી, અને જીંદગીમાંથી, બુદ્ધિશાળી પુરૂષોએ સાર જ ગ્રહણ કરવો જોઇએ. દરેક વસ્તુમાંથી તત્વજ ખેંચવું જોઇએ.

સારો ખોરાક, સારી હવા, સારાં કર્મ, અને સારા વિચારથી ઉચ્ચ બનવું જોઇએ. કેવળ ઉંચી જાતિથી ઉચ્ચ થવાય નહિ, પણ સારા કર્મથી ઉચ્ચ થવાય છે. કારણ કે આપણે પૂર્વે સારાં કર્મ કરવાથી ઉંચી જાતિ મળી છે, તો તેનો સદ્ ઉપયોગ કરવાથીજ ઉંચી જાતિ કાયમ રહે છે, અને કાળજી પૂર્વક ધ્યાન રાખીને નહી ચાલશું તો અવશ્ય નીચ બનવાનાજ.

૨૧. **નીતિ**—ગેરવ્યાજબી બોલવું નહિ. ગેરવ્યાજબી વર્તન કરવું નહિ, અધર્મથી બચવું, અર્થાત્ કાન, ચામડી, નેત્ર, જીભ્હા, નાસિકા, એ પાંચ જ્ઞાનેંન્દ્રિય છે, પાયુ (ગુદા) ઉપસ્થ, (લિંગ) વાક્ (વાણી,) હાથ, પગ, એ પાંચ કર્મેંદ્રિયો, અને ૧૧ મી ઇંદ્રિય મન એ સર્વેને નિયમમાં રાખીને સુવિચાર અગર સુસંગત તરફ પ્રવૃત્તિ કરવી તેનું નામ નીતિ;

નીતિવાન પુરૂષો હમ્મેશાં સુખી રહે છે કારણ કે નીતિ એવી ચીજ છે કે, દુનિયાના દરેક ખોટા પદાર્થનો ત્યાગ કરાવીને તે આપણને સારા નિયમ પળાવે છે, અને તેથી જીંદગી સુખમાં જાય છે, માટે નીતિએ ચાલવું તે દરેક

મનુષ્યની ફરજ છે, તેને માટે અનેક ધર્મનાં પુસ્તકો આપણા મહર્ષિઓ દયા કરીને લખી ગયા છે. માટે ધર્મનાં દરેક પુસ્તકોનો સાર એ છે કે નીતિથીજ ચાલીએ તો સુખ મળે છે; અને શ્રી રામચંદ્રજી માહારાજે ખાસ મનુષ્યનીતિ બતાવવા સારૂં અવતાર લઇ પોતાનું કર્તવ્ય પૂર્ણ રીતે પાલન કરયું છે; તેથી તેમના કર્તવ્યને અનુસરી ચાલવું તે દરેક મનુષ્યોની ફરજ છે.

ધર્મ એટલે શું: ?

અધર્મથી બચવું તેનુ નામ ધર્મ અથવા અસત્યથી બચીને **સત્**યને ગ્રહણ કરવું, તથા પાપથી બચીને પુન્યમાં વૃત્તિ રાખવી તે, અથવા અનીતિથી બચીને **ની**તિમાં રેહેવું, વગેરે વગેરે.

સત્ય, તથા **ની**તિ ગમે તે માણસ પાસેથી લેવું તેમાં કંઇ દોષ નથી; અવિદ્વાન હોય, અથવા આપણાં કરતાં નીચો, તથા ઉમ્મરે નાનો હોય તેની પાસેથી અથવા પારકા ધર્મમાંથી મળે તો ત્યાંથી પણ **સત્ય** લેવું; સત્યને કંઈ વળગતું નથી; ગમે તે પ્રકારથી અનીતિનો નાશ કરવો.

આમાં શંકા થાય છે કે, જ્યારે પારકા ધર્મમાંથી **સત્ય** લેવા જઇએ તો આપણો ધર્મ નષ્ટ થવાનો સંભવ રેહે છે, તેમ **ન** થાય તે માટે તો પોતપોતાના ધર્મના વાડા બાંધ્યા છે.

જવાબ—પોતાના ધર્મમાંથી બીજાના ધર્મમાં જવું એમ હું કેહેતો નથી; તેથી કંઇ ફાયદો થાય નહિ, તે હું સારી પેઠે સમજું છું; પણ અજ્ઞાન લોકો કે જેમને પોતાને સારૂં અગર ખોટું

સમજી શકવાની શક્તિ ના હોય તો તેને અવશ્ય બીજાના ધર્મનો ઉપદેશ સાંભળવા જવું નહિ, અને પોતાના વાડામાં રેહેવું, અને જે વાડા બાંધ્યા છે તે તેવા લોકોને માટે ઘણોજ ઊત્તમ માર્ગ છે, કારણ કે, આજકાલ દરેક ધર્મવાળા બીજાનો ધર્મ ભ્રષ્ટ કરીને તેને પોતાના ધર્મમાં ખેંચે છે, ફક્ત આપણો હિંદુ ધર્મજ જીવનો ઉદ્દાર છે કે, કોઈ પરધર્મ વાળાને આપણા ધર્મમાં લાવવા, એમાં બીજા ધર્મ જેવી કોસીસ કરવામાં અવતી નથી; તે તેનું ઘણુંજ ઉદ્દારપણું છે;

અજ્ઞાન અને ટુંકી બુદ્ધિના મનુષ્યોને પોતપોતા ધર્મનોજ બોધ સાંભળવો તે સારૂં છે; પણ હાલના અન્ય ભાષાના અભ્યાસી બુદ્ધિવાળા પુરૂષોને તો તેટલાથીજ લાભ થાય તેમ નથી, તેમણે તો બીજા ધર્મનો ઉપદેશ સાંભળી તેમાંથી **સારાસાર** ગ્રહણ કરીને આપણા ધર્મપર હાલમાં જે કેટલાક નબળા મનનાઓની અશ્રદ્ધા થાય છે તેમને અન્ય ધર્મમાં જતા અટકાવવાની ખાસ જરૂર છે.

બુદ્ધિમાન પુરૂષોએ ખુબ યાદ રાખવાનું છે કે, ગમે તે ધર્મનો ઉપદેશ સાંભળી તેમાંથી **સારરૂપ** લઈને આપણા ધર્મને પુષ્ટિ આપવી તેજ તમારો ખરો ધર્મ છે, અને આપણો ધર્મ મૂકી દેવાથી કશો ફાયદો થશે નહી, કારણ કે:—

स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः

તમને જે ધર્મમાં જન્મ આપ્યો છે, તેજ ધર્મ તમારો ખરો છે, અને પોતાનો ધર્મ મૂકવામાં જેટલું પાપ છે, તેટલું પાપ બીજા કોઈ કર્મમાં નથી; માટે એટલું તો સર્વેએ ધ્યાનમાં રાખવું જોઇએ કે,—ગમે તે ધર્મનો ઉપદેશ સાંભળીને તેમાંથી

સાર ગ્રહણ કરી, પોતાનું કર્ત્તવ્ય ઉત્તમ રીતે પાલન કરીને તેતે **સત્ય** માર્ગની પ્રતીતિ કરાવી આપવી.

વળી એક બીજું પણ યાદ રાખવાનું કે—આપણો ધર્મ, તથા બીજાનો ધર્મ, અને દુનિઆના બધા ધર્મમાં **સત્ય** હોવું જોઇએ, કારણકે, **સત્ય** વગર કોઈ ધર્મ વધારે ટકી શકે નહિ; જ્યારે હલકા, અને નજીવાં, ધર્મમાં **સત્ય** છે તો આપણા ધર્મમાં **સત્ય** કેમ ના હોય; ? માટે આ વાકય ઉપર દરેક માણસે ધ્યાન રાખી પોતપોતાના ધર્મમાં વિશ્વાસ રાખવો જોઇએ; ફક્ત ફેર એટલોજ રાખવો જોઇએ કે, સંદિગ્ધ વસ્તુ આપણા ધર્મમાંથી ન સમજાય તેનો તોડ કાઢીને **સત્યને** ગ્રહણ કરવું તેજ બુદ્ધિશાળી મનુષ્યોનું કર્તવ્ય છે જેમકે:—

એક આંબાનું ઝાડ હોય તેનાં થડ ડાળીઓ, છાલ પાદડાં, અને મૉર, મરવા, કેરી, ગોટલો વિગેરે અનેક નામો હોય છે, પણ તે સર્વ આંબાનુ ઝાડજ કેહેવાય છે, તેવીજ રીતે દરેક ધર્મમાં **સત્ય** એજ આબાનું ઝાડ એકજ છે; અને જે અનેક ધર્મો દુનીઆમાં છે તે સર્વે તેનાં ડાળીઓ, પાદડાં, મરવા, અને કેરી, વિગેરે જેવા અનેક નામ ધર્મનાં આપ્યાં છે, પણ આખરે **સત્ય**માંજ બધા ધર્મો મળ્યા છે, **સત્ય** વગર કોઈ ધર્મજ કહી શકાય નહિ; જે ધર્મમાં **સત્ય** ના હોય તેને ધર્મ કહેવાય નહિ; તે માટે કોઈની નિંદા નહિ કરતાં **સત્ય** હોય તે ગ્રહણ કરવું;

જેમ સૂર્યનો પ્રકાશ બધે આવે છે, તેમ જ્ઞાનનો પ્રકાશ બધા ધર્મનો પ્રકાશ છે જેવા કે (* સાયન્સની રીતે જોતાં) એક મહાસાગરમાંથી અનેક નદીઓ ઉત્પન્ન થઇને પાછી તેને મળી

* તાપથી દરીઆનું પાણી ઉકળીને વરાળ રૂપે આકાશમાં જઇ પહાડો ઉપર પડીને નદી રૂપે પ્રવાહ અગર વરસાદ રૂપે વહે છે.

છે, તેમ ઈશ્વરી **સત્ય**માંથી આવા જુદા જુદા **સત્ય**ના ધર્મો જન્મ પામ્યા છે, અને તે પાછા **સત્ય**માંજ જઈ મળવાના છે તેજ તેમનું મૂળ સ્થળ છે અને તેમાંજ તે સમાય છે. તેમ મહાસાગરને મળનારી દરેક નદીઓનું પાણી એકજ પ્રકારનું થઈ જાય છે. માટે **સત્યથી** ચાલવું એજ દરેક ધર્મનો મૂળ સિદ્ધાંત છે.

નીતિ અને ભક્તિ વિષે ખુલાસો.

નીતિવાળા પુરૂષો કહે છે કે,–બસ નીતિએ ચાલીએ તો પછી ભક્તિની કંઈ જરૂર નથી; હું તેમને પૂછું છું કે,–નીતિનો અર્થ શું; ? ત્યારે કહે છે કે અનીતિ એ ચાલવું નહિ તથા નિયમમાં રહેવું, વિગેરે.

ફરી પૂછું છું કે,–કોઇ આપણા ઉપર એશાન કરે તેનો ઉપકાર માનવો તથા આપણાં માબાપના કહ્યામાં રહેવું? તથા તેમની સેવા કરવી, એ નીતિ ખરી કે નહિ ? ખરીજ ! કારણ કે આપણા ઉપર ઉપકાર કર્યો છે, તેથી તથા માબાપે આપણને નાનાથી મોટા કર્યા તેથી.

ત્યારે નીતિવાળા પુરૂષોએ વિચાર કરવાનું છે કે,–

આપણું શરીર, તથા જન્મ ઇશ્વરે આપેલાં છે, માબાપ ફક્ત દશ પંદર વરસ તમારી સંભાળ રાખે છે, તેથી આપણે માબાપની ગમે તેટલી ચાકરી કરીએ તોપણ તેનો બદલો વળતો નથી, એમ શાસ્ત્રમાં કહેલું છે; તો પછી જ્યારે ઈશ્વર કે જીંદગી સુધી આપણી ખબર રાખે છે, તથા આપણને નિર્વાહ માટે

ટાઢ, તડકો, પાણી, વનસ્પતિ, ઐાષધો, ફળ, અનાજ, વિગેરેની આપણને જે જોઇએ તે સોઈ કરી મૂકે છે; તેનો ઉપકાર કેમ કરીને વાળી શકાય. બીજું આપણાં શરીરને ઈશ્વરે કેવી રીતે બનાવેલું છે! તે કોઈથી બની શકે તેવું નથી!

આપણો આ દુનિઆમાં જન્મ થવા પહેલાં ઈશ્વર માતાના સ્તનમાં દૂધ કરી મૂકે છે. અથવા ગર્ભમાં કેવી રીતે સંભાળ રાખે છે, આવો ઈશ્વરે આપણા ઉપર ઘણો ઉપકાર કર્યો છે; તો પછી તેને કેમ માનવો નહિ? તેમને કોઇ દહાડો ભૂલવા નહિ, તેમની જેટલી પૂજા કરો તેટલી ઓછી છે;

અહીંના માણસો તો પોતાના સ્વાર્થ માટે આપણો ઉપકાર કરશે; પણ ઈશ્વરે તો સ્વાર્થ વગર ઉપકાર કર્યો છે, તથા કરે જાય છે;

માટે **નીતિવાળા મિત્રોએ** પોતાનો વખત કાઢીને અવશ્ય પરમેશ્વરની પૂજા સેવા કરવી જોઇએ; ઈશ્વરને નહિ માનવો તેજ એક પહેલી મોટી અનીતિ છે. તે સમજવું જોઇએ.

તેમજ ભક્તિવાળા પુરૂષો કહે છે કે, હમે તો ઈશ્વરની ભક્તિ કરીએ તો પછી હમારે નીતિ ઉપર વધારે લક્ષ રાખવાની કંઈ જરૂર નથી; હમે તો ઈશ્વરના શરણ થયા છે, તો હમારે નીતિ, અગર અનીતિ શું છે, તે વિચાર કરવાની વધારે જરૂર નથી; કેમકે હમે તો ફક્ત એકજ સમજીએ છીએ, તેમાંજ પરમેશ્વર હમારૂં કલ્યાણ કરશે;

હું ભક્તિવાળા પુરૂષને પૂછું છું કે,—તમારાં માબાપ જ્યારે માંદાં હોય ત્યારે તેમને ખુબ ખવરાવો પીવરાવો, સેવા ચાકરીમાં હાજર રહો; સંભાળ રાખો; પણ તેમનો કહેલો હૂકમ ન માનો તો તેમને ખોટું લાગશે કે નહી?

તેમનાં કહેલાં વચન કદી પણ ન માનો; અને તેમની પૂજા તો કરો તો તેથી માબાપ ખુશી થશે ? ના. એમજ કહેશે કે, હમારાં કહેલાં વચન તો તું એકે માનતો નથી; તો પછી ફક્ત હમારી પૂજા કરવાથી તારૂં શું સારૂં થશે ? માટે હજી પણ હમારાં કહેલાં વચન માનીશ તો સારૂં થશે; જેમ વ્યભિચારી સ્ત્રી પોતાના ધણીની સેવા કરે તો તેથી શું કલ્યાણ થાય !

બીજો–દાખલો–ભક્તિવાળા પુરૂષ ઉપર કોઇ બીજા પુરૂષે કોઈ બાબતનો એસાન કરેલો હોય, અને જ્યારે તેનું કામ પડે તે વખતે એસાનવાળાનું બતાવેલું કામ તે પોતે ના કરે અને ફક્ત મનથી, એસાન માને, તેથી એસાન કરનાર પેલો માણસ તેના ઉપર ખુશી થશે કે ? નહિજ ! આ વાત પણ ભક્તિવાળા પુરૂષે સમજી લેવી જોઇએ;

માટે કહેવાની મતલબ એવી છે કે,–ભક્તિ–અને નીતિ એકજ છે, બેને માનવાથીજ કલ્યાણ થાય છે, એક માનવાથી કોઇ દહાડો કલ્યાણ થાય નહિ; એ નક્કી સમજવું;

ભક્તિ–એટલે ઈશ્વરે આપણા ઉપર અગાધ ઉપકાર કર્યો છે, અને કર્યા જાય છે, તેને ભૂલી નહિ જતાં હમેશાં તેનું સ્મરણ કરવું; તથા તેની પૂજા, સેવા, દર્શન કરવાં વિગેરે. તેમજ ઇશ્વરે જે કાયદા ઘડયા છે, તે પાળવા તથા ઈશ્વરના કહ્યામાં રેહેવું; એટલે ઈશ્વરનું બતાવેલું કામ કરવું તે પણ ભક્તિ કહેવાય છે.

અહીઆં શંકા થાય છે કે,–ઇશ્વરનો કાયદો શું ? અને વળી તેનું કામ શું હશે ?

જવાબ–આપણાં ધર્મ શાસ્ત્ર જે કહે છે તેજ તેનો કાયદો

તથા તેનું કામ સમજવું; માટે ધર્મશાસ્ત્રનાં પુસ્તકમાં લખેલી બાબતો પ્રમાણે ચાલવું;

સર્વ મિત્રોએ યાદ રાખવું કે,–ધર્મશાસ્ત્ર કોઇ પવિત્ર મહાત્માના સંગથી, અથવા પવિત્ર પંડિતનાં મુખથી સાંભળવું; પણ પાપી તથા સ્વાર્થી પંડિત કે માહાત્માના મુખથી સાંભળવાથી ખરો કાયદો તમારા હાથમાં આવશે નહિ; એવા ઉપદેશ સાંભળવા સારૂજ આપણાં ધર્મશાસ્ત્ર જાત્રા કરવાની આજ્ઞા કરે છે; પવિત્ર તીર્થોમાં જવાથી ધર્મપર ખરૂં દીલ ચોંટે અને પવિત્ર માહાત્મા મળી શકે એજ તેમનો હેતુ છે; દેવદર્શનાદિમાં પણ એજ સાર છે;

પાપકર્મથી વ્યવહારિક કામમાં થતાં નુકશાનો.

શ્રદ્ધા વગરના કેટલાક માણસો કહે છે કે, ખાવું પીવું અને મજામાં રહેવું તેજ ખરૂં છે, અને પાપની બીક રાખવાથી શું ફાયદો મળવાનો છે; અને અન્ય જન્મમાં પાપનાં ફળ ભોગવવાં પડે છે તેનો કોણ પુરાવો આપે છે; હમને તો હાલમાં નુકસાન થાય તો માનીએ. એવા વિચારવાળાઓને નીચે લખેલાં નુકશાનો વિચારવાથી સહજ પોતાની ભૂલ સમજાશે.

પાપ ૧–લું ચોરી કરવાથી વ્યવહારિકમાં થતાં નુકશાનો.

જ્યારે કોઈ માણસ ચોરી કરે છે તો તેનું મન કેટલું

ફીકર ચિન્તામાં રહે છે, તેથી લોહી બળે છે, અને કોઈ હાડાહાડો શાંત રેહેવા પામતો નથી; આમથી કોઈ પકડશે કે, આમથી કોઇ આવશે; તેવી ફીકર હમેશાં શરીરમાં રહ્યાંજ કરે છે; હું ધારૂં છું કે, ચોર રાત્રે પણ બરાબર ઊંઘતો નહિ હોય; વળી પોલીસવાળા હંમેશાં ચોર પછવાડે લાગ્યા રહે છે; આપણે તો જ્યારે મરીશું ત્યારે જમ આપણી પાસે આવશે, પણ ચોરની પાસે તો હંમેશાં જમ કાયમ રહે છે.

બીજું–ચોરી કરનાર માણસનો આખી દુનિયાં હંમેશાં તિરસ્કાર તથા ધિક્કાર કરે છે, અને તેનો કોઈ બીલકુલ વિશ્વાસ કરતું નથી; તે થોડું દુઃખ છે! દાખલા તરીકે, કોઇ સ્ત્રીની કંઇ કસુર આવવાથી, તેની સાસુ, અગર માબાપ તેનો ધિક્કાર કરે છે તો તેથી ઘણી સ્ત્રીઓ કૂવામાં પડી મરી જાય છે. જ્યારે એક માણસના તિરસ્કારથી સ્ત્રી જાત છતાં તે પોતાનો જાન કાઢવા તત્પર થાય, અને ચોર તો પોતે પુરૂષ છતાં, તથા આખી દુનીઆ તેનો તિરસ્કાર કરે છે, તો તેને જીવવા કરતાં મરી જવું સારૂં છે; અગર તે જીવતો હોય તો પણ મુવા જેવોજ છે.

ત્રીજું–ચોર માણસને ધંધો રોજગાર કોઈ આપે નહિ. અગર મળે નહિ, તથા ભોગજોગે તેના રહેવાના મેહેલ્લામાં ચોરી થઇ હોય, અને તેણે પોતે ચોરી કરી ના હોય તો પણ પોલીસવાળા તેને શક ઉપર પકડે છે, અને મેહેલ્લાનાં માણસો તેના ઉપર શક લાવે છે.

આ ઉપરથી સમજાશે કે, ચોરી કરવાથી કેટલું નુકસાન થાય છે.

૧ ચિંતાથી તથા ધાસ્તીથી લોહી બળે છે; ૨ આખી

દુનિયા તિરસ્કાર, તથા ધિક્કાર કરે છે, ૩ પોલીસ હુંમેશાં તેની પછવાડે પડે છે. તથા નડે છે, ૪ કોઈ દાહાડો ધંધો રોજગાર મળે નહિ. તથા કોઈ વિશ્વાસ રાખે નહિ, ૫ એક વખત ચોરી કરી હોય, ને પછી ના કરે તોપણ ચોરીનો આરોપ માથે આવે છે. તે માટે કદી પણ ચોરીનો વિચાર સરખો કરવો નહિ.

પાપ ૨–જું વ્યભિચાર કરવાથી થતાં નુકશાનો.

વ્યભિચાર કરવાથી પૈસાની ખુવારી થાય છે, તથા શરીરમાં શક્તિ રહેતી નથી; વૈદકશાસ્ત્ર કહે છે કે, સ્ત્રી અગર પુરૂષ જો કદી વ્યભિચાર કરે તો તેથી એક બીજાના રોગ ચઢયા વગર રહે નહિ.

વ્યભિચારી સ્ત્રી ભાગ્યેજ રોગમુક્ત હોય છે. અનેક પુરૂષોના સંસર્ગથી તેના શરીરમાં કેટલાક ચેપો ઉતરી આવે છે; અને એવી સ્ત્રી સાથે વ્યભિચાર કરવાથી એવા એવા રોગ તેના સંસર્ગી અન્ય મનુષ્યોના શરીરમાં આવે છે; અને તેવા રોગો પછી સાધારણ કુંટુંબોમાં ઉતરે અને પ્રજા પણ તેવી રોગીષ્ટ થાય એ શું ઓછું હાનિકારક છે?

વૈદકશાસ્ત્ર કહે છે કે, પુરૂષ જ્યારે પર સ્ત્રી સાથે વ્યભિચાર કરે અને તે પુરૂષ પછી જો સ્વસ્ત્રી સાથે સમાગમ કરે તો તે સંસર્ગથી જે કન્યા ઉત્પન્ન થાય તેમાં પારકી સ્ત્રીનાં લક્ષણો આવે, એટલે આપણી કન્યા વ્યભિચારી અને રોગી થાય; અને છોકરો પણ તેવોજ થાય, અને તેની સાથે આપણું શરીર રોગી, તથા કમતાકાત થવાથી આપણી સ્ત્રી પણ આખરે વ્યભિચારી થાય છે.

મિત્રો જરા વિચાર કરશો કે, વ્યભિચારમાં કેટલું દુઃખ તથા નુકશાન છે; કહેવતમાં કહ્યું છે કે, "પેહેલું સુખ તે જાતે નર્યા" તે આપણું ૧ શરીર તદ્દન લાસ જાય, અને ૨ પૈસાની ખુવારી; તથા ૩ સ્ત્રી, કન્યા તથા પુત્ર વિગેરે પણ તે તે દોષનાં ભોગ બને, વળી તેની સાથે ૪ દુનિયાંનો પણ ફિટકાર ! ધિક્કાર થાય છે એ જીવનને !

પાપ ૩–જું જુઠું બોલવાથી થતાં નુકશાનો.

જુઠા માણુસના ઊપર લોકો વિશ્વાસ રાખતા નથી; તથા જુઠાને પોતાને કંઈ કામ હોય, અને સાચું બોલે તો પણ તે-પર વિશ્વાસ નહિ આવવાથી, તેને જુઠામાં ગણી તેનું કામ કોઇ કરે નહિ અને તેથી તે બગડે છે;

બીજું–જુઠું બોલનાર માણસ બીજા માણસને પણ પોતાના જેવો જુઠો જાણવાથી, હરકોઇ બીજો માણસ તેની પાસે આવીને કંઇ પણ કામની વાત–સાચી વાત કહે તો પણ તેને તે સાચું માનતો નથી; કારણ કે, પોતાને જેવો અભ્યાસ જુઠું બોલવાનો છે તેવોજ તે બીજા સર્વેને જુવે છે. તેથી કોઇની પણ વાત સાચી નહિ માનવાથી તેને કેટલાંક વ્યવહારિક કામમાં હરકતો આવે છે. જેમકે, કોઇ સગુવહાલું તથા સ્નેહી, કંઈ સાચી વાત તે જુઠા માણસને કહે તો પણ સદરહુ માણસ અંતઃકરણથી તે કબુલ કરતો નથી અને તેથી તેમના સાથે પણ વિરોધ થાય છે.

તે સિવાય વેપાર રોજગારમાં તથા નોકરી, અને વ્યવહારિક કામોમાં હરકતો આવવાથી પણ ઘણું નુકશાન થાય છે.

પરમેશ્વરે મનુષ્યનો ઘણો ઉત્તમ અવતાર આપ્યો છે છતાં

તે જુઠાને પશુ જેવો ગણીને તેની સાચી વાત કોઈ કબુલ કરતું નથી. કોઈ વિશ્વાસ રાખતું નથી તે થોડુ દુઃખ છે!

પાપ ૪–થું કપટ કરવાથી થતાં નુકશાનો.

કપટ તથા પ્રપંચ એ માણસને મોટો શત્રુ છે. પોતાનું મન પ્રપંચમાં સદાકાલ રહેવાથી લોહી બળ્યા કરે છે. તથા પ્રપંચી માણસથી લોકો પણ બહુ બ્હીતા રહે છે. સારા માણસો તેનો સંગ કરતા નથી, કારણ કે પ્રપંચી માણસથી બહુ નુકશાન થવાનો સંભવ રહે છે; એક વખત પ્રપંચ કરવાથી આખી જીંદગી સુધી તેનો વિશ્વાસ ઊઠી જાય છે, લાખ રૂપીઆની સાચી વાત કહે, તો પણ માણસો તેને એક કોડીની પેઠે કાઢી નાંખે છે; અને કહે છે કે એનો શો વિશ્વાસ, એતો ઘડીકમાં ગળું કપાવે એવો છે?

વળી કેટલાંક સારા કામની બાબતોથી લોકો તેને અજાણ રાખે છે; કારણ કે, તેને ખબર પડશે તો ગમે તેમ પ્રપંચ કરી આપણું કામ બગાડશે, એમ લોકોના મનમાં ઠસી ગએલું હોય છે, જેમ ભૂત પિશાચ તથા જમ, રાક્ષસો અને વાઘ, સર્પ જેવાં પ્રાણઘાતક જાનવરોથી મનુષ્યો બ્હીતાં રહે છે, તેવી રીતે કપટી માણસથી પણ લોકો તથા સગા સંબંધી સ્નેહી, પાડોસી વિગેરે સર્વે કોઈ હમેશાં બ્હીતાં રહે છે; કેમકે એના પ્રપંચથી મોટું નુકશાન થવાની ધાસ્તી રહે છે. વળી પ્રપંચીને પણ વહેપાર રોજગારમાં મોટી હરકતો સાથે નુકશાન થાય છે. તથા તેના છોડી છોકરાનું સગપણ સંબંધ જોડતાં પણ સૌ કોઈ બ્હીએ છે, એવી અનેક હરકતો સાથે તેની જીંદગી ગુજરે છે.

૧–લોહી બળે છે. ૨–સારા માણસો સંગ તેનો કરતા નથી. ૩–પોતાની સાચી વાતને લોકો જુઠી ગણે છે. ૪–એનો વિશ્વાસ ઉઠી જાય છે. ૫–લોકો સારા કામથી એને અજાણ રાખે છે. ૬–એ માણસને ભૂત પિશાચ અને સર્પ જેવો ગણે છે. ૭–છોડી છોકરાનું સગપણ કરતાં બીહે છે.

પાપ ૫–મું અદેખાઇથી થતાં નુકશાનો.

અદેખાઈથી પણ લોહી બળે છે, તથા શાન્તિ પણ રેહેતી નથી, અદેખાઇથી ઘણા શત્રુ ઉત્પન્ન થાય છે, કારણકે–અદેખો માણસ પોતે નુકશાન વેઠીને પણ બીજાનું નુકશાન કરવા ઇચ્છે છે તેથી સગાં સંબંધી, નાતજાત, સ્નેહી, મિત્ર, પાડોસી, એ સર્વે ઉપર તેને અદેખાઇ આવવાથી બધાં તેના શત્રુરૂપ થાય છે; આ દુનિઆમાં શાન્તિ એજ ઘણી મોટી ચીજ આપણને પરમેશ્વરે આપેલી છે છતાં તેનો લાભ અદેખો માણસ બિલકુલ લઇ શકતો નથી;

ઇંદ્રે ઘણી વખત અદેખાઇથી તપસ્વીઓનું બુરૂં કરવામાં બાકી રાખ્યું નથી, તથાપિ તેમાં તે ફતેહમંદ થયો નથી. એક દંતકથા ચાલે છે કે એક અદેખાએ મહાદેવ પાસે જઇને માગ્યું કે મહારાજ મારા પાડોશીની એક આંખ ફોડો; માહાદેવે જવાબ આપ્યો કે તારી બે ફુટે તો એની એક ફોડું. અદેખાએ એ વાત કબુલ કરી, પરંતુ પોતાનો જાતિસ્વભાવ છોડયો નહિ;

બીજો–દાખલો–એક વખત શરીરના બધા અવયવોએ વિચાર કર્યો કે આપણે બધા પોતપોતાનું કામ કરીએ છીએ અને પેઠ વગર મેહેનતે, બેઠું બેઠું ખાય છે, માટે આજથી આપણે કશી ક્રિયા કરવી નહિ, એવો સંપ કરી બધાએ પોત પોતાના વ્યા-

પાર બંધ કર્યા, તેથી ખાવા પીવાનું કામ અચકી પડયું. આ વાતને બે દિવસ થયા એટલે પગ નરમ પડવા લાગ્યા, આંખોએ અંધારાં આવ્યાં, માથું ચડવા માંડયું. અને છેવટે બોલવાની શક્તિ રહી નહિ; આ પ્રમાણે થવાથી બધા અવયવોએ વિચાર કર્યો કે આપણી અદેખાઇ આપણનેજ પુંણી અને પેટને તો કાંઇ થયું નહિ માટે જેમ ચાલે છે તેમ ચાલવા દો.

૧ લોહી બળે છે; ૨ શાન્તિ વગર જીંદગી ગુજરે છે, ૩ બધા શત્રુ થવાથી વ્યવહારિક કામમાં હરકત થાય છે; ૪ દુનિઆનો ધિક્કાર થાય છે. એજ લાભ અદેખાઈમાં રહેલો છે. અર્થાત્ એ પાપ–એ દુર્ગુણ મનુષ્યના જીવનમાં ભડકો કરે છે–અને કદિ પણ સુખ થતું નથી.

પાપ ૬ ઠું પરનિંદા કરવામાં થતાં નુકશાનો.

નિંદા કરનાર માણસ હંમેશા સારા અથવા ખોટા માણસની નિંદા કરે છે અને તેથી એને ઘણી વખતે લઢાઇ થાય છે; બીજા લોકોને તો સ્વાર્થથી લઢાઇ ટંટો, શત્રુ, ઉત્પન્ન થાય, પણ નિંદા કરનાર માણસને તો સ્વાર્થ વગર લઢાઈ ટંટો, તથા શત્રુ ઉત્પન્ન થાય છે.

નિંદા કરનાર માણસને બધા લોકો કચરાથી પણ હલકો ગણે છે એટલે તેને ઘણો નીચામાં નીચો અધિકાર મળે છે; પશુથી પણ હલકો.

એને કોઈ દાહાડો જંપીને બેસવાનો વખત, તથા આરામ મળતો નથી, કારણ કે નિંદા કરનારનો બધો વખત નિંદામાંજ જાય છે; તથા તેનો કોઈ પણ ખરો મિત્ર થતો નથી; અને બીજા પાપી લોકોથી દુનિયામાં થોડાજ માણસોને નુકસાન થાય

છે, પણ નિંદા કરનાર માણુસ તો દુનિયામાં કોઇ પણ માણુસની નિંદા કર્યા વગર રહેતો નથી; એટલે બધાની નિંદા કરે છે, તેથી નુકસાન પણ બધાને થવાનો સંભવ રહે છે. હું ધારૂં છું કે નિંદા કરનાર માણુસ પોતાનાં માબાપની તથા ગુરૂ; અને પરમેશ્વર સુદ્ધાંની પણ નિંદા કરવા ચૂકતો નથી.

૧ સ્વાર્થ વગર હંમેશાં લઢાઈ તથા ટંટો થાય છે.

૨ શત્રુ ઘણાજ ઉત્પન્ન થાય છે.

૩ કચરાથી પણ હલકો અધિકાર મળે છે.

૪ આરામ કોઈ દાહાડો મળે નહિ.

૫ ખરો મિત્ર કોઇ થતો નથી; તેથી તેના દુઃખમાં કોઇ સહાય પણ થાય નહિ.

૬ સગા સંબંધીઓથી કોઈ દાહાડો સંપ રહે નહિ.

આમ અનેક ગેરફાયદા પરનિંદામાં છે માટે નિંદા કરવાનો સ્વભાવ રાખવો નહિ.

મનુષ્યોનું પરસ્પર કર્તવ્ય.

દુનિયાનાં સર્વે પ્રાણીઓમાં મનુષ્ય પ્રાણી ઉત્તમ અને શ્રેષ્ટ અધિકાર ભોગવે છે. તેનું કારણ માત્ર એક જ્ઞાન–સદસદ્વિવેક બુદ્ધિ એજ છે. જ્ઞાન વગરનો મનુષ્ય તે પશુ છે; કારણ જો વિચાર કરીએ કે; દુનીઆનાં સર્વે પ્રાણીઓ કરતાં મનુષ્ય અવતાર જે આપણને મળ્યો છે, તે શાથી મળ્યો હશે? આપણે એમજ કહીશું કે, સારાં કર્મ કરવાથી ઉત્તમ અવતાર મળ્યો છે; ત્યારે સારાં કર્મ કીયાં હશે?

ઊંઘવું, આહાર, મૈથુન, અને ભય, એ ચાર તો પશુ અને મનુષ્યમાં સરખાં છે માત્ર ધર્મ મનુષ્યોમાં વિશેષ છે, એ વિશેષ તે પૂર્ણ કરે તોજ મનુષ્યનો અવતાર ઉત્તમ ગણાય, નહિ તો બીજાં પ્રાણીઓ જેવોજ ગણાય; હું તો કહું છું કે, બીજાં પ્રાણીઓને તો પરમેશ્વરે જ્ઞાન આપ્યું નથી; માટે તે કંઈ વિશેષ ના કરે તો તેને દોષ નથી, પણ મનુષ્યને તો ઈશ્વરે જ્ઞાન આપેલું છે છતાં, આપેલાં જ્ઞાનનો તે ઉપયોગ ના કરે તો તે ગુન્હેગાર છે. માટે સારાં કર્મ કરવાં એ મનુષ્યોની ફરજ છે.

દરેક મનુષ્યોએ સમજવું જોઇએ છે કે, સર્વે પ્રાણીઓનો પિતા એક પરમેશ્વર છે; જેમ પિતા છોકરાંને ઉત્પન્ન કરે છે, અને ઉત્પન્ન કર્યા પછી તેમની સંભાળ રાખે છે, તેવીજ રીતે પરમેશ્વરે આપણને આ દુનિયામાં મનુષ્યનો જન્મ આપ્યો છે, અને જન્મ આપ્યા પછી તે આપણી સંભાળ રાખે છે; તો પેહેલીજ આપણી ફરજ એ છે કે, પરમેશ્વરને કદિ ભૂલી ન જવો, તેનું નિત્ય સ્મરણ કરવું.

બીજું જ્યારે સર્વે પ્રાણીનો પિતા પરમેશ્વર છે, અને આપણે તેમનાં છોકરાં છીએ તો સર્વે મનુષ્ય આપણા બંધુ થઈ ચૂકયા, ત્યારે આપણે એક પિતાનાં કુટુંબીઓ–ભાઇઓ થયા. જ્યારે આપણે બધા ભાઇઓ છીએ તો આપણી ફરજ છે કે, તે સર્વેનું ભલું કરવા ઇચ્છા રાખવી જોઇએ.

માટે મનુષ્યોએ અજ્ઞાનથી ઉપજતી વૈરબુદ્ધિનો ત્યાગ કરી પરસ્પર પ્રેમભાવથી વર્તવું ઉચિત છે. જાતિ, દ્રવ્ય, વિદ્યા વડે પોતાનાથી ચઢતી સ્થિતિ વાળા મનુષ્યો હોય તેમના પ્રતિ વિનયથી વર્તી પ્રસન્ન રહેવું, જેઓ પોતાના સમાન હોય તેમ-

નામાં મિત્રની ભાવના રાખવી, પોતાનાથી ઉતરતી સ્થિતિવાળા પ્રતિ ક્રૂર ન થવું, પણ દયાળુ થવું, ને તેમને યથાશક્તિ સાહાય્ય કરવી, પુણ્યકર્મ કરનારની અસૂયા નહિ કરતાં તેના શુભ કર્મથી પ્રસન્ન થવું, અને પાપીની સ્તુતિ નિંદા નહિ કરતાં ઉપેક્ષા કરવી. પ્રત્યેક મનુષ્યે સાવધાનતા પૂર્વક પોતાના દોષો જોઇ તેમને દૂર કરવાનો યત્ન સેવવો જોઈએ, પણ નિરર્થક અન્યના દોષો જોઈ તેની નિંદા કરવામાં કે અદેખાઇ કરવામાં કાલક્ષેપ કરવાનો નથી. મનુષ્ય જીવનની ક્ષણભંગુરતા તથા ભોક્તા અને ભોગ્યના સંબંધની અનિત્યતા જાણી કોઈ સાથે વૈર બાધવું, કે દ્રવ્યાદિની તૃષ્ણાને વશ થઇ કોઇનું ભુંડું કરવું એ સમજુને ઉચિત નથી; ધન, શરીર, વાણી, ને મનથી બીજાનું જેટલું ભલું કરી શકાય તેટલું ભલું કરી લેવું એજ સમજુ માણુસનું કર્તવ્ય છે.

રાજાઓની ફરજ.

રાજાઓ પિતા અને ઇશ્વર સમાન મનાય છે અને પ્રજા તેમની પુત્ર પુત્રી સમાન ગણાય છે; તો પિતા, અને ઈશ્વર; આ બે, ઘણાજ મોટા અધિકાર રાજાઓને આ દુનિઆમાં મળ્યા છે.

એ બે અધિકાર રાજાઓને કેમ મળ્યા છે?

જવાબ—સારાં કર્મ કરવાથી; સારા કર્મ ના કરે તો તે ઈશ્વર, અને પિતા તુલ્ય ગણાય નહિ, અને પોતાની ફરજનાં ગુન્હેગાર થાય, માટે રાજાઓએ, પરમેશ્વરે આપેલા પોતાના માહાન અધિકારનો વિચાર કરીને ચાલવું જોઇએ;

પેહેલો અધિકાર પિતાનો છે, તેનો વિચાર કરીએ;

જ્યારે રાજા પિતા, અને પ્રજા પુત્ર પુત્રી ગણાય તો રાજા મહારાજાઓએ સમજી લેવું જોઈએ કે, તેમણે પોતાના પુત્ર પુત્રીની પેઠે પ્રજાનું પાલણ પોષણ કરવું જોઇએ; અને એમ થાય તોજ માહારાજાઓનું શ્રેય છે, અને પ્રજાને સારી રીતે પાલણ પોષણથી બુદ્ધિશાળી કરે તોજ રાજ્યનું સારૂં બંધારણ થાય; કેમકે, મૂર્ખ પુત્રોથી કોઈ દિવસ પિતા સુખી થાય નહિ, તેમજ મૂર્ખ પ્રજાઓથી કોઈ દિવસ રાજા પણ સુખી થાય નહિ; અને રાજ્ય પણ સારા બંધારણ ઉપર આવે નહિ; માટે પ્રજા ઉપર બરાબર દેખરેખ રાખવી; અને બધી પ્રજાને પોતાનાં પુત્ર પુત્રી સમાન ગણવી એ રાજાઓનું પ્રથમ કર્તવ્ય છે.

બીજો અધિકાર ઇશ્વરનો મળ્યો છે તે જોઇએ,

જ્યારે રાજાને ઈશ્વર સમાન ગણ્યા તો મહારાજાઓમાં ઈશ્વર જેવા ગુણ હોવા જોઇએ, પોતાના રાજ્યમાં પક્ષપાત વગર અદલ ઈન્સાફ આપવો જોઇએ, તેમાંજ રાજ્યને ફાયદો છે, ગુન્હેગારને બરાબર શિક્ષા કરવી જોઇએ, અને સારાં કામ કરે તેને માન આપવું જોઇએ, જેમ પરમેશ્વરે મનુષ્યના માટે સુખ સાધન કરી મૂકયાં છે, તેવીજ રીતે માહારાજાઓએ પણ પોતાના રાજ્યમાં પ્રજાને માટે સુખ સાધન કરી મૂકવાં જોઇએ, કોઇનો પક્ષપાત કરવો નહિ; પ્રજા ઉપર હમેશાં દયાની–કૃપાની નજરથી જોવું જોઇએ; ટુકામાં ઇશ્વરના સર્વે ગુણ પોતામાં છે એમ ધારી તે પ્રમાણે વર્તવું જોઈએ તોજ રાજ્યને અને રાજાને ફાયદો છે;

રાજાને અવશ્ય પાળવાના નિયમો નીચે મુજબ.

રાજાઓએ પોતાની પ્રજાને પુત્ર પુત્રી ગણી તેનાપર પ્રીતિ

રાખવી જોઈએ, દેશના તથા પરદેશના શત્રુઓથી પ્રજાના જાન-માલનું રક્ષણ કરી તેમને શુદ્ધ ન્યાય આપવો, અને દ્રવ્યતૃષ્ણાને વશ થઈ અથવા ઇંદ્રિયોને આધીન થઈ પ્રજાને રંજાડવી નહિ. તેણે પ્રજાની નીતિ, બુદ્ધિ, આરોગ્ય, ને બાહ્ય સંપત્તિ ઉત્તમ પ્રકારનાં થાય અને તેઓ સુખી થાય એવા ઉપાયો યથા સામર્થ્ય યોજવા જોઈએ, રાજાએ પ્રજાના પ્રતિનિધિદ્વારા, તથા ચારદ્વારા, તેમજ પ્રસંગોપાત પોતે રાત્રે વેશ બદલી ભ્રમણ કરી પોતાની પ્રજાની સ્થિતિથી જ્ઞાત રહેવું જોઈએ, ને પ્રજાને જે જે દુઃખો રાજ્ય ભણીથી પડતાં જાણવામાં આવે, તે બનતે પ્રયત્ને દૂર કરવાં જોઈએ; ચોર, ઠગારા, વ્યભિચારીઓ, ને પ્રજાને પીડનાર અધિકારીઓ પર ગુપ્ત રીતે બહુ દેખરેખ રખાવી તેમને શિક્ષા કરતા રહેવું જોઇએ,

---

પ્રજાની ફરજ.

પ્રજાએ પોતાના **રાજાને પિતા** સમાન તથા ઈશ્વર સમાન માનવો જોઇએ, અને રાજા જે જે હુકમ કરે તે માનથી માનવો જોઇએ, રાજા ગમે તેવો હુકમ કરે, તેનો કોઇ પણ દિવસ અનાદર કરવો નહિ; જેમ પોતાના પિતા, અગર ગુરૂ; જે હુકમ કરે, અને તે આપણે ના માનીએ તો ઈશ્વરના ગુન્હેગાર થઇએ છીએ; તેવીજ રીતે રાજા આપણા ઉપર જે હુકમ કરે તે ના માનીએ તો તેથી પણ શાસ્ત્રનિયમ પ્રમાણે ગુન્હેગાર થઇએ છીએ; કદી રાજા આપણા ઉપર અજ્ઞાનથી ગેરન્યાજબી હુકમ કરે તોએ, તે માન્ય કરી તેમની જાણ માટે અરજ કરવી;

પણ ઉછાંછળા થઇને તેમના સામા થવું નહિ, કારણ કે તેમાં મોટો દોષ છે,

પ્રજાની ફરજ છે કે, જેમ બને તેમ રાજ્યને મજબુત પાયાદાર કરવું; અનીતિ થતી હોય તો બધી પ્રજાયે મળીને, વિવેકથી રાજાને અરજ કરવી; પણ રાજ્યનો તિરસ્કાર કરવો નહિ.

રાજા નિશાબાજ, તથા અનીતિવાન, હોય તોપણ પ્રજાની ફરજ છે કે, સદરહુ રાજાને નિશામાંથી, તથા અનીતિમાંથી હરેક યુક્તિવડે મુક્ત કરવો; પણ પ્રજાએ બીજા રાજાની કોઇ દિવસ ઇચ્છા કરવી નહિ.

દાખલા તરીકે,—સારા કુળની સ્ત્રી હોય તો તે એક ધણીથી પોતાની જીંદગી પાર પાડે છે, કેમકે, તે, સારી પેઠે સમજે છે કે, જેવું એક પતિમાં સુખ છે તેવું બીજો પતિ કરવાથી કોઈ દિવસ સુખ થવાનું નથી; અને કલ્યાણ પણ થવાનું નથી, તેવીજ રીતે પ્રજાએ સમજી લેવું જોઇએ છે કે, એક રાજ્યથી જે સુખ છે, તે બીજા રાજ્યથી કદી મળવાનું નથી; હાલમાં જે દુઃખ છે તેના કરતાં વિષેશ દુઃખ થવાનું; માટે રાજ્ય તરફથી, જે દુઃખ આવે તે પ્રારબ્ધ યોગ છે, તેવું સમજી ભોગવવું; અને વિવેકથી રાજાને શિખામણ આપતાં રહેવું, તેમાંજ પ્રજાનું કલ્યાણ છે.

ટુંકામાં—પ્રજાએ પોતાના **રાજાને ઈશ્વર રૂપ** ગણવો, તેમની આજ્ઞા માનવી, ને તેમનું અહિત કરવામાં પ્રવૃત્તિ કરવી નહિ, કોઇ અસાધારણ પ્રસંગથી રાજાની દ્રવ્ય સબંધી સ્થિતિ નબળી થઇ ગઇ હોય તો પ્રજાએ સ્વસામર્થ્યાનુસાર તેને

સાહાય્ય કરવી જોઇએ; તથા રાજાને બે હાથ જોડીને નમવું એક હાથથી સલામ કરવી નહિ. કેમકે જેમ ઈશ્વરને નમીએ છીએ તેવી રીતે રાજાને પણ નમવું જોઇએ; અને તેમના ઉપર સદાએ હેત શ્રદ્ધા રાખવી, તેમાંજ પ્રજાનું કલ્યાણ છે.

પૈસાદાર ગૃહસ્થોની ફરજ.

પૈસાદારને ઘણા લોકો શેઠ અગર મોટા માણસ કહે છે, અને એમ પણ કહે છે કે, પૈસાદાર ગમે તેવાં હોય પણ તે ડાહ્યા કહેવાય છે. જેમ આપણા બ્રીટીશ રાજ્યમાં સારાં કામ કરવાથી, ઈલિકાબ મળે છે, તેવાજ ઈલિકાબ શેઠ, મહાજન મોટા અને ડાહ્યા વગેરે આપણી દુનિયાં પૈસાદારોને સારાં કામ કર્યા પહેલાં આપે છે. તેનું કારણ શું ?

કારણ એટલુંજ કે પૈસા પ્રારબ્ધથી મળ્યા છે, માટે પૈસાદારને માન અગર મોટાઇ મળવી તે સર્વેનું કારણ પ્રારબ્ધ છે; કેમકે પૈસાદાર થવા આખી દુનિયા પ્રયત્ન કરે છે તથા ઇચ્છા રાખે છે, પણ પ્રારબ્ધ હોય તેનેજ પૈસા મળે છે, અગર ભેગા થાય છે એ વાત નક્કીજ છે.

પૈસાદાર ગૃહસ્થોએ જરા ધ્યાનમાં લેવાનું છે કે, શુભ કામ કરવાથી તમારૂં પ્રારબ્ધ સારૂં બંધાએલું છે, અને તેનું જે ફળ તે આ દુનિયામાં તમે ભોગવો છો તેજ છે; માટે બીજાં સાધારણ માણસો કરતાં સારાં કામ કરવાનો હક પ્રથમ તમારો છે, તે કામ નહિ કરો તો તમે ઈશ્વરના ગુન્હેગાર છો; કેમકે, સારાં કામ કરવાનું સાધન તમને ઇશ્વરે આપેલું છે; અને કોઈ

સાધારણ અગર ગરીબ માણસને કંઇ સારાં કામ કરવાની ઇચ્છા હોય તો પણ તેનાથી તે બની શકે નહિ; કેમકે સારા કામ સારૂ પૈસા જોઈએ, તો તેની પાસે મળે નહિ, અને પોતાનું ગુજરાન ચલાવવા સારૂ પોતાના ધંધા રોજગારમાંથી વખત પણ મળે નહિ, તેથી બિચારો કયે વખત, અને શું સાધનથી સારાં કામો કરે ? આથી સાધારણ માણસને તો એજ નકી થયું કે, તે તો પ્રમાણિકપણે પોતાનો ધંધોરોજગાર કરે અને તેથીજ તેનું કલ્યાણ છે; તેવું કલ્યાણ પૈસાદાર ગૃહસ્થોને નથી; કેમકે પૈસાદારને આ દુનિયામાં પરમેશ્વરે મોટા બનાવ્યા છે. ત્યારે તેમની ફરજ પણ મોટી હોવી જોઇએ.

પૈસાદારની મોટી ફરજ શી; ?

જે ગામમાં અગર શેહેરમાં, જે પૈસાદાર ગૃહસ્થો રહેતા હોય તે ગામના અથવા શહેરના મનુષ્યોનું દુઃખ નિવારણ થાય, એટલે બધાં મનુષ્ય સુખી થાય તેવો ઉપાય કરવો તેજ તેમની મોટી ફરજ છે;

મનુષ્ય સુખી થવામાં બે વસ્તુ મુખ્ય છે; પેહેલું સુખ નીતિએ ચાલી ઇશ્વરને અંતઃકરણથી ઓળખેથી તેમનું કલ્યાણ થાય તે; અને બીજું સુખ બધા લોકો ધંધો રોજગાર કરે તે. કોઈ મનુષ્ય પોતાના ગામમાં ધંધા વગરનો રહે નહીં; તેવાં સાધનો પૈસાદાર લોકોએ કરી આપવાં જોઇએ.

પેહેલું સુખ જે આત્માનું કલ્યાણ કરવાનું, તેનો ઉપાય એવો છે કે, પોતાની પાસે સારા સારા વિદ્વાન ઉપદેશકો તથા મહાત્માઓ, પવિત્ર બ્રાહ્મણો વિગેરેને રાખીને તેમને મોંઢેથી બોધ, અથવા કથાઓ કહેવરાવીને લોકોને, ઈશ્વર ઉપર ખરી

શ્રદ્ધા ચોટે તેમ કરવું અને બને તો ધાર્મિક પુસ્તકોની લાયબ્રેરી સ્થાપી, તેમજ ધર્મનાં પુસ્તકો છપાવી છુટથી તેનો પ્રચાર કરવો જોઇએ; તેના માટે જેટલા પૈસા જોઇએ તેટલા ખરચવા જોઇએ.

બીજું સુખ બધાને ધંધો રોજગાર મળવો જોઇએ, કે જેથી તેમના શરીરનું પોષણ થાય; માટે તેવાં હુન્નરનાં કારખાનાં પૈસાદારોએ ખોલવાં જોઇએ; આમાં હુન્નરનાં કારખાનાં એટલે પોતાના પૈસાનું વ્યાજ મળે, તથા કમીશન મળે તેવી મીલો કરવી, અને તેમાં થોડાક કંગાલોને કે ખુશામતીઆને નોકરો રાખવાથી પોતાની ફરજ બજાવી, એવું સમજવું નહિ; પણ હુન્નરનાં કારખાનાં ખોલવાં એટલે બધા પૈસાદાર ગૃહસ્થોએ મળી એક મોટું ધર્માદા ફંડનુ ખાતું કાઢવુ; અને તે ધર્માદા ફંડમાંથી નવા નવા હુન્નરોની શાળા કાઢી પોતાના ગામનાં માણસો તથા છોકરાઓને તે હુન્નરો શીખવવા અને તેવી શાળામાંથી ઉત્તમ જ્ઞાન મેળવી તૈયાર થયેલા જેઓ સ્વતંત્ર ધંધો કરવા માંડે તેમને તેમાં પૈસાની મદદ આપવી; આમાં જેટલા પૈસા જોઇએ તેટલા ખરચવા, તેજ ઉત્તમ માર્ગ છે; માટે પૈસાદાર ગૃહસ્થોએ, ઉપરનાં બે સાધનોના સુખથી મનુષ્યનું દુઃખ નિવારણ થાય, તે સારૂ જેટલા પૈસા ખરચવા ઘટે તેટલા પૈસા છુટથી વાપરવા; તેજ તેમનો ધર્મ, અથવા ફરજ છે. તે કામ બને નહિ; અને પોતાના ગામમાં મનુષ્ય દુઃખી થાય તો તેથી તેમની ફરજ અધુરી રહે છે અને પ્રાપ્ત દ્રવ્યના ઉપયોગ માટે તેઓ જવાબદાર રહે છે. કેમકે જો આપણા ગામમાં સરકાર તરફથી કોઇ ન્યાયધીશ નિમાય, અગર કલેકટર થઇને આવે તો તેમની પેહેલીજ

ફરજ એ છે કે, પોતાના તાબાનાં ગામમાં રૈયત સુખી થાય; અને રૈયત સુખી થવાથી, તેમને રાજ્ય તરફથી માન મળે છે, અગર પગાર પણ વધે છે; તેવીજ રીતે પૈસાદારની પેહેલીજ ફરજ પોતાના ગામનાં મનુષ્ય-પ્રાણી સુખી થાય તેવા ઉપાયો શોધવા એજ છે, અને તેવા કામમાં પૈસા ખર્ચાયા તોજ પૈસાનો લાભ થયો સમજવો; નહિ તો ઘરમાં મોટી સીલક ભેગી થાય તેથી દુનિયાના શાહુકાર થવાય નહિ.

વળી પૈસાદાર મિત્રોએ બીજું એ પણ યાદ રાખવાનું કે, જ્યારે પૈસાથી તમને માન મળે છે, અને પરમેશ્વરે તમને પૈસા તરફનું સુખ વધારે આપેલું છે, તો એ પૈસાની વૃદ્ધિ કરવી જોઇએ, એ માટે શાસ્ત્રમાં કહ્યું છે કે જે ચીજ પરમેશ્વરને આપવામાં આવે છે તેજ બમણી થઇને આપનારને પાછી મળે છે; એટલે પૈસાદાર ગૃહસ્થો પુન્યમાં પૈસા આપે તો તેથી પૈસાની વૃદ્ધિ થાય છે. માટે સારા કામમાં પૈસા વધારે ખર્ચવાનો અભ્યાસ રાખવો જોઇએ.

આપણા શેહેરમાં કોઇ સભા થાય, અગર મીટીંગ થાય તો સાધારણ લોકો કહે છે કે, પૈસાદારોને તો ખુરસી મળે છે, અને આપણને તો સિપાઇ ઉભા રેહેવા દેતા નથી.

થોડા દિવસ ઉપર એક કાશીનિવાસી પંડિતે અમદાવાદમાં પધારી વેદની કથા શરૂ કરી હતી, તે સાંભળવા હું ત્યાં જતો હતો, તે વખતે સાધારણ માણસો એવું કહેતા હતા કે આપણે બધા કથા સાંભળવા વેહેલા વેહેલા આવીએ છીએ અને શેઠીઆ તો ઘણા મોડા આવે છે તોપણ પેહેલી રેન્ક અથવા પેહેલે નંબરે બેસવાનું તેઓને મળે છે, એવું મારે કાને

સાંભળવામાં આવવાથી, મેં તેમને જવાબ આપતાં કહ્યું કે, તમે પણ તેવાં કર્મ કરો તો તમને પણ પેહેલી લાઈન આ દુનિયામાં મળશે; ત્યારે ફરી તેમણે મને કહ્યું કે, અહીંયાં તો ઈશ્વરકથા છે માટે ગરીબ–પૈસાદાર સરખા જોઇએ; ત્યારે મેં ફરીને તેમને જવાબ આપ્યો કે, પરમેશ્વરને ત્યાં તથા પરમેશ્વરની કથા થતી હોય ત્યાં તથા આ દુનિયામાં સભા, મીટીંગ વિગેરે સર્વે ઠેકાણે પૈસાદારોને પેહેલો નંબર ભોગવવાનો હક છે, કારણ કે તમારા કરતાં તેમણે સારાં કર્મ વધારે કરેલાં છે. તેનો લાભ જે પેહેલો નંબર, તે તેમને મળવો જોઇએ; તેમાં તમો અદેખાઈ કરો તે શા કામમાં આવે.

પૈસાદાર ગૃહસ્થ મિત્રોએ ધ્યાનમાં લેવાનું છે કે, આ દુનિયામાં સભા, મીટીંગ વિગેરેમાં તમારો પેહેલો નંબર બેસવાનો હક છે તો, પોતાના ગામનાં સર્વે મનુષ્યોનો દુઃખ નિવારણ કરવાનો હક પણ પહેલે નંબરે તમારે લેવો જોઇએ, તે તમારી ફરજ છે. પૈસા તો આજ છે ને કાલે નથી માટે પોતાની ફરજ ચૂકશો તો તેનાં ફળ તમારે ભોગવવાં પડશે, તેમાં શક નથી.

ધર્મગુરૂ (આચાર્યનું) ને તેમના સેવકોનું પરસ્પર કર્ત્તવ્ય:

ધર્મગુરૂ તથા સંપ્રદાયના આચાર્યોએ પોતાના સેવકોને પુત્ર પુત્રીરૂપ ગણી તેમના અધિકાર પ્રમાણે લૌકિક નીતિ, ચિત્તશુદ્ધિ કરનારાં શાસ્ત્રોક્ત શુભકર્મ, ઉપાસના વા જ્ઞાનનો ઉપદેશ કરી

મોક્ષ ભણી તેમના ચિત્તને વેગવાળું કરતા રહેવું જોઇએ. ઉપદેશકાળે ગંભીર રહી વૃત્તિને જાગૃત્ રાખી યથાધિકાર ઉપદેશ કરવો જોઈએ. તેમણે શિષ્યનાં દ્રવ્ય ને શરીરાદિની સેવા ગ્રહણ કરી પ્રસન્ન થવાનું નથી, પણ બનતે પ્રયત્ને તેમનું શ્રેય કરી પ્રસન્ન થવાનું છે. પોતે સુધર્યા–વિના અન્યને સુધારી શકાતા નથી, માટે તેમણે પોતે સુધરી સેવકોને સુધારવા યત્ન કરવો જોઇએ, માત્ર આચાર્યના પુત્ર વા શિષ્ય થવાથી જ પોતાનું ને અન્યનું શ્રેય કરવાનું સામર્થ્ય આવી જતું નથી, એમ સમજી તેમણે ખાસ યોગ્યતા મેળવવા અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ.

પોતાને ત્યાં સારા સારા વિદ્વાનો, પંડિતો રાખી લોકોને જેમ બને તેમ ઈશ્વર ઉપર શ્રદ્ધા વધે અને તે લોકો નીતિએ ચાલે તેવો બોધ આપીને સેવકોને સુધારવા જોઇએ. બીજાના સુધાર્યા કરતાં તમો–આચાર્યો જલદી સુધારી શકો છો, કારણ કે તમારા ઉપર સેવકોની શ્રદ્ધા હોવાથી તમે જે કહો તે થઈ શકશે; માટે તમારે તેની કાળજી વધારે રાખવી, તે તમારી ફરજ છે. તમને ઈશ્વરે આ દુનિયામાં એજ કામ સોંપ્યું છે, તેથી તમારી જાતથી તથા અક્કલથી, તમારા પૈસાથી, હરેક યુક્તિ વડે સેવક લોકોનું મન તથા અંતઃકરણ ઇશ્વર ઉપર શુદ્ધ પ્રેમવાળું શ્રદ્ધાવાળું બને તથા તેઓ પોતે નીતિવાન થાય એમ કરવામાં તમારે જેટલો બને તેટલો પરિશ્રમ કરવો ઘટે છે; તે પ્રમાણે કરવામાં જે પ્રમાદ થાય તેની જવાબદારી તમારે શિરજ છે.

આ દુનિયામાં દરેક મનુષ્યોને પોતાના વર્ણાશ્રમ પ્રમાણે તથા પોતાના અધિકાર પ્રમાણે તથા પોતાના વૈભવ પ્રમાણે પરમેશ્વરે કામ સોંપ્યું છે, માટે તેનો યથાર્થ ઉપયોગ કરવો.

એજ સત્પુરૂષોના જીવનનું સાર્થક છે.

સેવકોએ પોતાના આચાર્યને પિતાતુલ્ય ગણી તેમની અન્ન-વસ્ત્રાદિથી સેવા કરવી, તેમની સાથે વિનયથી વર્તવું, અને પોતાના ઉદ્ધાર માટે જે જે પ્રશ્નો પૂછવા જોઇએ તે તે પ્રશ્નો પૂછી સ્વકર્તવ્ય સમજી યથાસામર્થ્ય તે કર્તવ્યનું પરિપાલન કરવું જોઇએ.

સ્ત્રી પુરૂષનો અરસપરસ ધર્મ.

૧. સ્ત્રીએ ખુબ યાદ રાખવાનું છે કે, પોતાનો પતિ જ્યારે શૃંગાર પેહેરવાથી રાજી ના થાય તો સ્ત્રીએ તે શૃંગાર, આભૂષણ વિગેરેનો તેની મરજી પ્રમાણે ત્યાગ કરવો. કુંકુમનો ચાંદલો તથા તેલ, ફુલેલ વિગેરે માથામાં ઘાલવાથી, જો તે ખુશી ન રહેતા હોય તો તે પણ તજી દેવું, કેહેવાની મતલબ એવી છે કે જે રીતે પોતાના પતિ ખુશી થાય તેવી રીતે શૃંગાર, આભૂષણ વિગેરે સર્વે વસ્તુનો ઉપયોગ કરવો. સર્વે બાબતોમાં પોતાના ધણીની મરજી મુજબ ચાલીને તે હમેશાં આનંદમાં રહે તેવી જ રીતે વર્તવું, એજ સ્ત્રીઓનો ખાસ ધર્મ છે.

હું એમ નથી કહેતો કે સ્ત્રીઓએ અલંકાર નહિ પહેરવા જે પોતાના સ્વામી પોતાને આપે તે પોતે પહેરવું. સ્ત્રીઓએ પોતાનું ઘર તપાસીને, પતિ પાસે જણસો માગવી અગર કરાવવી; પોતાની શક્તિ ના હોય તો શક્તિ ઉપરાન્ત દેવું કરીને કોઇ દહાડો અલંકાર વિગેરે માટે ક્લેશ કરવો નહિ.

જો પતિનો સંસ્કાર સારો હશે તો જણસો વિગેરે પેહેરવાનું ઝાઝું નહિ બતાવશે; કારણ કે આખરે શી અવસ્થા થશે

તેનું સંપૂર્ણ જ્ઞાન તેને હોયજ છે. પણ જ્યારે પતિ સંસારની માંયામાં લુબ્ધ હશે તથા અજ્ઞાન હશે તો જ સારા સારા શૃંગાર પેહેરવાની ઈચ્છા બતાવશે, અને તે પ્રમાણે તેમની ઈચ્છા હશે તો તે વસ્તુઓ પણ તે કરાવશે; તેમાં સ્ત્રીને કંઇ વધારે કહેવું નહિ પડે; અને સ્ત્રીઓનો તો ધર્મ છે કે, પોતાના ધણીના કહેવા મુજબ વર્તવું અને તેમાંજ આનંદ માનવો.

૨. સ્ત્રીએ યાદ રાખવું જોઇએ કે, પતિ તરફ કોઇ દિવસ ક્રોધી આંખથી જોવું નહિ, પોતાનાં ઘર સંસારનાં કામ ખુશીથી કરતાં જવું.

તેમ પુરૂષોએ યાદ રાખવું જોઇએ કે, સ્ત્રીઓને સારા શૃંગાર આભૂષણ આપી તેમને ખુશી રાખવી; જે ગૃહસ્થના ઘરમાં સ્ત્રીઓ દુઃખી હોય, ત્યાં સંતાનની ઉત્પત્તિ નષ્ટ થઇ જાય છે અને સ્ત્રી એ લક્ષ્મીનો અવતાર છે તેથી તેને નારાજ કરનાર લક્ષ્મી તરફથી પણ દુઃખી થાય છે એવું શાસ્ત્રનું પ્રમાણ છે.

પુરૂષોએ વળી બીજું એ યાદ રાખવાનું છે કે, સ્ત્રી ઉપર કદી ક્રોધ કરવો નહિ, જો કદી ક્રોધ કરશો તો વૈદ્યને ઘેર જવું પડશે. કારણ કે, ક્રોધ એ દેવતારૂપ છે. તેનો તાપ બીજાના શરીરમાં પેઠા વગર રહે નહિ. માટે તમે સ્ત્રી ઉપર ક્રોધ કરશો તો તે તમારો ક્રોધ સ્ત્રીના શરીરમાં પેશીને ગર્ભાશય બગાડી નાંખશે, સ્ત્રીનું ગર્ભાશય બગાડવાથી દવા કરવા સારૂં વૈદ્યને ઘેર જવું પડશે; તે નુકસાન તમને છે, તથા બીજું તમોગુણ ક્રોધ એ ચાંડાલ છે. તે સ્ત્રી ઉપર કરવાથી, જ્યારે સ્ત્રીને ગર્ભ રહે તો તેથી ચાંડાલ રૂપ, વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય તો પછી આપણને કેટલું નુકશાન આવે, તે દરેક પુરૂષોએ સમજવું

જોઇએ; સ્ત્રીઓને હમેશાં શાન્તિમાં રાખવી જોઇએ, સ્ત્રીઓને કદી ક્રોધાયમાન કરવી ના જોઇએ, સ્ત્રીનું શરીર હમેશાં ઠંડુ તથા શાંત રહે તેવો ઉપાય શોધવો જોઇએ, એવું વૈદ્યક શાસ્ત્રનું પ્રમાણ છે; તે વૈદ્યકના ગ્રંથમાં જોવાથી ખાત્રી થશે.

૩. સ્ત્રીઓએ યાદ રાખવું કે, બીજી સ્ત્રીનાં કપડાં કદી પહેરવાં નહિ કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે, સ્ત્રીનાં પોતાનાં જે લુગડાં પહેરી સમાગમ કરવામાં આવે છે, એ લુગડાં બીજી સ્ત્રી પહેરે તો તે કપડાંવાળી સ્ત્રીના પતિ સાથે વ્યભિચાર થયો એમ સમજવું; માટે કોઈ સ્ત્રી જો બીજી સ્ત્રીનાં લુગડાં પેહેરે તો સ્ત્રી વ્યભિચારી થાય એટલો દોષ લાગે છે.

તેમજ પુરૂષ પણ બીજા પુરૂષનાં લુગડાં પહેરે તો તેમને પણ વ્યભિચારનો દોષ લાગે છે અને વૈદકશાસ્ત્રમાં પણ કહ્યું છે કે બીજાનાં લુગડાં પહેરવાથી, બીજાના રોગ, સ્ત્રી તથા પુરૂષને ચઢે છે. માટે ભૂલે ચૂકે સ્ત્રી અગર પુરૂષે બીજાનાં લુગડાં પહેરવાં નહિ.

૪. સ્ત્રીઓએ, સંન્યાસી, સાધુ, તથા બ્રહ્મચારી વિગેરે પાસેથી કથાનો બોધ સાંભળવો નહિ, કારણકે ત્યાગી પાસેથી, કથા સાંભળવાથી સંન્યાસી તથા સ્ત્રી, એ બન્ને પતિત થાય છે તેવું વેદ કહે છે; અને તેજ પ્રમાણે પંડિત પાસે પણ એકલી સ્ત્રી આવીને કથા સાંભળે તો પંડિત તથા સ્ત્રી, એ બંને પણ પતિત થાય છે.

પંડિત, સંન્યાસી, સાધુ, બ્રહ્મચારી વિગેરેએ પતિ વગરની એકલી સ્ત્રીને કોઈ દહાડો કથા સંભળાવવી નહિ તથા સ્ત્રીએ સાંભળવી નહિ. કદી કથા સાંભળવાની વધારે ઇચ્છા હોય તો

પોતાના પતિ સંગાથે આવીને સાંભળવી.

શાસ્ત્રમાં ખરી બીના તો એ લખી છે કે, ધણીએ કથા સાંભળીને, પોતાના ઘરમાં જઈ સ્ત્રીને કથાનો બોધ આપવો, એટલે સાંભળેલી બીનાના સાર રૂપે સમજણ આપવી, ને સ્ત્રીએ પતિના મુખથી એ કથા સાંભળવી, એવી રીતે સ્ત્રીઓનો ધર્મ છે

૫. સ્ત્રીએ, કોઈ પરપુરૂષની સાથે વાતચીત કરવી નહિ તથા કોઇના ઘરમાં એકલાં જવું નહિ. જવાથી વ્યભિચાર જેટલો દોષ લાગે છે, પોતાનો પતિ સંગાથે હોય ત્યારેજ જવું; કોઇ વખતે ભૂલે ચૂકે કોઇને ઘેર એકલાં જવું પડે, તો તેનું પ્રાયશ્ચિત્ત કર્યા સિવાય એ સ્ત્રી પોતાના પતિને લાયક થાય નહિ. સ્ત્રી ગમે તેટલી સારી, અને સ્વચ્છ બુદ્ધિની હોય તો પણ પારકા ગૃહમાં જવાથી દૂષિત થાય છે, એમ વેદમાં કહેલું છે.

૬. સ્ત્રીએ વેદ પાઠ કરવો નહિ; કારણ કે સ્ત્રીએ વેદ પાઠ કરવાથી દરરોજ હોમ કરવો જોઇએ; અને હોમ કરવા માટે અગ્નિ પાસે દરરોજ બેસવાથી, શરીર ગરમ થાય અને તેથી, ગર્ભાશય બગડવાનો સંભવ રહે છે; અને ગર્ભાશય બગડવાથી સંતાન થતું નથી, અને જો કદી થાય તો તે સંતાન શરીરે નિર્બળ અને પુરૂષાર્થહીન થાય છે. તે માટે સ્ત્રીઓને વેદ પાઠ કરવાની મનાઈ કરી છે.

વૈદ્યક શાસ્ત્રમાં કહ્યું છે કે, સ્ત્રીનું શરીર હમેશાં ઠંડું, અને શાંત, રહેવાથી સારાં સંતાન ઉત્પન્ન થાય છે, એટલે નિરોગી અને જોરાવર થાય છે, અને શરીર ગરમ થવાથી ગર્ભ નષ્ટ થાય છે અથવા બગડે છે, માટે જે સ્ત્રીઓને સારાં સંતાન ઉત્પન્ન કરવાની ઈચ્છા હોય તેણે વેદ પાઠ કરવો નહિ.

આગળ હું કહી ગયો છું કે, બીજાના આશ્રમમાં જઇને કથા સાંભળવી, તથા જાત્રા કરવી, તથા વેદ પાઠ કરવો; તે બધા કરતાં પોતાના પતિની સેવા ચાકરી કરવી તે સર્વથી ઉત્તમ છે, અને **પતિને ઈશ્વરતુલ્ય** માનવાથીજ કલ્યાણ થાય છે, તેમજ કથા વિગેરે તેમના મુખથી સાંભળવી તેજ સ્રીઓનો **ધર્મ** છે.

સ્વર્ગમાં જવાના બે રસ્તા.

પેહેલો રસ્તો—પોતાનું વીર્ય, સ્રી અગર જમીનમાં પડે નહિ, એવી રીતે કબજામાં રાખીને, ક્રોધ, મોહ, ઇચ્છા વિગેરે બધી નાડીઓને નાભિકમળની નાડીથી બાંધીને ભ્રકુટીના વચલા ભાગમાં રાખે, એટલે સમાધિષ્ટ થાય તો તે પુરૂષને પરમેશ્વર વિમાનમાં બેસાડીને સ્વર્ગમાં લઈ જાય.

આમાં કોઈ શંકા કરે કે, તમો કરી બતાવો તો તેનો જવાબ તો એજ છે કે, એતો મહાત્મા લોકોનું કામ છે, આપણાથી ના બને; હમે તો કહી જાણીએ. ત્યારે સ્વર્ગમાં આપણાથી તો જવાય નહિ ? મહાત્માજ ત્યાં જાય ? ત્યારે તેના જવાબમાં એટલુંજ કહેવાનું છે કે, હમારે અને તમારે સર્વેને સ્વર્ગમાં જવાનો બીજો રસ્તો છે; શ્રી કૃષ્ણ મહારાજે આપણા ઉપર મોટી દયા કરીને એવો સ્હેલો રસ્તો કાઢયો છે, કે યોગ, સમાધિ વિગેરેની કંઈ જરૂર રહે નહિ અને સર્વ સહજ સિદ્ધ થાય.

બીજો રસ્તો—શ્રી કૃષ્ણ મહારાજ કહે છે કે, મને સર્વે વસ્તુમાં જુઓ; બધે ઠેકાણે હું છું, તેવું જાણી તથા સમજીને શુદ્ધ અંતઃકરણથી મારા ઉપર **પ્રેમ** રાખીને ભક્તિ કરો; તેથી

પણ સ્વર્ગમાં જવાય છે. પ્રહ્લાદ જેમ મને સર્વેમાં દેખતા હતા તેમ તમો જુઓ.

ઉદાહરણ—પ્રહ્લાદના પિતા એને કહેવા લાગ્યા કે, **રામ શબ્દ** બોલીશ તો તને મારી નાંખીશ, માટે રામ બોલીશ નહિ; એવું કહી તલવાર લેઇને મારવા સારૂ ઉભા રહ્યા. તોપણ પ્રહ્લાદ રામ બોલ્યા વગર રહે નહિ. ત્યારે તેનો બાપ ઘણો ગુસ્સે થઇને કેહેવા લાગ્યો કે, હવે બોલાવ તારા રામને ! એ વખતે પ્રહ્લાદે કહ્યું કે, એ **રામ** કંઈ ભૂત પિશાચ નથી, કે મંત્ર તંત્રની જરૂર પડે. એ તો એવા રામ છે કે તમારા મુખમાં મને દેખાય છે. અને જે તલવાર તમે મને મારવા લીધી છે તે તલવારની ધારમાં પણ રામ દેખાય છે. તે શિવાય અહીં સર્વે ઠેકાણે રામ રામ ને રામજ દેખાય છે; રામ વગર કોઇ જગ્યા ખાલી નથી માટે તમો તે હઠ મૂકો; તેમાંજ સાર છે.

ઉદાહરણ બીજું—જે વખતે કુબ્જાને ઘેરથી કૃષ્ણ-મહારાજ આવ્યા ત્યારે રૂક્ષ્મણી મહારાણીએ કહ્યું કે તમો કુ-બ્જાને ઘેર ગયા હતા; ત્યારે મહારાજે કહ્યું કે, ના ! ત્યારે રૂક્ષ્મણીજીએ કહ્યું કે નથી ગયા તેના સાક્ષી બતાવો ! ત્યારે મહા-રાજે કહ્યું કે, આ જમનાજી તથા આ બધાને પૂછો, પછી મહા-રાણી જમનાજીને પુછે છે કેઃ—

હે જમનાજી ! તમે અસત્યનો ત્યાગ કરો છો, ને સત્યને સંગ્રહો છો, તથા સર્વેને પવિત્ર કરનાર છો; માટે તમે સત્ય કહો કે, મારા મહારાજને કુબ્જાને ઘેર જતાં તમે જોયા હતા ? ત્યારે જમનાજીએ કહ્યું કે કૃષ્ણ મહારાજ તો અહીંથી ગયાજ નથી, ત્યાર પછી નારદમુનિને પૂછ્યું તો તેમણે કહ્યું કે, તમે

કૃષ્ણ મહારાજની સ્ત્રી થઈને તમને આટલું જ્ઞાન નથી? તે શિવાય ઝાડ, વનસ્પતિ, પક્ષી, જાનવર તથા બ્રહ્મલોક સુધી સર્વને મહારાણીએ પૂછયું, તો બધે ઠેકાણેથી ના, ના, ને ના નો જવાબ મળ્યો. ત્યારે છેવટે કુબ્જાને ઘેર જઈને પૂછયું કે, મહારાજ અહીંઆં આવ્યા હતા? ત્યારે કુબ્જાએ કહ્યું કે મહારાજ તો સદાએ અહીંઆંજ રહે છે. અત્યારે પણ આ રહ્યા જુઓ.

ત્યારે રૂક્ષ્મણી મહારાણીએ કૃષ્ણ મહારાજને પૂછયું કે, મહારાજ બધાંએ તમારી જુઠી સાક્ષી પૂરે છે, તેનું કારણ શું છે?

ત્યારે **શ્રી કૃષ્ણ** મહારાજ જવાબ આપે છે કે, હું સર્વ ઠેકાણે છું, સર્વ ઠેકાણે ફરૂં છું, અને સર્વે ઠેકાણે રહું છું. મારા **ભકતો** મને બધી જગ્યામાં એક સરખો હરહમેશ જુએ છે; કોઈ જગ્યામાં તથા કોઈની પાસે હું નથી, તેવું તમારે માનવું નહિ. જેને જેવો **પ્રેમ** તેવો તેને હું મળું છું. તે માટે તે બધાંએ તારી પાસે જુઠી સાક્ષી પૂરી છે તેમ તારે માનવું નહિ. તે લોકોએ તદ્દન સાચીજ સાક્ષી પૂરી છે. હું બધાંની પાસે છું, તો તેઓ 'હું ગયો હતો' એમ કેવી રીતે કહેશે?

વળી લોકો શંકા કરે છે કે, હાલમાં તો ભગવાન દેખાય નહિ અને વિમાનમાં બેશી સ્વર્ગમાં જવાય નહિ.

આ શંકાનો જવાબ—એ છે કે, હાલમાં મનુષ્યને ઈશ્વરપ્રત્યે ખરો **પ્રેમ** તથા **એક ચિત્ત** હોતું નથી, તથા **મન શુદ્ધ** હોતું નથી, તો પછી પરમેશ્વર શી રીતે દેખાય? હું ધારૂં છું અને પ્રતિજ્ઞા કરૂં છું કે પ્રહ્‌લાદ જેવું મન હોય તો અત્યારે પણ ભગવાન દેખાય અને **સ્વર્ગમાં** જવાય; પણ મિત્રો જરા વિચાર કરો કે મરણને શરણ થવાની તૈયારી હતી તોપણ પ્રહ્‌લાદે

રામ શબ્દ ના મૂકયો. કેવી **દ્રઢ શ્રદ્ધા!** જાન જાય તો કંઇ ફીકર નહિ! આજના મનુષ્યનાં મન તો એવાં છે કે, કંઈ ભોગજોગે **વિમાન** અત્યારે આવે અને કહે કે તમો મારામાં બેસો હું તમને સ્વર્ગમાં લઈ જાઉં, તો તેને જવાબ એવો મળશે કે, મારી મીલકતની વ્યવસ્થા કરી આવું, અગર મારો વહેપાર છોકરાંને સમજાવી આવું તથા મારા ભાઈ, છોકરા, વહુ વિગેરેને પૂછીને તથા સમજાવીને આવું એટલે બેસું. આવી સ્થિતિ હાલના માણસોની થઇ છે અને તેમ છતાં કહેશે કે કેમ **વિમાન** આવતું નથી ? મન સાચું હોય તો ના કેમ થાય ! વહેવારિક કામ અંતઃકરણથી મન લગાડીને કરીએ છીએ તો તેમાં ફતેહ થાય છે, તો શું **પરમેશ્વર** હાલમાં અન્યાયી થયો છે કે તમો સાચી **ભકિત** કરો ને ના મળે ?

તીર્થ વિવેક.

પોતાના સંસર્ગમાં આવનારને જે પોતાના સાત્વિક પ્રભાવવડે સંસારસાગરથી તારે છે અર્થાત્ પવિત્ર કરે છે, તે તીર્થ કહેવાય છે. તીર્થ બે પ્રકારનાં છે, સ્થાવર અને જંગમ. પવિત્ર નદીઓ, પૂનિત અરણ્યો, પવિત્ર સરોવરો, પવિત્ર નગરો, દેવાલયો ને પવિત્ર પહાડો એ **સ્થાવર તીર્થ** છે, અને બ્રહ્મવેત્તા પુરૂષો એ **જંગમ તીર્થ** છે. સ્થાવર તીર્થના પણ બે ભેદ છે, એક **સ્વાભાવિક** ને બીજો **નૈમિત્તિક.** ગંગા આદિ **સ્વાભાવિક** તીર્થ છે, કેમકે તે સૃષ્ટિની સાથેજ લોકહિત માટે નિર્માણ થયેલાં છે, ને અયોધ્યા અને દ્વારિકા આદિ અનુક્રમે શ્રી રામચંદ્રજીનો અવતાર

થવાથી તથા શ્રીકૃષ્ણ આદિનો નિવાસ થવાથી **નૈમિત્તિક** તીર્થ રૂપે ગણાયાં છે.

સ્થાવર તીર્થ તે સ્થળનાં જલ, ભૂમિ, તથા વાતાવરણ પવિત્ર હોવાથી શ્રદ્ધાવાન મનુષ્યના દેહ તથા મનને શુદ્ધ કરે છે, તોપણ મેળાના સમયમાં સ્થાવર તીર્થમાં જવાથી જોઇએ તેવો લાભ થતો નથી, કેમકે તે સમયમાં ઘણા પ્રાકૃત મનુષ્યોના નિવાસને લીધે ત્યાંનાં જલ, ભૂમિ, તથા વાતાવરણ અસાધારણ ઉપકાર કરે એવી સ્થિતિમાં રહેતાં નથી, તેથી તેવા સમયમાં ત્યાં જનાર સાધકને જોઇએ તેવો લાભ થતો નથી, એટલુંજ નહિ, પણ ક્વચિત્ વૃત્તિ વધારે વિક્ષેપવાળી થવાનો સંભવ રહે છે.

જંગમ તીર્થરૂપ બ્રહ્મવેત્તા પુરૂષો તો દર્શન માત્રથીજ શ્રદ્ધાળુ મનુષ્યોને પવિત્ર કરે છે. અને સ્થાવર તીર્થો તો શ્રદ્ધાળુ માણસને ચિરકાલે પવિત્ર કરે છે. "**दर्शनादेव साधवः॥**" (સાધુ પુરૂષો દર્શનથીજ પવિત્ર કરે છે) એ વચન પણ એમજ કહે છે, માટે વિવેકીએ પૂર્ણ શ્રદ્ધાથી **જંગમ** તીર્થનું સેવન કરવું જોઇએ.

ભક્તતારિણી ભગવતી ગંગાને કોઇએ પૂછ્યું કે–" તમે તમારામાં માત્ર સ્નાન કરવાથી શ્રદ્ધાળુ પ્રાણીઓનાં પાપોનું હરણ કરો છો, ત્યારે તેવાં અસંખ્ય પ્રાણીઓના સ્નાનથી તમારા પોતાનામાં ઘણું પાપ એકઠું થવું જોઇએ, તેના નાશને માટે તમે શું ઉપાય કરો છો ?"

શ્રીમતી ભાગીરથીએ કહ્યું કેઃ–" મારે તેની નિવૃત્તિ માટે કાંઈ ઉપાય કરવો પડતો નથીઃ નિર્મળ, શાંત, સર્વ પ્રકારની તૃષ્ણાઓથી રહિત, સર્વ જગતને આત્મવત્ જાણનારા, બ્રહ્મરૂપ, અને પરમ કૃપાળુ ઋષિ મુનિઓના ચરણારવિંદનો

સ્પર્શ મને સમયે સમયે થવાથી મારામાં આવેલા પાપસમૂહનો અનાયાસે નાશ થઇ જાય છે. ” ઘણાં સ્થાવર તીર્થોનો મહિમા પણ પવિત્ર મહાત્માઓના સંસર્ગને લીધેજ છે, માત્ર જલ કે પાષાણમાં સાક્ષાત્ અસાધારણ પ્રભાવ નથી. ભગવાને પણ શ્રીમદ્ ભગદ્ગીતામાં તથા શ્રીમદ્ ભાગવતમાં સંતનું માહાત્મ્ય સારી રીતે વર્ણવ્યું છે.

તીર્થ સ્થળમાં જવાનો સર્વોત્કૃષ્ટ હેતુ એ છે કે ત્યાં **દૈવી સંપત્તિવાળા મહાત્માઓનાં** દર્શન તથા સત્સંગ થાય. તીર્થયાત્રા કરનારાઓ જો તે હેતુ ભણી લક્ષ ન રાખે તો તેમની યાત્રામાં તેટલી ન્યૂનતાજ ગણાય.

પોતાને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનાર **આચાર્ય, માતા, પિતા** અને **સદાચરણ,** એ પણ તીર્થરૂપજ છે, માટે તેમના સેવનથી પણ પરિણામે કૃતાર્થ થવાય છે.

લૌકિક કીર્તિ માટે કિંવા દેશાટન માટે જે તીર્થયાત્રા કરવામાં આવે છે, તે શાસ્ત્રપક્ષે કથન માત્ર તીર્થયાત્રા જાણવી, અને તેનું ફળ પણ લૌકિકજ જાણવું.

વ્રતવિવેક.

સમ્યક્ સંકલ્પજનિત જે અનુષ્ઠેય ક્રિયા વિશેષ તે વ્રત કહેવાય છે. તે ઉભય રૂપ છે. પ્રવૃત્તિરૂપ તથા નિવૃત્તિરૂપ, તેમાં દ્રવ્ય વિશેષનું ભોજન તથા પજાદિક, એ પ્રવૃત્તિરૂપ છે, અને ઉપવાસાદિક નિવૃત્તિ રૂપ છે, વળી તે વ્રતના **નિત્ય, નૈમત્તિક,** ને **કામ્ય** એવા ત્રણ ભેદ છે. તેમાં એકાદશીવ્રત **નિત્ય** છે, ચાંદ્રા-

ચણાદિક વ્રત નૈમિત્તિક છે, અને કામનાની સિદ્ધિ માટે કરવામાં આવતાં વ્રત કામ્ય છે.

એકાદશી વ્રત શૈવ, વૈષ્ણવ, ને સૂર્ય ભક્તાદિ સર્વને ન કરવાથી દોષ સંભળાય છે, માટે તે નિત્ય છે, અને તે વ્રતના અનુષ્ઠાનથી સંપત્તિ આદિ ફળ સંભળાય છે, માટે તે કામ્ય પણ છે.

ક્ષમા, સત્યભાષણ, દયા, દાન, સ્વચ્છતા, ઈંદ્રિયનિગ્રહ, દેવપૂજા, હોમ, સંતોષ, ચોરી ન કરવી, જુગાર ન રમવો, તથા દુર્જનની સાથે ભાષણ, તેનો સ્પર્શ અને તેનું દર્શન એ ન કરવાં, એ સર્વ ધર્મો સઘળા વ્રતોમાં સામાન્યપણે સર્વ વ્રત કરનારે પાળવા જોઇએ. વળી પખાલનું પાણી, મસુરની દાળ, ગોદડીયાં લિંબુ, મધ, માંસ, મદ્ય, ચણા, કોદરા, ખોળ, તેલ ને પરાન્ન એમનો ઉપયોગ વ્રતને દિવસે નહિ કરવો જોઇએ, તેમજ તે દિવસે આંસુ પાડવાં કિંવા ક્રોધ કરવો એ પણ યોગ્ય નથી.

શરીરમાં દુઃખ નહિ છતાં વારંવાર જલ પીવું, એકવાર પણ તાંબૂલ ખાવું, દિવસે નિદ્રા કરવી, અને સ્રીસમાગમ કરવો, એ સર્વથી આરંભેલા વ્રતનો નાશ થાય છે.

જલ, મૂલ, ફળ, દૂધ અને હવિષ્યાન્નના ભક્ષણથી તથા બ્રાહ્મણની ઇચ્છાથી વા ગુરુના વચનથી કોઈ પદાર્થ ખાવો પડે તો તેથી અને ઔષધના ભક્ષણથી વ્રતનો ભંગ થતો નથી.

જે દેવતાના ઉપવાસનું વ્રત હોય તે દેવતાના મંત્રનો જપ, ધ્યાન, કથા, શ્રવણ, પૂજા ને તેમના નામનું શ્રવણ તથા કીર્તન ઈત્યાદિ પણ તે દિવસે અવશ્ય કરવાં જોઇએ.

એકાદશીને દિવસે નક્ત, હવિષ્યાન્ન, અનોદન, ફલ, તલ, ઘી, પંચગવ્ય અને વાયુ, એમાં પર્વ પૂર્વનાથી ઉત્તર ઉત્તર શ્રેષ્ઠ

છે; માટે સ્વસામર્થ્યાનુસાર વિવેકીએ તેમાંના કોઇ પણ એક પ્રકારે એકાદશી વ્રતનું અનુષ્ઠાન કરવું જોઇએ.

એકાદશી વ્રત કરનારનું અતિ અગત્યનું કર્તવ્ય તો આ પ્રમાણે છેઃ—**વાણી, હાથ, પગ, ગુદા,** અને **શિશ્ન** એ પાંચ કર્મેન્દ્રિયો, તથા **કાન, ત્વચા, આંખ, જીભ** ને **નાક** એ પાંચ જ્ઞાનેન્દ્રિયો; અને ઉભય રૂપ **મન,** એ અગીયાર, પુરુષના ભોગનાં સાધન હોવાથી **કરણ** કહેવાય છે. એ અગીઆર કરણોની શાસ્રો-માં જે નિષિદ્ધ પ્રવૃત્તિ કહી છે તે તો વિવેકીએ સર્વદા જ રોકવાની છે, અને એકાદશીને દિવસે તો તેમની સ્વાભાવિક દેહ-ક્રિયાથી ભિન્ન સાંસારિક પ્રવૃત્તિ પણ યથાસાધ્ય રોકવી જો-ઇએ, અને તે સર્વની ધર્મનાં કે મોક્ષનાં સાધનોમાં ઉત્તમ પ્રકારે પ્રવૃત્તિ કરાવવી જોઇએ. આરોગ્ય વિદ્યાની રીતે પખ-વાડીઆમાં એક બે વાર ભૂખ્યા રહેવાથી જો કે અજીર્ણાંશની નિ-વૃત્તિદ્વારા શરીરને ઉપકાર થાય છે, અને મન તથા ઇંદ્રિયોના બલના શોષણથી તે તપદ્વારા કેટલોક ધર્મ સંબંધી પારલૌકિક લાભ પણ થાય છે, તોપણ માત્ર ભૂખ્યા રહેવાથી જ યથાર્થ તપ થાય છે, એમ ન જાણવું. વ્રત નિમિત્તે ભૂખ્યા રહી જો તે દિવસે કોઇ પણ પ્રકારની નિષિદ્ધ પ્રવૃત્તિ કરવામાં આવે તો તે તપ કર્યું ગણાતું નથી, પણ નિંદ્ય પ્રવૃત્તિજ કરી ગણાય છે, માટે વિવેકીએ વ્રતને દિવસે બહુજ સાવધાનતાપૂર્વક વર્તવાનું છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થ, કે સંન્યાસીએજ મોક્ષની પ્રાપ્તિ માટે નિત્ય પ્રતિ યત્ન કર્તવ્ય છે એમ નથી, કિંતુ ગૃહસ્થે પણ મોક્ષ-પ્રાપ્તિ માટે નિત્યપ્રતિ યથાશક્તિ યત્ન કર્તવ્ય છે. તેમાં પણ પંદર પંદર દિવસે આવનાર એકાદશીને દિવસે તો બની શકે

તો વ્યવહારનાં સર્વ કાર્યોથી કિંવા જેટલાં ત્યજી શકાય એમ હોય તેટલાં કાર્યોથી ઉપરામ પામી તે આખો દિવસ મોક્ષનાં સાધનો સંપાદન કરવામાંજ ગાળવો જોઇએ, એવી રીતે અગીઆર ઇંદ્રિયોને નિયમમાં રાખી તે સર્વની પ્રવૃત્તિ પરમાત્મા ભણી કરાવવી એજ સત્ય એકાદશી વ્રત છે, અને એવાજ પ્રકારથી વિવેકીએ એકાદશી વ્રત કરવું જોઇએ.

શિવરાત્રિનું વ્રત પણ એવીજ રીતે કરવાનું છે, અર્થાત્ પાંચ કર્મેંદ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, ને અહંકાર એ ચૌદ કરણોને, બાહ્ય દ્રષ્ટિવાળાં પ્રાણીઓની રાત્રિરૂપ જે શિવબ્રહ્મ છે, તેમાં જાગ્રત રાખવાં એજ શિવરાત્રિનું વ્રત છે; માટે વિવેકી ગૃહસ્થે પ્રત્યેક માસમાં આવતું શિવરાત્રિનું વ્રત પણ એવીજ રીતે કરવું જોઇએ.

નિત્યવ્રતની પેઠે નૈમિત્તિક અને ફલેચ્છાવાળાએ કામ્યવ્રત પણ પ્રમાદનો ત્યાગ કરી યથાવિધિ કરવાં જોઇએ, તેમાં કામ્યવ્રત જો યથાવિધિ ન થાય તો ઇચ્છિત ફળ મળતું નથી, ને ઉલટો પ્રત્યવાય લાગે છે, માટે એવું વ્રત કરનારે તો વિશેષ સાવધાનતા રાખવી જોઇએ.

શ્રદ્ધાનું મહત્વ.

શ્રદ્ધા એટલે આસ્તિક બુદ્ધિ. આ વસ્તુ આમજ છે એમાં કાંઇ પણ ફેર નથી એવી શ્રદ્ધા વિના કોઈ પણ કામ કરવામાં ઉત્સાહ ઉપજતો નથી. શ્રી સદ્ગુરૂ ને સત્શાસ્ત્રના ઉપદેશમાં શ્રદ્ધા હોય તોજ તેમના ઉપદેશાનુસાર પ્રયત્ન કરવામાં ઉત્સાહ ઉપજે છે, ને ઉત્સાહપૂર્વક સાવધાનતાથી પ્રયત્ન કરવામાં આવે

તો પરિણામે ચિત્તનિરોધ વા તત્ત્વસાક્ષાત્કાર સંપાદન કરી કૃતાર્થ થઇ શકાય છે. જેને સદ્ગુરુનાં તથા સત્શાસ્ત્રના વચનમાં દ્રઢ વિશ્વાસ નથી, તે પુરૂષ કદી પણ પ્રાપ્તવ્યને પ્રાપ્ત કરી શકવાનો નથી. જેમ નાક વિનાના મનુષ્યે ધારણ કરેલા વસ્ત્રાલંકાર શોભતા નથી, તેમ શ્રદ્ધાહીન મનુષ્યનાં અન્ય સાધનો શોભતાં નથી.

શ્રદ્ધા વિનાનું હૃદય પડી ગયેલા ઉજડ ઘર જેવું છે. પડી ગયેલા ઉજડ ઘરમાં જેમ સાપ, વીંછી, તથા કાનખજુરા આદિ, પ્રાણીઓને પીડા આપનારા જંતુઓ નિર્ભયપણે નિવાસ કરીને રહે છે, તેમ શ્રદ્ધાવિનાના હૃદયમાં પ્રાણીઓનું લોહી પીનારા **કામ, ક્રોધ ને લોભાદિ** વિકારો નિર્ભયપણે નિવાસ કરીને રહે છે. શ્રદ્ધારહિત હૃદય અત્યંત બળહીન હોવાથી કોઈ પણ કલ્યાણકારક સાધનમાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્ત થઇ શકતું નથી, તેથી સાધકોએ પરમાત્મા પાસે પ્રથમ **સાત્ત્વિકી શ્રદ્ધાની પ્રાપ્તિનીજ** યાચના કરવી ઘટે છે. એવી શ્રદ્ધાની પ્રાપ્તિ જો ઈશના અનુગ્રહથી થાય તો ચિંતામણિની પ્રાપ્તિથી જેમ સર્વ ઇચ્છિત પદાર્થોની પ્રાપ્તિ મનુષ્યને થાય છે, તેમ તેને સર્વ સાધનોની પ્રાપ્તિ થાય છે. સમર્થ માતાની પેઠે શ્રદ્ધા સાધકનું સર્વ વિઘ્નોથી રક્ષણ કરે છે. અને તેના હૃદયમાં દિવ્ય બળ આપે છે. એ દિવ્યબળને પામેલો સાધક કઠિનમાં કઠિન સાધનને પણ સુલભ રીતે સાધી શકે છે. એ સાત્ત્વિકી શ્રદ્ધા પૂર્વના શુભ સંસ્કારોથી પ્રાપ્ત ન હોય તો શ્રી સદ્ગુરુની તથા શ્રી પરમાત્માની નિષ્કપટ–ભાવે માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભક્તિ કરવાથી તથા નિત્ય પ્રતિ તત્ત્વજ્ઞ સંત લોકોનો આદર પૂર્વક સત્સંગ કરવાથી પ્રાપ્ત થાય છે.

કુદરતનો કાયદો.

કુદરત આપણને શું જણાવે છે?

તમો જેવું કરો તેવું ફલ આ દુનિયામાં ભોગવો.

આપણે ખોટી રીતે ચાલીએ તો કુદરત આપણને લાકડી લેઇને શિક્ષા કરવા આવતી નથી, પણ તેના નિયમ એવા બાંધેલા છે કે, તમો એક પણ નિયમનો ભંગ કરો તો તેની શિક્ષા અવશ્ય ભોગવવીજ પડશે.

જો આપણે દુનિયા સાથે સ્વાર્થી, કપટી અથવા પ્રપંચી, બેઇમાની થઇએ તો આપણાંજ છોકરાં આપણું અનુકરણ કરીને તેવાંજ થાય, અને મોટી ઉમર થતાં આપણી સાથે કપટી અથવા પ્રપંચી, બેઈમાની તથા સ્વાર્થભરી રીતે વર્ત્તીને આપણને દુઃખી કરે છે; અને લોકો પણ આપણી સાથે જેવા આપણે ચાલીએ તેવાજ આપણી સાથે ચાલીને હેરાન કરે છે.

હાલના જમાનામાં દરેક માણસો સીધી રીતે ચાલતાં નથી, કેવલ **કપટ, પ્રપંચ, સ્વાર્થ, અદેખાઈ, જુઠ, બેઇમાની,** વિગેરેમાં જીંદગી ગુજારે છે તો તેનું અનુકરણ કરીને ઘણા છોકરાઓ માબાપની ચાકરી બરદાશ નહિ કરતાં, કેવલ સ્વાર્થ પરાયણ થઇને બૈરીના કહ્યા પ્રમાણે ચાલી માબાપની સાથે લઢી-કજીઓ કરી તેમને દુઃખી કરે છે, તેવા દાખલા આજકાલ ઘણા જોવામાં આવે છે. આવા દાખલાઓ જોઇને લોકો કહે છે કે આજના છોકરાઓ ખરાબ નિવડે છે-એટલે છોકરાનો દોષ કાઢે છે.

આગળના વખતમાં છોકરાઓ માબાપની કેવી ચાકરી બર-

હાસ કરતા હતા, તથા તેઓના એક પણ વચનનું ઉલ્લંઘન કરતા નહિ; અને હવે તેમાંનું કોઇ છોકરાં ભાગ્યેજ પાળતા હશે ! તે ઉપરથી ખાત્રી થાય છે કે, સદરહુ માબાપ **કુદરત**ના નિયમનો ભંગ કરે છે.

જે પુરૂષને છોકરાં તથા સ્ત્રીને સુધારવાં હોય તો પેહેલાં પોતેજ સુધરી નિયમસર ચાલવું જોઇએ, જેવી રીતે તમે ચાલશો તેવીજ રીતે સ્ત્રી, છોકરાં ચાલશે, માટે તમો **નમ્રતા, સાદાઈ, પ્રમાણિકપણું, ઈમાનદારી, નિખાલસપણું, સરળતા,** વિગેરે સદ્‌ગુણોમાં રહી ચાલશો તો તેવીજ રીતે તમારી સ્ત્રી, છોકરાં, તમારૂં અનુકરણ કરી એટલે સદ્‌ગુણોમાં ચાલી તમને સુખી કરશે.

આજકાલ સ્ત્રી મળવાથી અને છોકરાં થવાથી ઘણાં લોકો એવું માની બેસે છે કે, દુનિયાનાં બધાં સુખો મને મળી ચ-ક્યાં, એવું જે માનતા હોય તે તેમની ગેરસમજણ છે, કારણ કે, સ્ત્રી, છોકરાં, સાથે દરેક પુરૂષને કેટલી મોટી ફરજ છે, તેની ખબર નહિ હોવાથીજ તે પોતાને સુખ માની બેસે છે.

જાણો કે સ્ત્રી, ખરાબ હોય અગર છોકરાં ખરાબ હોય તો આપણને કેટલું દુઃખ થાય છે, માટે જ્યારથી સ્ત્રી આપણા ઘરમાં આવે ત્યારથીજ અને જીંદગી સુધી આપણે તેની દેખરેખ રાખીને **મનની** તથા **ચાલચલણની** કેળવણી આપવી જોઇએ. જો દેખરેખ રાખવામાં તમો ભૂલ કરશો તો તેનું દુઃખ તમારે ભોગવવું પડશે; કારણ કે સ્ત્રી જાત અજ્ઞાન હોય છે, માટે તેનામાં દુર્ગુણો ના પેસે તેની પૂરેપૂરી કાળજી રાખવી જોઇએ. સ્ત્રી આપણા સંસારના રાજ્યનો પ્રધાન છે, માટે

પ્રધાન સારો ના હોય તો આખું રાજ્ય દુઃખી થાય, માટે પ્રધાન ઉપર એટલે સ્ત્રી ઉપર હમેશાં પૂરેપૂરી કાળજી રાખવાની ઘણી જરૂર છે, તે કુદરતનો નિયમ છે તેનો તમો ભંગ કરો તો તેની શિક્ષા તમારે ભોગવવીજ પડે.

છોકરાં થવાથી દરેક માણુસ ઘણોજ આનંદ માને છે, પણ તેમાં છોકરાં પ્રતિ માબાપની કેટલી મોટી ફરજ (એટલે જોખમદારી રહેલી છે,) અને તે ફરજ પૂરી બજાવતાં માબાપને કેટલું દુઃખ વેઠવું પડે છે, તે વાત ઘણા થોડાજ મનુષ્યો સમજે છે.

જ્યારથી છોકરાનો જન્મ થાય ત્યારથીજ પાંચ સાત વરસ સુધી તેને મોટો કરતાં તથા શરીરની પૂરી કાળજી રાખતાં કેટલું દુઃખ માબાપને વેઠવું પડે છે, ત્યાર પછી પાંચ સાત વરસનો થયા પછી એને વિદ્યાભ્યાસ કરાવામાં તથા એનામાં સદ્‌ગુણો આવવા સારૂ દરેક વખત કેટલી બધી કાળજી રાખીને શિખવવું જોઇએ, ત્યાર પછી એને મોટી ઉમર થતાં સ્ત્રી પણ સારી સદ્‌ગુણી પરણાવવી જોઇએ, તે છોકરાની સ્ત્રીને પણ દેખરેખ રાખીને **મનની** તથા **ચાલચલણની** કેળવણી આપવીજોઇએ.

આ બધી **ફરજો** તમારે બજાવવી જોઇએ, છોકરાના શરીરની સંભાળ ના રાખો તથા તેને વિદ્યાભ્યાસ ના કરાવો, તથા તેનામાં સદ્‌ગુણો આવવા સારૂ તમો પૂરી કાળજી ના રાખો, તથા સ્ત્રી સારી સદ્‌ગુણી ના પરણાવો તથા છોકરાની સ્ત્રીને મનની તથા ચાલચલણની કેળવણી ના આપો વિગેરે એક પણ બાબતમાં તમો કાળજી ના રાખો તો તેમાંનું જે કાંઇ ઓછું થાય તેનું ફળ તમારે ભોગવવું પડે. આ કુદરતનો નિયમ છે

અને તે નિયમનો તમો ભંગ કરો તો તેની શિક્ષા તમારે ભોગવવી પડે, પછી સ્ત્રી તથા છોકરાંનો દોષ કાઢો તે તમારી ભૂલજ છે.

તમો ખાવામાં પણ નિયમ ના રાખો તો તમો રોગીષ્ટ થાઓ છો. તે પણ કુદરતનો નિયમ છે. તમારે જ્યારે સારૂં અને સ્વાદિષ્ટ ખાવાનું હોય તેથી જરા વધારે (એટલે નિયમના બહાર જઈ) ખાઓ તો જરૂર અજીર્ણ થશે, અને અજીર્ણ થવાથી રોગ થાય છે એમ વૈદ્યક શાસ્ત્રનું પ્રમાણ છે.

તમો વ્યભિચાર કરો તો તેનાથી **ચાંદી, પ્રમેહ** વિગેરે રોગ થાય અને એ રોગથી **ધાતુ** ક્ષીણ થવાથી કમતાકાત થાય, અને કમતાકાત થવાથી બીજા અનેક રોગો ઉત્પન્ન થાય. તે પણ કુદરતના નિયમનો તમો ભંગ કર્યાની શિક્ષા તમારેજ ભોગવવી પડે.

તમો લોકો ઉપર અદેખાઇ રાખીને કંઇ સામાવાળાનું નુકસાન કરો તો તમારા ઉપર લોકો અદેખાઇ રાખીને નુકસાન કરે એ પણ કુદરતનો નિયમ છે. જે જે રીતે તમો લોકોને દુઃખ દો તેવીજ રીતે તમને લોકો દુઃખ દેશે. તમો નિખાલસપણે લોકોનાં સારાં કામો કરો તો લોકો તમારાં કામ પણ સારાં કરશે, તમો લોકોના દુઃખમાં મદદ કરશો તો તમારા દુઃખમાં પણ લોકો મદદ કરશે.

માટે ટુંકામાં કહેવાની મતલબ એવી છે કે તમો સુખની ઈચ્છા રાખતા હો તો **કુદરતના** નિયમને અનુસરી ચાલવું જોઇએ, કુદરતના નિયમનો કોઇ દિવસ ભંગ કરવો નહિ.

કુદરતના નિયમને જાણવા સારૂં હમેશાં **ધર્મશાસ્ત્રનાં** પુસ્તકો વાંચવા જોઇએ અને તે પ્રમાણે ચાલવું જોઇએ.

ભક્તિ પ્રકરણ.

આપણે પારલૌકિક અભિલાષાના શાંત પ્રદેશમાં પેશીએ છીએ. ! ઘણા પુરૂષોની ભક્તિ ઉચ્ચ અને પવિત્ર હોય છે જેથી તેઓ સાધુ સમાન અને તેમની સાંસારિક જીંદગી સ્વર્ગ સમાન થઇ રહે છે. કેટલીકવાર આપણે ખોટી ભક્તિના દાખલા જોઇએ છીએ અને એવી ભક્તિ શાંતિને બદલે ગરબડ મચાવી મૂકે છે. સાચી ભક્તિ પ્રેમ ઉપજાવે છે અને ખોટી ભક્તિ તિરસ્કાર ઉપજાવે છે તથા પોતાનાજ ધર્મને ખરો ધારી બીજાના ધર્મને ખોટો માને છે.

જે વૃત્તિ સારી સમજણના પાયા ઉપર રચાઇ ના હોય તે વૃત્તિ સત્ય અને સીધે રસ્તે લઈ જનારી હોતી નથી. વૃત્તિ સારી કરવી હોય તો તેને સમજણથી વાપરવી જોઇએ. એન્જીનથી જેમ લાભ થાય છે તેમ ભય પણ છે. જો તેને બરોબર સમજી ચલાવવામાં ના આવે તો તે ફાટીને ચૂરેચૂરા થઇ જઇ ઘણું નુકશાન કરશે તેમ આમાં પણ છે. વિચારપૂર્વક દોરવાતી વૃત્તિનું પરિણામ સારૂં આવે છે પરંતુ વિચારરહિત જે વૃત્તિ ચાલે છે તે મંડળોનો નાશ કરે છે.

ભક્તિ શું છે ? જીવાત્મા વિષે તત્વ જ્ઞાનપર અભ્યાસ કરનાઓને માલુમ છે કે ભક્તિ એ ઐશ્વરી મૂર્તિનું પ્રતિબિંબ છે. જીવાત્માનાં ત્રણ રૂપ છે. જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા. આ ત્રણ રસ્તે થઇને આત્મા, ઈશ્વરની શોધમાં જાય છે. જેમની જે તરફ વિશેષ વૃત્તિ તે પ્રમાણે તેઓ પોતે પોતાના રસ્તા પકડે છે. જેમની બુદ્ધિ સારી છે તે જ્ઞાનના રસ્તે જાય

છે, જેમનામાં ઈચ્છાની વૃત્તિ વિશેષ છે તે તે રસ્તે જાય છે અને કાર્ય કરવાની શક્તિ જેમનામાં જાગૃત છે તે કર્મ માર્ગે જાય છે. આમાં એક માર્ગ બીજા કરતાં ઓછો છે એમ નથી. ત્રણે માર્ગ, ઈશ્વરસાંનિધ્ય મેળવવાને એક સરખા ઉપયોગી છે, જો કે તેઓની શરૂઆત જૂદી જૂદી જણાય છે તોપણ આખરે તો તેઓ સર્વ એક જ છે. સઘળા ઇશ્વરને શોધે છે અને તેને મળે છે. ઈશ્વર માત્ર એકજ છે કે જેની પૂજા સર્વ ધર્મ કરે છે.

હવે ભક્તિના માર્ગ તરફ આપણે લક્ષ આપીએ. આત્માની જેવી વૃત્તિ તેવી ભક્તિ હોય છે. વૃત્તિમાં **આકર્ષણ** અને **નિઃસારણ** એ બે શક્તિયો છે. પ્રેમનો આવેશ આકર્ષણ કરે છે.–એકત્ર કરે છે અને તિરસ્કારનો જુસ્સો નિઃસારણ કરે છે– જૂદા પાડે છે. ખરી ભક્તિ પ્રેમમાં છે. પ્રેમને લીધે ભક્તિની વસ્તુને પોતાનામાં સામેલ કરી શકાય છે. ખોટી ભક્તિ માત્ર ધર્માંધપણું છે. તેમાં પોતાના પ્રેમની વસ્તુ ઉપર ચિત્ત ચોટે છે, પણ બીજાના પ્રેમની વસ્તુનો તિરસ્કાર થાય છે. આમાં સ્વાર્થ અને અદેખાઇ રહેલી છે. જે માણસ ઈશ્વરની પૂજા કરે છે પણ એમ કહે છે કે મારોજ ધર્મ ખરો છે ત્યારે તેનામાં ભક્તિની વૃત્તિ છે ખરી, પણ તે પવિત્ર ભક્તિ નહિ પણ ધર્માંધપણું કહેવાય. ભક્તિ જ્યારે શુદ્ધ પ્રેમની ભરેલી નથી હોતી ત્યારે તેમાં અહંકારનો સમાસ થયેલો હોય છે અને તે બીજાને દુશ્મન તરીકે જુએ છે. આથી ખરાબ પરિણામ આવે છે, માટે પ્રેમ સહિતની ખરી ભક્તિની જરૂર છે. ભક્તિ, પ્રેમની એક જાત છે.

પ્રેમના પ્રકાર પણ જુદા જુદા છે. આપણાથી જેઓ ગુણમાં અને વર્તણુકમાં ચઢિયાતા છે તેમના તરફ પ્રેમ થાય છે અને

તે પ્રેમને આપણે માન આપીએ છીએ. દયાને લીધે પણ પ્રેમ ઉપજે છે અને આપણા ગુરૂ, માબાપ, આપણી જાતના મહાન પુરૂષો અને સદ્‌ગુણશાળી અને ન્યાયી મહાજનોના તરફ પણ આપણને પ્રેમ થાય છે. આ જાતનો પ્રેમ તે ભક્તિ છે. જેના તરફ ભક્તિભાવ હોય છે તેના જેવાંજ ભારે કામ કરવાની ઇચ્છા તેના ભક્તને થાય છે. ખરી ભક્તિથી મનુષ્ય સુખી થાય છે અને અશક્ત હોય તો કૌવતવાન બને છે. વૃત્તિ જેવી સારી કે ખરાબ તેવુંજ પરિણામ ભક્તિનું આવે છે.

ભક્તિને કેળવવી કેવી રીતે ? માણસને ભક્તિભાવ થાય તે પહેલાં તેણે પોતાને જેના ઉપર અંતઃકરણથી પ્રેમ હોય તેવી વસ્તુ પોતાની સન્મુખ મૂકવી જોઇએ. નિરાકાર ઈશ્વર ઉપર માણસની ભક્તિ ચોટી શકતી નથી; કેમકે નિરાકાર ઈશ્વરનું રૂપ અનિશ્ચિત હોવાથી તે મનુષ્યના અંતઃકરણને ખેંચી શકે તેમ નથી. માટે મનુષ્ય પોતે પોતાની ધારણા પ્રમાણે ઈશ્વરનો આકાર કલ્પે છે. આ આકાર સ્વતઃ ભક્તનું મન આકર્ષે છે. આથી ઈશ્વરનાં જુદાં જુદાં રૂપ બનાવવામાં આવ્યાં છે અને તેમનું વર્ણન ધર્મનાં પુસ્તકોમાં કરવામાં આવેલું છે. દાખલા તરીકે હિંદુઓના વિષ્ણુ, મહાદેવ અને બુદ્ધના અવતાર, ખ્રીસ્તીઓના ક્રાઇસ્ટ, પારસીઓના ઝોરોએસ્ટર અને મુસલમાનોના અલ્લા. આ બધાની આકૃતિઓ જુદી જુદી હોય તે જોવાનું નથી પરંતુ તે બધી ઐશ્વરી આકૃતિયો છે. ઈશ્વરના એક રૂપને જુદી જુદી રીતે આકૃતિયોમાં વાળ્યું છે, એમાંની ગમે તે પવિત્ર આકૃતિ મનુષ્યના અંતઃકરણ ઉપર શક્તિ ચલાવી શકશે. જ્યારે સઘળી આકૃતિયો એકજ રૂપ છે ત્યારે તેમાં એકને બીજાથી વધારે

સારી કેમ કહી શકાય ? સર્વ જગતનો પિતા એકજ છે. મનુષ્ય જાત ફક્ત તેને એકલાનેજ પૂજે છે. જરૂર છે તે માત્ર પ્રેમની છે, કાંઇ આકૃતિની જરૂર નથી. હિંદુઓના ધર્મ પુસ્તકમાં શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું છે તે યાદ રાખો. તેમણે કહ્યું છે કે જે માણસ મને પ્રેમ–શ્રદ્ધા પૂર્વક ભોગ આપે છે અને મને ફૂલ ચઢાવે છે તેનો સ્વીકાર હું સ્નેહસહિત કરૂં છું. ભક્તિનો સ્વીકાર કરતાં ભક્તના પ્રેમનોજ હું વિચાર કરૂંછું કંઇ અર્પણ કરેલી ચીજોનો સામું જોતો નથી. સર્વ જગતનો પિતા પૂજાનો સ્વીકાર કરે છે. નાનું બાળક પોતાની માને બોલાવતાં શુદ્ધ શબ્દોચ્ચાર કરી શકતું નથી તોપણ શું માતાને તેના ઉપર પ્રેમ આવતો નથી? આવે છેજ ! તે કંઇ બાળકના શબ્દ તરફ જોતી નથી. કેટલાક એમ કહે છે કે થોડા જ્ઞાનવાળાં માણસો નાના શબ્દોમાં સ્તુતિ કરે છે તેનો સ્વીકાર, ઈશ્વર, તત્વજ્ઞાનીઓ સારી ભાષામાં જે સ્તુતિ કરે છે તેના કરતાં ઓછો કરે છે, પરંતુ તે ખોટું છે. ઈશ્વર અંતઃકરણ જુએ છે અને શબ્દ જોતો નથી. ઈશ્વરનાં નામ ગમે તે હો તેની હરકત નહિ. મનુષ્યને ભક્તિભાવ થાય તે સારૂ તેણે ભક્તિના વિષયની મૂર્તિ જોવી જોઇએ. સૂર્યમુખી ફૂલ સૂર્યને જોઇને જેમ ખીલે છે તેમ ભક્તિ મૂર્તિને જોઇને સ્ફુરે છે.

ઘણાં માણસો કહે છે કે પૂજા અને મનન કરવાનો અમને વખત મળતો નથી આમ કહેનારાઓ માટે જો હું કહું કે તેઓ કામગરા માણસો હોવાથી તેમને ખાવાનો પણ વખત મળતો નહિ હોય તો તમે મને મૂર્ખ જણાવી કહેશો કે ખાધા વિના જીવાય શી રીતે ? તો એજ પ્રમાણે આત્માને ખોરાક આપ્યા શિવાય તમે જીવી શકવાના નથી. દીવો બળતો રાખ-

વાને તેમાં વારંવાર તલ પૂરતા રહેવું પડે છે અને તેલ શિવાય દીવો ઓલાઇ જાય છે, તેમ આત્માને પણ મનન અને પૂજાની જરૂર છે. માટે કાંઇ નહિ તો અર્ધો કલાક પણ ભકિતમાં ગાળવો જોઇએ. જે ભકત છે તેની પ્રકૃતિ હમેશાં શાંત અને તેની તર્ક-શકિત ઉત્તમ હોય છે. જ્યાં સુધી તમે પૃથ્વી ઉપરની ચીજોને અધૈર્યથી વળગી રહ્યા છો, જ્યાં સુધી તમે ખોટાં કામ કરવાને આતુરતા રાખો છો અને જ્યાં સુધી તમે સ્વાર્થ અને લોભ રાખો છો, ત્યાં સુધી તમે ભકિત કરી શકવાના નથી. ભકિતનો પ્રભાવ કેવો મોટો છે તેના સંબંધમાં હિંદુસ્તાનમાં એક રાજા પોતાની પાસે એક યુવાન માણસને જોઇને આશ્ચર્ય પામ્યો હતો. તે રાજાએ મને પૂછ્યું કે આ માણસની ઉમર આટલી બધી નાની છે તે છતાં તે આટલો બધો ડાહ્યો કેમ છે ? તે હું સમજી શકતો નથી. મેં તે રાજાને ઉત્તર વાળ્યો કે આપના કરતાં પણ એક વધારે ચડિયાતા શેઠની સેવા તે કરે છે. તે મહાન શેઠની તરફ તેનું લક્ષ ખેંચાયલું છે. તે માણસ દુનિ-યાદારીવાળો જણાય છે ખરો પણ તેનું અંતઃકરણ તમે ઓ-ળખી શકતા નથી. એ યુવાન માણસનું જીવન પવિત્ર ભકિતમાં તદ્દાકાર થયેલું છે.

ભક્તિની જીંદગી ગુજારવાથી દુનિયાદારીથી અલગ રહેવું પડે છે એમ નથી. દુનિયાનાં જે કામ કરવાનાં છે તે પણ ભક્તિવાળો કરી શકે છે. આવી ભક્તિ મનન અને પૂજાથીજ પ્રાપ્ત કરી શકાય છે. જે તમારી ભક્તિનો વિષય હોય તેના ઉમદા કાર્યોની વાર્તાઓ વાંચી તે વિષે તમારે વિચાર કરવો જોઇએ. જો રામચંદ્ર તરફ તમારી ભક્તિ હોય તો રામાયણમાં

આવેલું તેમનું વૃત્તાન્ત વાંચો. કેકૈયીને આપેલું વચન પાળવા દશરથ રાજા પોતાના પુત્રને વનમાં મોકલે છે અને તે વખતે સીતાજી રામચંદ્રની સાથે જવા તૈયાર થાય છે, એ હેવાલ વાંચતાં કોનું હૃદય પીગળ્યા શિવાય રહેશે? એક પુત્ર તથા સ્રીની કેવી દ્રઢ ભક્તિ એ બતાવે છે? આ પ્રમાણે પવિત્ર પુસ્તકો, ભક્તિનાં અનેક દૃષ્ટાંતો પૂરાં પાડે છે. પ્રજાકીય અભિપ્રાય એ ઘણા કાળથી ચાલતો આવેલો જૂદા જૂદા માણસોનો અભિપ્રાય છે અને તે પ્રમાણે ગમે તે એક વાતનો વિચાર ફ્રેન્ચ, ઇંગ્લીશ, જર્મન અને પર્શ્યન જૂદી જૂદી રીતે કરે છે. તો શું તેમાં તમે તે સવનો વાંક કાઢશો? જૂદી જૂદી પ્રજાએ ભક્તિને માટે જૂદાં જૂદાં નામ રૂપી વસ્તુઓ રાખેલી છે, તેટલા માટે અન્ય ધર્મની નિંદા કરવી એ ખરાબ છે. આવી નિંદા કરનારા મનુષ્ય જાતિને મોટું નુકશાન કરનારા છે.

દરેક ધર્મ કાંઈક વસ્તુને ઈશ્વરપ્રણીત કલ્પે છે. પછી તે વસ્તુ ગમે તો છબી, ધાતુ, ચિત્ર, પુસ્તક, પાષાણ કે ગમે તે આકારમાં હોય પણ તેને લીધે મનુષ્યનું ચિત્ત ઈશ્વર ઉપર ચોંટે છે અને તેની અગાધ શક્તિનું ભાન થાય છે. જે લોકો આ મતની સામે છે તેઓ આ સામે કડવા શબ્દો કહેશે, પરંતુ તેમને જણાવવાનું કે એવો એક પણ ધર્મ નથી કે જે બહારની કોઈ પણ એક વસ્તુને પોતાની પવિત્ર ઐશ્વરી વસ્તુ તરીકે ગણતો ના હોય. ગ્રીક ચર્ચ તથા રોમન કેથલીક ચર્ચ એ બે ધર્મોમાં ચિત્રો અને મૂર્તિઓ વારંવાર વપરાય છે. રેવોલ્યુશનના વખતથી ઈંગ્લાંડના ગ્રેટ ચર્ચની સ્થિતિ જોઇએ તો બે અભિપ્રાય પડેલા છે. તેમાં એક અસલની મૂર્તિ—ક્રોસના વિચા-

રને વળગી રહેલા છે અને પ્યુરીટનવાળા તેને વહેમી ગણે છે. પરંતુ આ પોકાર ફક્ત એક બાજુ જોનારાઓને છે. તેમનો ધીમે ધીમે ઘટાડો થતો જાય છે અને ચર્ચના પ્રથમના મતને સઘળા માનવા લાગ્યા છે. નૉનકૉન્ફરમીસ્ટ દેવળોમાં દેવળ ઉપરના ક્રોસ ઉપરથી જણાય છે કે તેઓ ક્રાઇસ્ટના ભક્ત છે. શીખો મૂર્તિ પૂજાની વિરૂદ્ધ છે તે શીખોના દેવળોમાં ગ્રંથ સાહેબો ઉપર ફૂલ ચઢે છે અને તેઓ તેમને માન આપે છે. મુસલમાનો બંદગી કરતી વખતે અમુક દિશાએ મોં રાખે છે અને તેઓ મક્કે હજ કરી આવે છે. અજ્ઞાન માણસોને તમારે કેળવવાં જોઇએ પણ તેમને ધિક્કારવા નહિ એટલે પ્યુરીટનના તિરસ્કારનો જેમ ઘણોખરો નાશ થઇ ગયો છે તેમ તેમના તિરસ્કારનો પણ થઇ જશે. વળી મૂર્તિઓ ઉપરથી ઇશ્વરની શક્તિઓનું ભાન થાય છે. વિષ્ણુની ચતુર્ભુજ મૂર્તિ ઉપરથી જણાય છે કે આખી દુનિયા ઉપર ઈશ્વર શક્તિ છે અને તે આખી દુનિયાનું રક્ષણ કરે છે.

ભક્તિ કરવાની વસ્તુઓ જૂદી જૂદી હોવાથી મૂર્તિઓ જુદી જુદી હોય તેની હરકત નહિ. પરંતુ સઘળા ધર્મનો હેતુ એકજ છે. માટે બીજા ધર્મને નહિ નિંદતાં તેને માન આપવું જોઇએ. આમ સમજી ખ્રીસ્તીઓ જો પારસીઓને ચહાય, પારસીઓ મુસલમાનોને ચહાય, મુસલમાનો હિંદુઓને ચહાય અને એ પ્રમાણે તમામ પ્રજા એક બીજાના ધર્મને માન આપીને વર્તે, તો દેશમાં શાંતિ અને આબાદી પ્રસરે અને તેમ થવાની આ દેશમાં ઘણી જરૂર છે.

(એનીબીસેન્ટના એક ભાષણનો સાર.)

જ્ઞાન એટલે શું ?

વેદ (શ્રુતિ) સ્મૃતિ અને પુરાણો એ સર્વમાં એકજ વાત કે " જ્ઞાન વિના મુક્તિ નહિ " **વેદાંત, સાંખ્ય, પાતંજલ, મીમાંસા, વૈશેષિક,** અને **ન્યાય,** એ છએ શાસ્ત્રો વેદનું તાત્પર્ય અને રહસ્ય બતાવનારાં, કે જે વેદનાં અંગ કહેવાય તે સર્વમાં જુદે જુદે પ્રકારે વિધિ ભેદથી વિવેચન કર્યું છે તથાપિ તે સર્વનો મૂળ હેતુ જ્ઞાન સંપાદન કરવાનો છે અને ત્યાર પછી આજ સુધી પાછળથી પણ જે જે સંપ્રદાય અથવા ધર્મના માર્ગો નિકળ્યા છે તેના કર્ત્તા આચાર્યોએ પણ પોતપોતાના અંગીકાર કરેલા ગમે તે મતને અનુસરી છેવટ પરિણામે ઉપરના કોઇ પણ વેદ શાસ્ત્રને આધારે મુક્તિ મળવાનું મુખ્ય સાધન જ્ઞાન છે, એમજ નિશ્ચય કરેલો છે.

આ જ્ઞાન-નિર્ણયનો વિષય અતિશય ગહન અને તરત સમજયામાં આવે તેવો નહિ હોવાથી માત્ર તે જ્ઞાન એટલે શું અને શા વિષયનું ? તે આ પ્રસંગે ટુંકામાં બતાવવું ઉપયોગી જાણી કહું છું કે **ઈશ્વર, માયા** અને **જીવ,** એ ત્રણેને બરાબર સમજી ઈશ્વરની લક્ષ્યરૂપે અદ્વૈતતા ઉપર મનને દ્રઢ કરવું તેનું નામ જ્ઞાન અને અનુભવ લેવો તેનું નામ વિજ્ઞાન કહેવાય છે.

હવે તેમાં પ્રથમ ઈશ્વરનું શુદ્ધ સ્વરૂપ એવું છે કે તે એક, અસહાય, સર્વથી અસંગ, સત્ ચિત્ આનંદ ઘન, અચ્યુત, અનંત, નિત્ય, નિર્વિકાર, વ્યાપક અને અવિનાશી ઇત્યાદિ ગુણોથી પરિપૂર્ણ છે એમ વેદશાસ્ત્ર પ્રતિપાદન કરે છે, તે સર્વત્ર અખંડૈકરસ પ્રભુ સ્વતંત્રપણે બિરાજમાન છે; પરંતુ ભકતજનો

તેમની બે રૂપે ઉપાસના અને ભકિત નીચે પ્રમાણે કરે છે.

અંતર્યામી તેના બે ભેદ; પહેલો નિરૂપ એટલે જ્ઞાનનંદ, અલક્ષ, અવિનાશી, નિરીહ, નિરંજન, નિર્ગુણ, બ્રહ્મ, સર્વ-વ્યાપક જેમ તલમાં તેલ અને કાષ્ટમાં અગ્નિ રહ્યાં છે પણ દેખાતાં નથી તેમ સર્વ ઠેકાણે સમાનપણે રહી જેની સત્તા અને પ્રેરણાથી માયા અનંત બ્રહ્માંડો રચે છે તે, અને બીજો રૂપવાન એટલે સગુણ સ્વરૂપ શંખ ચક્રધારી, માયાથી નિર્લેપ વાસુદેવ સ્વરૂપ; તેમજ પૂજ્ય સ્વરૂપ ભકત જનોની ભાવના પ્રમાણે ધાતુ પાષાણાદિકની હરેક પ્રતિમા રૂપે એમ સૌ ભકતજનો પોતપોતાની ભાવના પ્રમાણે હરેક રૂપે ઈશ્વરનું આરાધન કરી અંતે જ્ઞાન મેળવે છે ત્યારે જીવન્મુકત ગણાય છે.

માયાનું સ્વરૂપ એવું છે કે તે જડ કાંઇ પણ કાર્ય સ્વતંત્રપણે કરી શકતી નથી, પણ તે ઈશ્વરની પ્રેરણાથી સર્વ કાર્ય કરતી જણાય છે તે અનાદિ અને સાન્ત હોવા છતાં બે પ્રકારની કેહેવાય છે. એક વિદ્યા કે જેથી અનંત બ્રહ્માંડો અને તેના સ્વામિ ઉત્પન્ન થાય છે; બીજી અવિદ્યા કે જેની જાળમાં આ સર્વ જીવો ફસી પડી જીવ–દશા ભોગવે છે.

જીવનું સ્વરૂપ કે જેને શુદ્ધ સ્વરૂપે આત્મા પણ કહે છે તે જીવ ચાર પ્રકારના કહેવાય છે. ૧ મુકત, ૨ મુમુક્ષુ, ૩ વિષયી અને ૪ પામર. તેમાં પેહેલા ભગવત્ ભજન અને જ્ઞાનના અવલંબનથી મુકત થયેલા છે. બીજા મુમુક્ષુ એટલે મોક્ષની ઈચ્છા રાખનારા ત્રણ પ્રકારના છે; ૧ વિવેકાદિ સાધન-યુકત થઈ વેદાંત શ્રવણાદિમાં તત્પર રહે છે તે. ૨ નવધા પ્રકારની ભકિત કરીને અથવા પોતાને બધાં કાર્ય અને સાધનથી

જુદા પરતંત્ર માની ભગવત્પરાયણ થઇ સર્વ પ્રકારે એક ભગવાન-નોજ આશ્રય લે છે તે. અને ૩–યજ્ઞાદિક શુભ કર્મો જે નિષ્કામપણે કરે છે તે મુમુક્ષુ જનો કહેવાય છે. અને વિષયી જીવ છે તે સાંસારિક વિહિત ભોગમાં લીન રહે છે, અને સકામ કર્મ કરી ભોગો મેળવવાની ઇચ્છા રાખે છે અને ચોથા પ્રકારના પામર જીવ છે તે મૂઢપણે આવિહિત અને શાસ્ત્રના સંસ્કાર રહિત તથા વિષયોમાં આસકત રહી જન્મ મરણ પામ્યા કરે છે.

આ સર્વનો સાર એ છે કે ઈશ્વર, માયા અને જીવ એમનું સ્વરૂપ યથાર્થ જાણ્યા પછી ઇશ્વર અને જીવનું શુદ્ધ સ્વરૂપ એક સમજીને વૈરાગ્યયુકત અભ્યાસથી ચિત્તવૃત્તિ દ્રઢ કરી અંતરથી દ્વૈતભાવ મટાડવો અને સર્વત્ર ચૈતન્યમય, નિર્વિકાર જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન એકજ છે તે શિવાય બીજું કાંઇપણ છે નહિ તેમ આ જગત–પ્રપંચ દેખાય છે તે તમામ સ્વપ્નવત્ મિથ્યા છે; વસ્તુતાથી અદ્વૈત પરબ્રહ્મ સત્ય સ્વરૂપ છે, તેમાં નિષ્ઠા કરવી તે મનુષ્યોનું સિદ્ધ કર્તવ્ય છે.

મનુષ્ય ત્રણ પ્રકારનાં હોય છે.

૧–ઉત્તમ, ૨–મધ્યમ અને ૩–કનિષ્ઠ.

ઉત્તમ મનુષ્યનાં આચરણો અને લક્ષણો.

ઉત્તમ મનુષ્ય ઇશ્વરના ઉપર પૂર્ણ શ્રદ્ધાવાન હોય છે. સ્વાર્થ વગરનો હોય છે. માયામાં મોહ પામતો નથી. દુનિયાના વેહેવાર કરે છે પણ નહિ જેવો કરે છે, તેની પરવા રાખતો નથી. ફકત પોતાનું તથા આખી સૃષ્ટિનું કેવી રીતે કલ્યાણ થાય તેનુંજ હમેશાં ચિંતન કર્યા કરે છે; સર્વે ઉપર સમદૃષ્ટિ તથા ઉપકારનાં

કામ કર્યાં જાય છે, તે પુરૂષ કોઇનું કંઇ બગાડતો નથી, એનામાં કોઇ જાતનો ખોટો લોભ કે અભિમાન હોતું નથી અને વિષયવાસના પણ નહિ જેવીજ હોય છેઃ કપટ અદેખાઇનો ગુણ બીલકુલ હોતો નથી; નમ્રતા, સાદાઈ, સરલતા અને ઉત્તમ માર્ગેજ ચાલવું, જૂઠું બોલવું નહિ; પ્રમાણિકપણે પૈસા પેદા કરવા; કોઇ જાતનું વ્યસન નહિ અને હમેશાં પોતાની વૃત્તિ શાંતિ રાખીને આનંદમય જીંદગી ગુજારવી, એજ એની પ્રકૃતિ હોય છે.

દુષ્ટ માણસની નિંદા સ્તુતિ નહિ કરતાં ઉપેક્ષા કરે છે, સારા માણસોની સાથે પ્રીતિ રાખે છે, કોઈ માણસ સારૂં કામ કરે તેથી ઉત્તમ પુરૂષ બહુ ખુશી થાય છે; અને પોતે પુન્ય તથા ભક્તિ અગર કંઇ સારૂં કામ કરે છે તે ફલની ઇચ્છા વગર કરે છે (મને તેનું ફળ મળે તેવા હેતુથી નહિ પણ મારી ફરજ છે તેવું જાણી કરે છે.) અને સારા કામમાં અભિમાન રાખતા નથી, સુખ આવે ત્યારે ચાંચલ્ય પ્રાપ્ત થાય નહિ અને દુઃખ આવે ત્યારે કાયરતા ઉપજે નહિ, તેવી રીતે વૃત્તિને બરાબર નિયમમાં રાખે છે અને ઈશ્વર સત્ય છે. આ બધી માયા નાશવાન છે તેવું સમજીને ચાલે છે.

મધ્યમ મનુષ્યનાં લક્ષણો.

મધ્યમ પ્રકારનાં મનુષ્ય ઈશ્વર ઉપર અશ્રદ્ધા રાખે છે, થોડી ભક્તિ કરે છે, થોડી અદેખાઈ કપટ વિગેરે રાખે છે પણ એવું રાખે છે કે લોકો તે ગુણને જાણી શકે નહિ, વ્યાજબી રીતે લોકોને શિક્ષા કરે છે અને વહેવારના કામમાં બહુ પ્રવીણ હોય છે, વિષયવાસના પૂર્ણ રીતે ભોગવે છે, સંસારનાં બધાં કાર્ય બરાબર રીતે ચલાવે છે, દરેક ખોટાં કામ છુપી

રીતે કરે છે, કોઇ જાણી શકે નહિ તેવી રીતે કરીને પોતાનું કામ કહાડી લે છે, સ્વાર્થ, લોભ, બહુજ હોય છે અને શાંતિ બીલકુલ હોતી નથી, દરેક મનુષ્યમાંથી તથા દરેક બાબતમાં પોતાનો સ્વાર્થ કેમ કહાડી લેવો તે યુક્તિ સંપૂર્ણ રીતે જાણે છે, ડાહ્યા માણુસો મધ્યમ પુરૂષના અવગુણ જાણી શકે છે પણ થોડી બુદ્ધિના માણુસો જાણી શકતા નથી.

મધ્યમ પુરૂષ પોતાનું કલ્યાણ સર્વે માયામાં રહેલું છે તેવું સમજે છે. વ્યસન પણ રાખે છે પણ તેનામાં લીન થતો નથી. પુન્ય તથા ભક્તિ, ફલની આશાએ કરે છે, અને લોકો મને સારૂં કહે તેવા ઈરાદાથી ઘણું કરવામાં આવે છે તથા પુન્ય કરવામાં પોતાને અભિમાન હોય છે, માનપ્રતિષ્ઠા મળે તેવા રૂપે કરે છે.

કનિષ્ઠ મનુષ્યનાં લક્ષણો.

આ પ્રકારનાં મનુષ્ય વ્યસન તથા વિષયમાં બહુ તલ્લીન હોય છે, વધારે બોલે છે, જુઠ, અનીતિમાં આખી જીંદગી ગુજારે છે, લોકો ઉપર અદેખાઈ બહુ રાખે છે, લોકોના દુઃખમાં રાજી થાય છે, લોકોનું ખોટું શી રીતે થાય તેવું હરવખત ચિંતન કરે છે અને ધાર્યા પ્રમાણે લોકોનું માઠું થાય તેમાં બહુ ખુશી થાય છે. ભક્તિ, શ્રદ્ધા, પુન્ય, પારકાનું હિત કરવું વિગેરે ગુણો તેમાં હોતા નથી તથા તેવાં કામ તે કાંઈ સમજતો નથી; ખોટા કામમાં બહુજ બુદ્ધિ વાપરે છે અને હમેશાં કપટ, વ્યભિચાર, ચોરી વિગેરે કર્યા કરે છે, તેવા માણુસને ખોટાની સંગત બહુજ ગમે છે, સારા માણુસ ઉપર તથા સારા કામમાં અદેખાઈ રાખે છે અને લોકોને બને તેટલું વધારેમાં વધારે નુકશાન કરવાનો તેનો ગુણ

હોય છે. એનાથી કોઇ દિવસ સારૂં કામ બને નહિ. અનીતિથી પૈસા પેદા કરવા, અનીતિથી વેહેવાર કરવો તથા અનીતિથીજ સર્વે કાર્ય કરવાં તેવો તેનો સ્વભાવજ હોય છે.

સંસારના સુખની બહુજ લાલસા તથા ઇચ્છા રાખે છે, પણ તેનો વેહેવાર અનીતિનો હોવાથી બધા સુખનો નાશ થાય છે; તોપણ તેને ખબર પડતી નથી તેથી આખી જીંદગી ક્લેશમાં જાય છે. લઢાઇ બહુજ ગમે છે, શાંતિ બીલકુલ રહેતી નથી, સ્વાર્થ બહુ સાધે છે પણ સ્વાર્થ થતો નથી ઉલટું બગડે છે. જે માણસની જીંદગી અનીતિમાન હોય છે તેમણે માની લેવું જોઇએ કે કુદરતનો કાયદો તેને માટે લાગુ થઇ તેઓ જીંદગી-ભર દુઃખીજ થવાના. માટે જેને સુખની ઇચ્છાઓ હોય તેણે કનિષ્ઠ મનુષ્યનાં લક્ષણો મૂકી દેવાં જોઇએ.

ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ; મનુષ્યનાં લક્ષણો વાંચનાર જિ-જ્ઞાસુ જનોને મારી વિનંતિ છે કે જે પુરૂષને પોતાની સદ્ગતિ કરવાની ઇચ્છા હોય તેણે ઉત્તમ પુરૂષનાં લક્ષણો શીખીને તે પ્રમાણે ચાલવું જોઇએ. જેથી કલ્યાણ થવાનો માર્ગ ખુલ્લો થાય.

સ્વાર્થી સંસારના દાખલા.

દાખલો ૧.

અમદાવાદમાં એક કણબી ગૃહસ્થ હતો. તેણે પોતાની સારી સ્થિતિના વખતમાં સ્રીને ચાર પાંચ હજારના દાગીના કરાવેલા. ન કરે નારાયણ કે એ ભાઇને કોઇ વ્યપારમાં સન ૧૮૭૯ ની સાલમાં ખોટ આવી અને લેહેણદારોએ તગાજો

કરવા માંડયો. તે વખતે સ્ત્રી પાસે બે હજારનું ઘરેણું માગ્યું. અને બોલ્યો કે આબરૂ જવાનો વખત આવ્યો છે, આબરૂ ન સચવાઇ તો જીવ કહાડવો પડશે. તેની સ્ત્રીએ જવાબ દીધો કે કાલે કહાડતા હો તો આજે કહાડો પણ એમાંથી તલભાર મળવાનું નથી. આ સાંભળી પોતે ભાણા ઉપરથી ઉઠયો અને પાસે ચાર પાંચ રૂપીઆ હતા તેની ખેરાત કરી વાવડીમાં પડી પ્રાણ ત્યાગ કર્યો. ત્રીજે દિવસે મુડદું હાથ લાગ્યું. પેલી સ્વાર્થી સ્ત્રી ત્રણ જગાએ નાતરે ગઇ. અને છેવટે ગરમીના રોગથી રામ શરણ થઇ.

દાખલો ૨.

ખેડા જીલ્લામાં ઉપાધિશંકર કરીને એક બ્રાહ્મણ હતો. તેણે મરતાં સુધી કાળાં ધોળાં કરવામાં કાંઇ બાકી રાખ્યું નહોતું. અને એજ ઉદ્યમમાં પંદર હજાર મેળવ્યા હતા. જ્યારે દહાડો પડે ત્યારે ખાય નહિ અને અજંપાથી ઉંઘે પણ નહિ. આવી રીતે કાળ નિર્ગમન કરતાં મરણનો વખત નજીક આવ્યો. અવસ્થાએ પહોંચેલો તેથી આંખ અને કાનની ઇંદ્રિઓ નરમ પડેલી તથા અર્ધું અંગ રહી ગએલું હતું. ડોસાએ જાણ્યું કે હવે થોડા દાહાડાના મેમાન છીએ માટે દુનિયાદારી પ્રમાણે પુણ્યદાન કરવું જોઇએ. આ ઇચ્છા સફળ થવાને ઘરનાં માણસોને કહ્યું કે મને કાંઇ પુણ્ય કરાવો. છોકરાએ પૈસાને બદલે પાન લાવીને આપ્યું. ડોસો બોલ્યો પાન નહિ પણ પૈસા લાવો. છોકરીએ પાણી લાવીને આપ્યું. ભાગ્યશાળીએ પવાલું ફેંકી દેઇ કપાળ કુટવા માંડયું. પત્નીએ કહ્યું હવે શું જુઓ છો ? એને સન્નિપાત થયો માટે નીચે ઉતારી ટહાડા પાણીનો ઘડો રેડો

નહિ તો ખાટલો બગાડશે. આ સાંભળી છોકરાની વહુએ તેનો તુરત અમલ કરતાં બુઢ્ઢાભાઇ બે ડચકાં ખાઇ પંથે પડયા.

દાખલો ૩.

એક વૈષ્ણવ ગૃહસ્થ હતો. તે હમેશાં મંદિરની સેવા કરતો અને વાર તેહેવારે પ્રસાદ કહી બે પૈસા મૂકતો. ઈશ્વર ઇચ્છાએ એક વખત સટ્ટાના વ્યાપારમાં તળીયા ઝાટક થઈ ગયો. અને અન્ન ને દાંતને વેર થયું. તોપણ દર્શન ચૂકતો નહિ. આ વખત જાણે એને કોઇ ઓળખતું ન હોય એવી દશા થઈ. ઝાપોટીઆ કોયડા ચલાવે તોપણ તે પોતાનો નિયમ ચૂકતો નહોતો. ભગવત્ કૃપાએ એનું પાંદડું ફરવાથી પાછો અસલ સ્થિતિ ઉપર આવ્યો. એવામાં અન્નકુટનો સમય આવવાથી શેઠને પ્રસાદે બોલાવ્યા. શેઠે પતરાળીપર બેસતાં લુગડાં અને આભૂષણ ઉતારી એક બાજુ પર મૂકયાં. મુખીયાજીએ આજ્ઞા આપી કે વૈષ્ણવરાજ પ્રસાદ આરોગો. શેઠે પેલાં લુગડાં અને આભૂષણને કહ્યું અલ્યા! જમો, જમો. પાસે બેઠેલા ગૃહસ્થો બોલ્યા, શેઠજી આજે આમ કેમ? તેણે જવાબ આપ્યો કે એના પ્રતાપથીજ આજે મિષ્ટાન્ન મળ્યાં છે. વચમાં કોઇએ ભાવ પૂછતું નહોતું. હું તો એનો એજ છું. આ સાંભળીને બધા શરમીંદા થઈ ગયા.

દાખલો ૪.

એક ભવૈયાનો નાયક હતો. તે આ જુઠી દુનિયાનો સંસ્કાર પુરો થવાથી રસ્તે પડયો. એ લોકો દાંતે સોનાની રેખો રાખે છે તે ગુજરી ગયા પછી નિકટના સંબંધીઓએ કહાડવા માંડી પણ નીકળી નહિ. સોનીને બોલાવતાં વાર લાગે માટે છોક-રાએ પથ્થરવતે દાંત પાડી રેખો કહાડી લીધી. ભોગજોગે જુઠા

મોતીની કડી કાને રહી ગએલી તે અગ્નિસંસ્કાર કરતી વખત છોકરાની નજરે પડી. પંડતાની સાથેજ સળગાવેલો પુળો કહાડી નાખી કડી લેવાનો નિશ્ચય કર્યો. મશાણમાં સમાણી ક્યાંથી મળે માટે કાન તોડીને કહાડી લીધી. બાપ દીકરાનો સાચો સ્નેહ છે તે આ ઉપરથી જણાઇ આવશે.

આ ઉપરથી સાધારણ માણસને પણ એમ તો સમજાશે કે દુનિયાં કેવળ સ્વાર્થી છે. સગાઈ, સંબંધ, મિત્રાચારી અને ખુશામત એ સર્વ સ્વાર્થના અંગમાં રહેલું છે. જો સ્વાર્થ છૂટે તો બંધન કોઇનું નથી. અને બંધન છુટયું તો બધું બ્રહ્મમય ભાસે. વિચાર કરો કે કોઇ માણસ ગુજરી જાય છે તેની પાછળ જે રૂદન કરે છે તે પણ સ્વાર્થનુ છે. કોઇને એમ રડતાં જોયું છે કે મરનાર માણસ બે પૈસા મૂકીને ગયો પરંતુ કાંઇ પરમાર્થ કર્યું નથી તો તેની પરલોકમાં શી અવસ્થા થશે ? ના કોઇ નહિ. ત્યારે પોતાનું અકલ્યાણ કરી બીજાનું સુધારવું એ કેટલું અહિતકર છે તેનો વિચાર કરવો બહુ અવશ્યનો છે.

આ સંસારમાં છોકરાં, સ્ત્રી, જમાઇ, બીજાં સગાં, અને સ્નેહીઓ, એ સૌ મિથ્યા, સ્વાર્થી, અને હૈયાતીનાં સંગી છે. તેઓ પૂર્વના ઋણાનુબંધને લીધે આવી મળે છે. ઋણાનુબંધ પૂરૂં થયું કે કોઇ એક પળ ઉભું રહેતું નથી માટે એ સૌના ઉપર ખોટી મમતા રાખી મોહની જાળમાં ઝંપલાવવું અને હર્ષ શોક ધરી આયુષ્ય વ્યતીત કરવું, એ અવિદ્યા અથવા અજ્ઞાનના આવરણ શિવાય બીજું કાંઈ નથી. માટે ખરી વસ્તુ શું છે તે શોધી તેની સાથે સ્નેહ જોડવો. જો એ સ્નેહ પક્કે પાયે જોડાયો તો પછી હમેશાંનું દુઃખ દૂર થાય.

ભભૂતિ-તિલક વિગેરેનો મહિમા.

૧. માથે ભભૂતિ લગાડવાનો મહિમા એવો છે કે તમારૂં શરીર આખરે રાખ થવાનું છે, તે તમે જાણ્યા છતાં પેહેલાંથીજ તે રાખને તમો તમારા માથામાં લગાડી કેમ ધારણ કરી રાખતા નથી ? કારણ કે, આખરે એજ દશાએ પહોંચી આ સંસારની માયા છોડવી પડશે; પરાણે છોડવી પડશે તે કરતાં અત્યારથી તેનો ત્યાગ રાખીને ભસ્મ ધારણ કરો; જેથી તમારૂં કલ્યાણ થાય.

૨. લાલ રંગ વિગેરેનું જે તિલક કરવામાં આવે છે તેનો અર્થ પણ એવોજ થાય છે કે, જેમ સંન્યાસી સંસારને મૂકીને લાલ ભગવાં લુગડાં ધારણ કરે છે, તેનું કારણ પણ એ છે કે 'હમે સંસારથી મુક્ત થયા છીએ એટલે અલગ થયા છે,' તેવું સંસાર તજ્યાનું એક ચિન્હ છે, તેવીજ રીતે તિલકમાં પણ એવુંજ બતાવવાનું છે કે, હું સંસાર મૂકીને જેમ સાધુ લોકો ભગવાં કપડાં ધારણ કરે છે, તેમ હું તિલકને ધારણ કરૂં છું, તે હમેશાં યાદ રાખીશ કે, સંસારની માયા જુઠી છે, આખરે ત્યાગી થવું પડશે, માટે અત્યારથીજ ત્યાગનું નિશાન જે તિલક તે ધારણ કરીશ; જેથી ભૂલી નહિ જતાં મને હમેશાં યાદ રેહેશે કે, ઇશ્વર સત્ય અને સંસાર ખોટો છે, એમ એ લાલ નિશાનથી મન ઉપર સંસારની ક્ષણભંગુરતા દઢ થતી રહે છે.

તિલક લગાડવાથીજ આપણું કર્ત્તવ્ય પૂર્ણ થયું તેમ નથી, પણ ઉપર બતાવેલા બે દાખલાની સમજથી જો ભભૂતિ અગર

તિલક લગાડવામાં આવે તો જરૂર આપણું કલ્યાણુ થાય જ; એવું શાસ્ત્રનું પ્રમાણુ છે.

મનુષ્ય સંસારમાં રહીને સંસારથી ત્યાગી થઈ શકે છે.

સ્ત્રીને સારા સારા શૃંગાર, આભૂષણુ વિગેરે આપી તેને ખુશી રાખવી; તથા પોતાનાં છોકરાંની પણુ સારી સંભાળ રાખવી; તથા સંસારના તમામ વ્યવહાર બરાબર કરવા; તથા આપણે આધીન જેટલાં પ્રાણી હોય તેની સારી રીતે સંભાળ રાખવી; સંભાળ રાખવામાં કંઇ ખામી રાખવી નહિ પરન્તુ એ પોતાનું છે એમ સમજવું નહિ. આ તો આપણી ફરજ છે એમ સમજી વ્યવહાર કરવો; પણુ પોતાની કંઇ વસ્તુ છેજ નહિ.

પોતાનો છોકરો મરી જાય ત્યારે તમો કેમ રૂવો છો, શું એ તમારો છે ? ના, તો શા માટે રોવું જોઇએ;

તમારી સ્ત્રી અગર ભાઇ મરી જાય તો તેથી પણુ રોવું નહિ; એ સર્વે વસ્તુ પોતાની છે, તેવું ગણી વ્યવહાર કરવો નહિ; પણુ તેની સંભાળ રાખવામાં ખામી રાખવી નહિ; તથા હેત–માયા બરાબર રાખવી; પોતાની ફરજ બરાબર બજાવવી તેમાં ખામી રાખવાથી પરમેશ્વરનો ગુન્હો થાય છે, સ્ત્રીને પણુ સારા સારા શૃંગાર આપી તેની સાથે માયાથી વર્ત્તવું જોઇએ; તેમાં કચાશ રાખવી નહિ પણુ તે સર્વ પોતાની ફરજ જાણીને કરવું;

સઘળો સંસાર વ્યવહાર પોતાની ફરજ જાણીને સારી રીતે

નીતિ પ્રમાણે કરવો; પણ અંદરથી પોતાનું મન જુદું રાખવું એટલે કંઇ પણ મારૂં છે નહિ, એવું સમજીને સંસારનો વ્યવહાર ગમે તેટલો કરે તો પણ એ ગૃહસ્થ સદાએ ત્યાગી છે; એમ વેદાન્ત શાસ્ત્ર તથા મનુસ્મૃતિ વિગેરેનો સિદ્ધાન્ત છે.

સંસારથી વિરક્ત કેમ રહેવું તેનું દૃષ્ટાન્ત.

જેમ કોઈ લક્ષાધિપતિ શેઠ છે, અને તેનો એક સારો પ્રમાણિક ગુમાસ્તો છે; હવે એ શેઠના કેટલાએક રૂપિઆ વહેપારમાં રોકયા છે, અને કેટલાએક રૂપિઆ વ્યાજે ધીર્યા છે; અને કેટલાંક મકાનોનાં ભાડાં પણ આવે છે.

શેઠના મુનિમે ઘણાજ દિવસ શેઠની ગુમાસ્તી કરવાથી થોડા ઘણા પૈસા પોતાના ખાનગી ભેગા થવાથી પોતાના રૂપિ-ચામાંથી પણ કેટલાક વ્યાજે મૂકયા છે અને કેટલાંક મકાનો પણ પોતે લીધાં છે.

આવી રીતે મુનિમ પૈસાવાળો હોવાથી પોતાના રૂપિયા તથા શેઠના રૂપિયા એકજ મોટી પેઢીમાં વ્યાજે મૂકયા છે, થોડા દિવસમાં એ પેઢીવાળાને કોઈ વહેપારમાં ખોટ આવવાના કાર-ણથી જરા નરમ સ્થિતિ આવતાં સદરહુ મુનિમે પોતાના રૂપિયા તથા શેઠના રૂપિયા બંનેની ઉઘરાણી બરાબર રીતે કરીને બંનેના રૂપિયાને આંચ ના આવે એવી રીતે વસુલ કર્યા. ત્યાર પછી વરસાદની મોસમ આવવાથી અને વરસાદ જોરમાં

પડવાથી સદરહુ શેઠનાં મકાનો તથા પોતાનાં એટલે મુનિમનાં એમ બંનેનાં મકાનો પડવાથી, પોતાના મકાનોને તથા શેઠના મકાનોને દુરસ્ત કરવા સારૂં કડીઆ મજુર મોકલી બરાબર રીતે સંભાળ રાખીને બન્નેનાં મકાનો દુરસ્ત કરાવે છે;

વાંચનાર ગૃહસ્થો ! આ મુનિમના દાખલા ઉપરથી સમજવાનું છે કે,-પોતાના વ્યાજે મૂકેલા રૂપિયા ઘલાવાનું અને પોતાનાં મકાનો પડી ગએલાંનું જેટલું દુઃખ થાય તેટલું શેઠના રૂપિયા ઘલાવાનું અને ઘર પડી ગએલાંનું દુઃખ લાગતું નથી પણ પોતે નોકર છે માટે શેઠની માલમીલકતની બરાબર વ્યવસ્થા ના કરૂં તો શેઠ મને નોકરીમાંથી કાઢી મૂકે અગર શિક્ષા કરે તે બ્હીકથી કામ બરાબર બજાવે છે તેવીજ રીતે આપણે પણ આ સંસારમાં પોતાની ફરજ બજાવવા સારૂં જન્મ લીધો છે તે સદરહુ ફરજ ચૂકીએ તો પરમેશ્વર આપણને શિક્ષા કરે, માટે સંસાર વ્યવહારનાં કામ બરાબર કરવાં જોઇએ; પણ તેથી સંસારની માયામાં લીન થઇને જેમ ગાંડો માણસ પોતાનો ખરો સ્વાર્થ સમજ્યા વગર ભટકે છે, તેવું બુદ્ધિશાળી પુરૂષોએ કરવું યોગ્ય નથી. આ શરીર ક્ષણભંગુર છે. જીવવાનો ઘડીનો ભરોંસો નથી, માટે આ સંસારમાં મળેલાં સુખોની સઘળી માયા મારી છે તેમ જાણીને નહિ કરતા, પણ મારૂં કંઈ નથી, (મુનિમના દાખલાની માફક) શેઠનું ઘર પડી ગયું, તો મારૂં નથી પણ કર્યા વગર ચાલે તેમ નથી, તેવું જાણીને સઘળો સંસારનો વ્યવહાર કરે તો એ પુરૂષ સદાએ સંસારથી વિરક્ત છે.

(૯૧)

વૈરાગ્ય એટલે શું ?

ભગવાં લુગડાં પેહેરવાથી, અથવા બાયડી છોકરાં, કુટુંબ પરિવાર મૂકીને ચાલ્યા જવું અગર જંગલમાં બેસવું, અગર ધર્મશાસ્ત્રની મોટી મોટી વાતો કરવી, તથા કથા કહીને લોકોની પાસેથી દાન લેવું; તેનું નામ વૈરાગ્ય નથી.

રજોગુણ, ઇચ્છા, મોહ, સ્વાદ, માનપ્રતિષ્ઠા, દ્વેષ, ક્રોધ, એ સર્વ જેનામાંથી દૂર થાય અને જે ટાઢ–તડકો, સુખ–દુઃખ, પથ્થર અને સોનું, એ સર્વ સરખાં માને; સર્વે ઉપર સમદૃષ્ટિ રાખે, જેનામાં એ આચરણો છે તેનેજ વૈરાગ્યવાન કહેવાય.

સુખ આવે ત્યારે હરખાય નહિ અને દુઃખ આવે ત્યારે કાયર થાય નહિ; પૈસા, સ્ત્રી, ઉપર મોહ રાખે નહિ, મિત્ર તથા શત્રુ, અને જે કોઇ માન આપે તથા તિરસ્કાર કરે, એ સર્વેને સરખા જ માને તથા બધી ઇન્દ્રિયો વશમાં રાખે.

થોડો અને સાદો ખોરાક ખાય, બહુ ઉંઘે નહિ, બહુ જાગે નહિ, ઘણાં કિંમતી વસ્ત્ર પેહેરે નહિ, સોનું રૂપુ શરીર ઉપર રાખે નહિ, એકાંતવાસ કરે, સ્ત્રીસંગત કરે નહિ તથા અડકે નહિ.

ટુંકામાં કોઈ સાથે બહુ લલુતા રાખે નહિ, 'આ દુનિયાની સઘળી માયા નાશવાન છે, માટે તેના ઉપર મોહ રાખવો મિથ્યા છે, અને ઇશ્વર સત્ય છે' તેવું સમજીને ચાલે તેજ ખરો વૈરાગ્યવાન છે.

સાર ગ્રહણ કરી અસારનો ત્યાગ કરવો.

સુપડું અને ચાળણી એ બે વસ્તુઓની ક્રિયામાંથી વિવેકીએ સુપડાની ક્રિયા ગ્રહણ કરવી જોઇએ, અને ચાંળણીની ક્રિયા ત્યજવી જોઇએ, અર્થાત્ સુપડું જેમ ધૂળ ને કાંકરા આદિ અન્નમાંની અસાર વસ્તુને દૂર કરે છે, અને શુદ્ધ અન્નને ગ્રહણ કરી રાખે છે, તેમ વિવેકીએ અસાર વિચાર તથા અશુભ પ્રવૃત્તિને તજી શુભ વિચાર તથા શુભ પ્રવૃત્તિ ગ્રહણ કરવાં જોઇએ, અને ચાળણી જેમ લોટરૂપ સારભૂત વસ્તુને તજી દે છે અને ચાલણરૂપ અસાર વસ્તુને ગ્રહણ કરી રાખે છે, તેમ વિવેકીએ શુદ્ધ વિચાર અને શુદ્ધ પ્રવૃત્તિને તજીને અશુદ્ધ વિચાર ને અયોગ્ય પ્રવૃત્તિ ગ્રહણ કરવાં જોઇએ નહિ.

સારા સંસ્કારવાળા મનુષ્ય, સુપડાની ક્રિયા ગ્રહણ કરે છે. સુપડું જેમ ધૂળ, કાંકરા અને ફોતરાં આદિ ખરાબ વસ્તુ દૂર કરી શુદ્ધ અન્નનેજ ગ્રહણ કરે છે. તેવીજ રીતે હરેક વસ્તુઓ, અને બાબતોમાંથી સાર રૂપ ગ્રહણ કરી ખોટી વસ્તુને તજી દે છે.

ખરાબ, અને દુષ્ટ મનુષ્યો—ચાળણી જેમ લોટરૂપ સારભૂત વસ્તુને તજી ચાલણ રૂપ ફોતરાં, અને ભુંસો—અસાર વસ્તુને ગ્રહણ કરી રાખે છે; તેમ દુનિયાની સઘળી બાબતોમાંથી ખોટી વસ્તુઓજ ગ્રહણ કરી; સારી અને શ્રેષ્ઠ વસ્તુનો ત્યાગ કરે છે. તે તેમનો સ્વભાવજ હોય છે.

આ પુસ્તક નીચેના દરેક ઠેકાણેથી મળશે.

૧ મહારાજ શ્રી રામરૂપજ્ઞાચાર્ય.
ઠે. દરીઆપુર–લુણસાવાડા કડવા પોળ પાસે,
સત્યનારાયણના મંદિરમાં—અમદાવાદ.

૨ યસવંતરાવ દોલતરાવ બુકબાઇન્ડર.
ઠે. ઢાલગરવાડ લક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

૩ બુકસેલર–ઝવેરભાઈ ઉમેદભાઈ પટેલ.
ઠે. રીચીરોડ બાલા હનુમાન પાસે—અમદાવાદ.

૪ બુકસેલર–મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
ઠે. ત્રણ દરવાજા પાસે—અમદાવાદ.

૫ પંચાલ મંગળભાઈ જયચંદ.
ઠે. માંડવીની પોળ, ચાંદીના ફેન્સી દાગીનાની
દુકાન—અમદાવાદ.

૬ મીસ્ત્રી તુલસીદાસ હીરાચંદ પંચાલ.
ઠે. પીરમહમદશાહના રોજા પાસે—અમદાવાદ.

૭ પંચાલ મગનલાલ તીકમજી સોની.
ઠે. ધીકાંટા પોલીસ ગેટ પાસે—અમદાવાદ.

૮ કચ્છી_સોની મોરારજી કાહાનજી.
ઠે. ધીકાંટા—અમદાવાદ.

૯ બુકસેલર–દેશાઈ બ્રધર્સની કંપની.
ઠે. કતોપર દરવાજે, નંબર ૨—ભરૂચ.